# વીર નર્મદ

## કવિ નર્મદાશંકરની પ્રથમ શતાબ્દી પ્રસંગની સ્મારકગ્રંથિકા

લેખક

**વિશ્વનાથ મગનલાલ ભટ્ટ**



'વીર સત્ય ને રસિક ટેકીપણું અરિ પણ ગાશે દિલથી.'

પ્રકાશક

**ગૂજરાત સાહિત્ય સભા અમદાવાદ**

પ્રકાશક

પ્રાણલાલ કીરપારામ દેસાઇ

ચૈતન્યપ્રસાદ મોતીલાલ દીવાનજી

પ્રાણજીવન વિશ્વનાથ પાઠક

મંત્રીઓ, ગુજરાત સાહિત્ય સભા

વલ્કન ઇન્સ્યુરન્સ કંપનીની ઑફિસ

ગાંધીરોડ અમદાવાદ

કિંમત ૧ રૂપિયો

ચીમનલાલ મંગળદાસ
ગ્રંથાલય
૧૨,૮૮૮
ગુજરાતી સાહિત્ય પરિષદ

મુદ્રક · બચુભાઇ પોપટભાઇ રાવત કુમાર પ્રિન્ટરી, રાયપુર, અમદાવાદ.

# બે બોલ

આ નાનું પુસ્તક નર્મદ શતાબ્દી દિને ગુજરાતની જનતા સમક્ષ ધરતાં ગુજરાત સાહિત્ય સભા પોતાને ધન્ય માને છે.

તે વીર નરનાં પ્રેમ અને શૌર્યની છોળોથી ઉછળતા જીવનનું આ એક માત્ર સંભારણું છે.

તેણે જે જાતનું જીવન જીવી બતાવ્યું અને ગુજરાતની જે અનન્ય ભાવે સેવા કરી તેનું થોડું પણ યથાર્થ દર્શન જો આ પુસ્તક કરાવે તો ગુજરાત સાહિત્ય સભા પોતાના આ કાર્યનો હેતુ સફળ થયો ગણશે.

આ કાર્યને પૂરું પાડવામાં જેમણે જેમણે મદદ કરી છે તેમનાં નામ જુદાંજુદાં ન ગણાવતાં તે સર્વનો હાર્દિક ઉપકાર અમે સભા તરફથી માનીએ છીએ.

**પ્રાણલાલ કીરપારામ દેસાઈ**
**ચૈતન્યપ્રસાદ મોતીલાલ દીવાનજી**
**પ્રાણજીવન વિશ્વનાથ પાઠક**
મંત્રીઓ

તા ૨૪-૮-૩૩

ગુજરાત સાહિત્ય સભા

# નિવેદન

ગયા ઉનાળાની એક સવારે શાળામાંથી આવી ટપાલ ખોલતાં અણધાર્યો હુકમ મળ્યો કે નર્મદશતાબ્દી માટે એક ચોપડી તૈયાર કરી આપવી. સમય ખૂબ થોડો હતો ને સાધનોની ખૂબ મુશ્કેલી હતી, તેથી કામ સ્વીકારવાની સ્હેજે હિંમત ચાલે એવું નહોતું. પણ બીજી બાજૂ હુકમ એવા મમત્વભર્યા શબ્દોમાં કરવામાં આવ્યો હતો કે ઝંપલાવ્યા સિવાય પણ છૂટકો નહોતો. એ રીતે કરેલા સ્વીકારનું જે પરિણામ તે આ સાથેનાં થોડાં પ્રકરણો.

મુદતબંધી કામમાં લેખકને પોતાના કામથી પૂરો સંતોષ ભાગ્યે જ મળે છે. એને સાચુંખોટું પણ મનમાં રહી જાય છે કે સમય વધારે હોત તો વિષયને વધારે સારો ન્યાય આપી શકાત. આંહીં પણ એવું જ થયું છે. સ્થળ સમયની તંગીને લીધે નર્મદજીવનનાં કેટલાંક અંગોને અત્યંત ત્વરાથી છેક અછડતો ઉલ્લેખ કરીને જ આંહીં સમેટી લેવાં પડ્યાં છે. પણ સાઠ પાનાંની મર્યાદા બાંધી હતી તેનાં બમણાં થઈ ગયાં ને રા. બચુભાઈ રાવતની બૂમો પર બૂમો—અલબત્ત સર્વથા સકારણ બૂમો—આવવા લાગી ત્યાંસુધી લખ્યા કર્યું, છતાં એવું થાય ત્યાં શો ઉપાય? વિષય જ એટલો વ્યાપક છે કે બે વરસ ને ચારસો પૃષ્ઠ લ્યો તો ય પૂરતો સંતોષ ભાગ્યે જ થાય. આંહીં તો આશ્વાસન એટલું જ છે કે નર્મદના ગદ્યપદ્યસંગ્રહમાંથી દોહન કરવાનું કામ આ સાહિત્યસભાએ જ સોંપ્યું છે, એટલે આંહીં રહી ગએલી બાબતો તેના ઉપોદ્‌ઘાતમાં જરા નિરાંતે વિસ્તારથી ચર્ચી શકાશે.

ઉપર કહ્યું તેમ આ કામ સ્વીકારતી વખતે સાધનોની ભારે મુશ્કેલી લાગેલી. પણ રા. ભાઈ વિજયરાયે સાહિત્યસેવકગણના અમારા કાર્ય નિમિત્તે નર્મદની 'મારી હકીકત' વગેરે સામગ્રી સંપડાવેલી તે આ કામ પોતાનું ગણી અભેદભાવે વાપરવા આપી, એટલે આ ગ્રંથિકા કંઈક તાજી દૃષ્ટિથી લખવાનું શક્ય બન્યું છે. એ રીતે એમનો આ પ્રયાસ પર મોટો

ઉપકાર છે. વસ્તુતઃ આ પ્રયાસ પણ સાહિત્યસેવકગણને અંગે તૈયાર કરવા માંડેલી 'નર્મદયુગનું વાઙ્મય' નામની લેખમાળાના એક મણકા જેવો જ ગણવાનો છે, અને નર્મદની સાહિત્યસેવાના સંબંધમાં હજુ ઘણું કહેવાનું બાકી રહે છે તે ઉપર્યુક્ત ઉપોદ્‌ઘાતમાં નહિ સમાય તેટલું એ લેખમાળામાં જ પૂર્તિરૂપે યોગ્ય આકારમાં અનુકૂળતાએ આવશે.

જેને મૂળથી પૂજતો આવ્યો છું એવા વીર નર્મદને આજે આ ફૂલ નહિ તો ફૂલની પાંખડી જેવો અર્ઘ્ય આપવાની તક આપવા બદલ ગુજરાત સાહિત્યસભાનો તેમ રા. ચૈતન્યપ્રસાદ દીવાનજીનો પણ આભાર માનું છું.

ભાવનગર
શીળી સાતમ '૮૯

વિશ્વનાથ મગનલાલ ભટ્ટ

# અનુક્રમ

પ્રકરણ


૧ જૂનો ને નવો જમાનો

૨ જીવનરેખા : થોડાંક દૃશ્યો

૩ યૌવનમૂર્તિ

૪ જીવનભરનો જોડો

૫ કવિતા

૬ યુગપુરુષ

## પ્રકરણ પહેલું

# જૂનો ને નવો જમાનો

ઘોર અંધારી રાત જામી છે. ચોમાસાનાં ઘાડાં વાદળાં થર પર થર લગાવીને આખા આકાશમાં પથરાઈ રહ્યાં છે ને તારાના ઝાંખા પ્રકાશને પણ આવરી રહ્યાં છે. દેશમાં હજુ સુધરાઈ દાખલ થઈ નથી, એટલે સરિયામ રસ્તા પર પણ રોશનીનું નામ નથી. રસ્તા પણ કાચા ને ખાડાખડિયાવાળા છે. સૂરતશહેરના આવા રસ્તા પર થઇને એક કિશોર હાથમાં ફાનસ લઇને ઝડપભેર ચાલ્યો જાય છે. વાતાવરણમાં બધે ભૂતપ્રેતના ભણકારા વાગી રહ્યા છે, એટલે દેખીતી હિંમત ધારણ કરેલી હોવા છતાં એનું હૈયું થડક થડક થઈ રહ્યું છે, ને જેમતેમ કરીને હેમખેમ ઘેર પહોંચવાની ઇચ્છા એનાં ત્વરિત પગલાંમાં દેખાઇ આવે છે. એવામાં પાછળથી અવાજ સંભળાય છે: 'જરા ઊભા રહો તો!' કોઇ સ્ત્રી જેવું લાગે છે. કિશોર ચમકે છે. એનો જીવ તાળવે ચોંટી જાય છે. 'માર્યા! કોઈ ડાકણ થએલી સુવાવડી જ મળી!' ગાત્ર શિથિલ થઈ જાય છે. બળાત્કારે હામ ભીડીને મનમાં ગાયત્રીમંત્ર જપતો તે અવાજની દિશામાં જાય છે. ત્યાં તો ઓટલા પર એક યુવતી સોડમાં કોડિયું લઇને ઊભી છે. 'મારું કોડિયું હોલવાઈ ગયું છે. જરા સળગાવી દોને તમારા ફાનસે.' બાઈની સોડની આડશે ઊભો રહી કિશોર પોતાનું ફાનસ ખોલે છે ને તેનું કોડિયું સળગાવી આપે છે. એવામાં ક્યાંયે નહોતો ત્યાંથી એકાએક પવનનો સપાટો આવે છે ને બન્નેના દીવા ગુલ થઈ જાય છે. અત્યાર સુધી માંડ માંડ હિંમત ધરી ઊભેલો કિશોર હવે છળી ઊઠે છે ને જીવ લઇને નાસી જાય છે.[1]

---

૧ રા. **વિનાયક મહેતા: 'નંદશંકરજીવનચિત્ર'**, પૃ. ૨૮–૯.

આજે અતિ સામાન્ય થઈ ગએલી દીવાસળી દેશમાં દાખલ નહોતી થઈ તે જમાનાનું આ દૃશ્ય.

એક બીજું દૃશ્ય જુઓ. નર્મદા નદી પરનો નવો પુલ તૈયાર થઈ ગયો છે. આવો પુલ બાંધી રેવામાને કોઈ અભડાવે એ લોકોને મંજૂર નથી, એટલે એમણે જબરો વિરોધ કર્યો છે. પણ આ નાસ્તિક સરકાર આગળ એમનું કંઈ ચાલ્યું નથી. શરૂઆતનો પહેલો જ દિવસ છે. ધમ ધમ કરતી ગાડી પુલ પરથી ચાલી આવે છે. હજારો માણસોની ગંજાવર મેદની એ જોવાને મળી છે. એવામાં એકાએક એંજિન અધવચ અટકી પડે છે. આ જોઈ લોકો મોટો હર્ષનાદ કરી મૂકે છે. 'હાશ! રેવામાનું સત રહ્યું ખરું!' પણ ત્યાં તો એમના હર્ષનાદને પણ દાબી દે એવો પ્રચંડ વિજયનાદ સામેથી સંભળાય છે. અટકી પડેલું એંજિન એકદમ સરસરાટ ચાલવા માંડે છે ને લોકો ઊભાં હતાં ત્યાં ગર્વભેર આવી પહોંચે છે. તેમને હવે પોતાનો મત બદલવો પડે છે. 'આ તો કોઈ દેવ છે! ચાલો આપણે એની પૂજા કરીએ!' પળવાર પહેલાં જે રેવામાતાની પવિત્રતાને અભડાવનારો રાક્ષસ ગણાયો હતો તે હવે પોતાની સફળતાથી દેવ બની જાય છે. લોકો તેને વંદન કરે છે. કેટલાંક તેને ફૂલ ચડાવે છે, કેટલાંક તેને કંકુના ચાંલ્લા કરે છે, તો કેટલાંક વળી બજારમાંથી શ્રીફળ લાવી તેની આગળ મૂકે છે![૨]

નર્મદજન્મસમયનાં આ બન્ને દૃશ્યો—કલ્પી કાઢેલાં નહિ પણ ખરેખર બનેલા બનાવનાં ચિત્રો—સાનમાં ઘણું સમજાવી દે એવાં–એ જમાનાનું સાચું સ્વરૂપ સૂચવી દે એવાં—છે. દેશમાં એ વખતે દીવાસળી નહોતી એટલું જ નહિ, પણ દેશની દુર્દશા બતાવે એવી જ્ઞાનદીવાસળી પણ એ વખતે નહોતી. એ દીવાસળી એક પરદેશી પ્રજાએ આપી, ને તેના ઘસારામાત્રથી પાર વિનાની અવ્યવસ્થાથી ભરપૂર એવું આખું દૃશ્ય એકાએક પ્રકટ થઇ ગયું! લોકો અત્યાર સુધી ચકમકથી કે ગંધકના

૨ Mary Carpenter: 'Six Months in India' (1868) I, 27-8.

બરૂથી પોતાનાં કોડિયાં પેટાવી એના આછા અજવાળામાં પોતાનું જીવન જેમતેમ ગુજારતાં હતાં ત્યાં તો એચિંતો ઝળહળતો જ્ઞાનપ્રકાશ આવ્યો તેણે પોતાના ઘરની સઘળી અંધાધૂંધીનું પળવારમાં ભાન કરાવી દીધું. 'અરેરે! આપણે બધાં આવી કંગાળ પામર દશામાં જીવન વીતાવી રહ્યાં છીએ? આ તે કંઈ જીવન છે? ચાલો, ચાલો, આપણી આ નામોશી આપણે દૂર કરીએ. જીવનમાં કંઈક ઠીકઠાક કરીએ. માણસની કંઈક હારમાં આવીએ. સાવ આમ ને આમ તે શે જીવાય?'—આ પ્રકારની લાગણી એણે પ્રજાના ચિત્તમાં પેદા કરી. પોતાની અધમાવસ્થાનું ભાન કરાવી, એક પ્રકારનો દૈવી અસંતોષ જન્માવી, ઉચ્ચ જીવન પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા આ નવી જ્ઞાનદીવાસળીએ લોકહૃદયમાં ચેતાવી. આગગાડી-વાળું બીજું દૃશ્ય પણ આવું જ સૂચક છે. વિજાતીય સંસ્કારનો ધસારો ઍંજિનની જેમ આપણી ભણી આવી રહ્યો છે. પ્રજાને તે રુચતો નથી. તે શ્રદ્ધા રાખે છે કે સૈકાઓથી પોતે જેને પૂજી છે તે પોતાની સંસ્કૃતિ જ પોતાના અલૌકિક બળ વડે આ નવા સંસ્કારને થંભાવી દેશે. ઘડીભર એમની શ્રદ્ધા ફળતી પણ લાગે છે. એમના મુખ પર ક્ષણવાર વિજયનો ઉલ્લાસ પણ સ્ફુરે છે. પણ ત્યાં તો જબરા હર્ષનાદ સાથે તે ધસ્યો આવે છે. ધસારો હજુ ચાલુ જ છે. ઍંજિનની પેઠે અંતિમ વિજય શું એ ધસ્યા આવતા પરસંસ્કારનો જ થશે? શું આપણે દીન બનીને એને વંદન કરવાનું જ રહેશે? ભાવિ નિર્માણ શું હશે એ કોણ કહી શકે? પણ એ પરસંસ્કારના ધસારાથી આપણા દેશમાં ભયંકર સંઘર્ષણ ઉત્પન્ન થયું છે ને લાંબા સમય સુધી તે ચાલવાનું છે એ તો આજની ઘડીએ પણ સ્પષ્ટ છે.

અંગ્રેજોના આગમનથી અને એમનાં સાહિત્યસંસ્કૃતિના સમાગમથી આપણે ત્યાં જે નવયુગ શરૂ થયો છે તેને કેટલાક કેવળ સુખથી ભરપૂર એવા સુવર્ણયુગ તરીકે ઓળખાવવા યત્ન કરે છે, તો કેટલાક વળી કેવળ દુઃખથી—નિર્ધનતા, પરાધીનતા, નીતિશિથિલતા આદિ અનેક અનર્થોમાંથી પરિણમતાં દુઃખથી—ભરપૂર કથીરયુગ તરીકે ઓળખાવવા યત્ન કરે છે. પણ ખરી રીતે નથી તે કેવળ સુખપૂર્ણ સુવર્ણયુગ કે નથી તે કેવળ

દુ:ખપૂર્ણ કથીરયુગ. ખરી રીતે તો તે છે કેવળ મંથનયુગ, વલોવાટની વ્યથાનો તેમ માખણની મીઠાશનો ઉભયનો એકીસાથે અનુભવ કરાવતો એવો ઉગ્ર મંથનયુગ. ભારતનો ઇતિહાસ વિશાળ છે, પણ સંસ્કૃતિઓનું આવું જબરૂં સંઘટ્ટન એણે જવલ્લે જ જોયું હશે. આ સંઘટ્ટને એના જીવનના ક્ષેત્રેક્ષેત્રમાં ક્ષોભ પ્રગટાવ્યો છે, ને એના અંગેઅંગમાં ઉથલ-પાથલ આદરી દીધી છે. પુરાણકીર્તિત સાગરમંથને જેમ વિષ ને અમૃત બન્ને આપ્યાં હતાં, તેમ આ નવયુગે શરૂ કરેલા જીવનસાગરના મંથને પણ ઇષ્ટાનિષ્ટ બન્ને પ્રકારની વસ્તુઓ આપવા માંડી છે. ઉદાહરણ તરીકે એણે આણેલી જ્ઞાનદીવાસળીએ વર્તમાન જીવનની પામરતાનું જ્ઞાન આપ્યું. તે પામરતા દૂર કરવાની પ્રેરણા કરી ઉત્સાહ આપ્યો, પણ સાથે સાથે તે પામરતાનાં દર્શનનો ક્લેશ ને સતત યત્ને પણ તે ટાળી ન ટળતાં જન્મતો સંતાપ એ પણ એણે આપણને આપ્યા છે. અલબત્ત, આ ક્લેશ ને સંતાપ અનિવાર્ય છે તથા એકંદરે ઉન્નતિપ્રેરક ને તેથી હિતાવહ છે, છતાં આ નવયુગની એ પણ એક અવિસ્મરણીય બાજૂ છે એ વાત હવે આપણને દિને દિને વધુ વધુ સ્પષ્ટ થતી જાય છે. આજ સુધી આપણે નવા જમાનાને શાન્તિનો જમાનો માનતાં હતાં, પણ હવે આપણને પ્રતીત થવા લાગ્યું છે કે આ જમાનાની શાન્તિ એ કેવળ બાહ્ય શાન્તિ જ છે, ને અંતરમાં તો એણે એવી તીવ્ર અશાન્તિ ઉપજાવી છે કે જેવી ભૂતકાળમાં કોઇ પણ જમાનાએ ન ઉપજાવી હોય. સંસારમાં સર્વત્ર એણે મૂલ્યપરિવર્તન કરવા માંડ્યું છે. જૂના આદર્શોની અંદરની શ્રદ્ધા એણે ઉઠાડી મૂકી છે, પણ નવા આદર્શોની અંદર હજુ અવિચળ શ્રદ્ધા એ બેસાડી શકેલ નથી; એટલે જ્યાંત્યાં વિલક્ષણ વ્યામોહ નજરે પડે છે.[3] માનવીનું જ્ઞાન જાણે સહદેવના 'અતિજ્ઞાન'ની પેઠે એને પજ-

---

3 આ લખ્યા પછી **એચ.જી. વેલ્સનું** 'What are We to do with Our Lives?' હાથમાં આવ્યું. એમાંના થોડા શબ્દો આ વાતના સમર્થનમાં ઉતારવા જેવા છે:—

(1) We are coming to see more and more plainly that certain established traditions which have made up the frame of human

વવાને જ મળ્યું હોય, એનું ચિત્ત, મૅથ્યુ આર્નૉલ્ડ કહે છે તેમ, જાણે દેવોએ એની મશ્કરી કરવા જ આપ્યું હોય,[૪] તેમ પ્રાચીન ને અર્વાચીન કે પૂર્વ ને પશ્ચિમના સમન્યયમાં એ વારંવાર ઊંડા વમળમાં પડી જાય છે

---

relationships for ages are not merely no longer as convenient as they were, but are positively injurious and dangerous. And yet at present we do not know how to shake off these traditions, these habits of social behaviour which rule us. Still less are we able to state, and still less bring into operation, the new conceptions of conduct and obligation that must replace them.—p. 6

(2) Though none of us are yet clear as to the precise way in which this great change-over is to be effected, there is a world-wide feeling now that a change-over or a vast catastrophe is before us. Increasing multitudes participate in that uneasy sense of insecure transition. In the course of one lifetime mankind has passed from a state of affairs that seems to us now to have been slow, dull, ill-provided and limited, but at least picturesque and tranquil-minded, to a new phase of excitement, provocation, menace, urgency and actual or potential distresses. Our lives are part of one another. We can not get away from it. We are items in a social mass. What are we to do with our lives?—pp. 8-9.

૪ (1) The wit and counsel of man was never clear,
Troubles confuse the little wit he has.
Mind is a light which the Gods mock us with,
To lead those false who trust it.

(2) The Gods laugh in their sleeve
To watch man doubt and fear,
Who knows not what to believe
Where he sees nothing clear
And dares stamp nothing false where he finds nothing sure.

અને એની બુદ્ધિ લથડિયાં લે છે. નવા યુગના આરંભથી જ આપણી પ્રજાનું ચિત્ત જાણે ચકડોળે ચડયું છે. ઉકેલ્યા ઉકલે નહિ એવા અસંખ્ય જટિલ પ્રશ્નો એને નવા સૈકાથી મૂંઝવી રહ્યા છે. જાણે પ્રજા-બુદ્ધિને બરાબર કસવા જ યોજ્યા હોય એવા અનેક કોયડા એની આગળ નિરાકરણ માગતા ઊભા છે. પરંપરાગત આચારવિચારો અને નવી ભાવનાઓ વચ્ચે સખત અથડામણી શરૂ થઈ ગઈ છે. કોઈ દહાડો પણ શમશે કે નહિ એની શંકા કરાવતો પૂર્વ પશ્ચિમનો ઝગડો અવિરતરીતે ચાલી રહ્યો છે. ગીતામાં અર્જુન ભયંકર સંહાર મચાવી રહેલા વિશ્વરૂપ-દર્શનથી અકળાઈ ઊઠ્યો હતો. આજના ભારતવાસીની દશા પણ ઘણે ભાગે એ અર્જુન જેવી જ છે. નવા જમાનાએ પોતાની સમક્ષ લાવી મૂકેલા અસંખ્ય યક્ષપ્રશ્નો, દેશની પારાવાર દુર્દશા ને એ દુર્દશા દૂર કરવાને થતા પ્રયાસોની અકિંચિત્કરતા દેખીને એ પણ અર્જુનની પેઠે અકળાઇ જાય ને લાચાર બની સર્વાન્તર્યામીને સંબોધી ઊઠે કે 'प्रसीद देवेश जगन्निवास' તો એમાં નવાઈ નથી. આવી રીતે તીવ્ર યાતનાઓ વડે સૌને સતત રીતે દમ્યા કરે એવું ઉગ્ર મંથન એ જ અંગ્રેજોના સંપર્કે આપણે ત્યાં શરૂ કરેલા નવયુગનું સાચું સ્વરૂપ છે.

દેશભરમાં સો સવાસો વરસથી મંડાએલા આવા મંથનનો ગુજરાતી અવતાર તે નર્મદ. આ મંથનયુગની નાનકડી આવૃત્તિ જ જાણે હોય નહિ એમ એનું જીવન એનાં શુભાશુભ સર્વ તત્ત્વોને પોતામાં સાકાર કરે છે. એનાં ઉત્સાહ ને જોમ, ચાંચલ્ય ને તેજ, અહંતા ને ઉચ્છૃંખલતા, ક્ષોભ ને વલોવાટ, વિષાદ ને વ્યામોહ એ સૌનું મૂર્ત સ્વરૂપ તે જ નર્મદનું જીવન. એ શરૂ થયું તે પહેલાંની તેમ તે અરસાની યુગસ્થિતિનું આછું દિગ્દર્શન કરી લઇએ તો એ જીવન ને તેનું કાર્ય સમજવું સરળ બનશે.

## ૨

નર્મદજન્મસમયનો જમાનો એટલે જડતા, અજ્ઞાન, વહેમ, અંધ-શ્રદ્ધા ને ભીરુતાનો જમાનો. એ જમાનામાં લોકો કેટલાં બધાં અજ્ઞાન,

વહેમી, ને ડરપોક હતાં એનું એક જ દૃષ્ટાંત બસ થશે. એકવાર કાશીના કોઈ બ્રાહ્મણે મહાદેવના દહેરામાં પત્ર મૂકેલો ને તેમાં જણાવેલું કે એક વરસ પછીની વસંતપંચમીને દિવસે આખી પૃથ્વીનો પ્રલય થવાનો અને એકેએક મનુષ્ય તેમાં મરી જવાનું. આ પત્રનો પ્રચાર કરે તેને મહદ પુણ્ય મળે એમ તેમાં લખેલું, એટલે જે કોઈના હાથમાં તે આવતો એ તેની નકલ કરી લઇ પોતાના પડોશીઓમાં ફેલાવતો અને એ રીતે તાર-ટપાલ વિનાના એ દિવસોમાં પણ એ કાગળ આખા હિંદમાં સર્વત્ર જાણીતો થઇ ગએલો. આખું ગુજરાત તો એથી હબકી જ ગએલું ને પત્રમાં જણાવેલો વસંતપંચમીનો દિવસ આવ્યો એટલે જાણે ખરેખર મરી જ જવાનાં હોય એવી રીતે સર્વ પ્રકારની અંતિમ તૈયારી કરીને લોકો એ સાર્વત્રિક મૃત્યુની વાટ જોતાં બેઠેલાં.[૫] ભારે આશ્ચર્યકારક બનાવ નથી લાગતો તમને આ? જીવનમરણ જેવી પરમ ગંભીર બાબતમાં પણ સૈકા પહેલાંનાં માણસો કેટલાં બધાં મૂઢ હતાં? આવડા મોટા દેશમાં કોઇ વિચાર સરખો કરતું નથી કે સાર્વજનિક મૃત્યુ તે આમ શી રીતે સંભવે? હજારો માણસોના હાથમાં થઇને એ પત્ર પસાર થએલો, છતાં કોઇને પ્રશ્ન સરખો થયો નથી કે વસંતપંચમીને દિવસે જગતનો પ્રલય થવાનો એમ માની લેવું તે શા આધારે? કોઇ અજાણ્યા બ્રાહ્મણે કહ્યું એટલા જ ઉપરથી સૌ ખરેખર મરી જવાનાં એમ વગર શંકાએ સ્વીકારી લે અને જણાવેલા દિવસે તેની તૈયારી કરીને બેસે—આવી દેખીતી જ મૂર્ખાઈભરેલી વાતમાં પણ કોઇ વિરોધનો સૂર સરખો ન કાઢે ને અંધ-પરંપરાથી આવી અકલ્પ્ય વાત પણ માની બેસે—એ આ આખા દેશની બુદ્ધિનું કેવું દેવાળું સૂચવે છે? સમગ્ર પ્રજાની કેવી બીકણ મનોદશા તેમાં વ્યક્ત થાય છે? અને બધાં લોકોની કેટલી પારાવાર નિર્બળતા તેમાં પુરવાર થાય છે?

દેશની તત્કાલીન સમાજસ્થિતિ જોવી છે? જુઓ, આ એક બાજૂ

૫ મહીપતરામઃ 'દુર્ગારામચરિત્ર', પૃ. ૨૫–૭.

વૈષ્ણવ મંદિરમાં આચાર્યજી મહાપ્રભુ સ્વયં કૃષ્ણ ભગવાન બનીને પારણામાં ઝૂલી રહ્યા છે ને ભાવિક સ્ત્રીઓ તેમને હીંચોળી રહી છે. શરત્પૂર્ણિમાને દિવસે તેઓ પોતે કૃષ્ણજીનું રૂપ ધારણ કરી જોબનવંતી સ્ત્રીઓ સાથે રાસલીલા ખેલી રહ્યા છે, જરકસી જામો ને મોરમુગટ પહેરી વેણુનાદ કરી મુંબઇ નગરીની નારીઓને વિહ્વલ બનાવી રહ્યા છે, ને દિવાળીના દિવસોમાં પ્રભુને સ્થાને પોતે જ પોતાના પુત્રપરિવાર સહિત સિંહાસને બિરાજી અન્નકૂટની સ્વાદિષ્ટ વાનીઓ જુવાન ભાટિયાણીઓને હાથે આરોગી રહ્યા છે.[૬] બીજી બાજૂ, આ પાંચેક વરસનો બાળક, પંડ કરતાં પણ મોટી પાઘડી પહેરીને, આંખમાં કાજળના લપ્પા કરીને વરરાજાના વેશમાં મહાલે છે, પણ રાત પડતાં નિત્યક્રમાનુસાર એ તો નિદ્રાવશ થાય છે, ને એની માતા એને કાખમાં ઘાલી સપ્તપદીના ફેરા ફરી લગ્નવિધિની પૂર્ણાહુતિ કરે છે. એવામાં એ 'બકરીબાઇનો બેટડો' ઝબકીને જાગી ઊઠે છે, ને આસપાસનો વિચિત્ર ઠાઠ નિરખી આંખો ચોળતો ચોળતો બોલી ઊઠે છે: 'બા, તું મને આંહીં ક્યાં લાવી?' તો આંહીં વળી એક જુવાન સ્ત્રી, પોતે ક્યારે પરણી તેનું પણ જેને સ્મરણ નથી એવી, અનાથ દશામાં દુ:ખ રડતી ઊભી છે, ને એ તો જાણે સર્વથા સ્વાભાવિક જ વસ્તુ હોય તેમ તેના તરફ નજર સરખી નાખ્યા વગર સૌ એના આગળથી ચાલ્યું જાય છે. નવી કેળવણીનો પ્રકાશ પામેલા એક વિદ્યાર્થીને કંઇક લાગણી થાય છે ને પોતાની એ લાગણી વિધવાવિવાહ વિશેના નિબંધમાં ઘરને ખૂણે બેસી જરાક નોંધવા જાય છે ત્યાં તેની પાલક કાકીને એ વાતની ખબર પડતાં એ કુળાંગારને તે ઘરબહાર કાઢી મૂકે છે; કેમકે પુનર્વિવાહની હિમાયત કરવા કોઇ નીકળે તો એ બેઠો હોય ત્યાં એના ગયા પછી લોકો ચોકો કરી નાખે એવી સખત તિરસ્કારવૃત્તિથી સૌ તેના તરફ જુએ છે. આંહીં વળી એક બાઇને ઝોડ વળગ્યું છે તેના આવેશમાં એ ધૂણી રહી છે, ને એક ભૂવો, સમસ્ત

૬ 'આર્યધર્મપ્રકાશ', પુ. ૧, ભાદ્રપદ, પૃ. ૨૮૮.

પ્રેતસૃષ્ટિનો સરદાર હોય એવા રૂઆબથી તેના પર અડદના દાણા છાંટી રહ્યો છે. એવામાં એક વિચક્ષણ જુવાન આવીને તેની સામે પડકાર કરે છે કે 'તારું આ બધું ધતીંગ છે, માટે ગમે તો એ છોડી દે ને નહિ તો તારા મંત્રજંત્ર ને જાદૂ અમારી સમક્ષ આવી પુરવાર કરી આપ.' જાદૂગર ઘડીભર તો તેની સામે ટક્કર ઝીલવા મથે છે, પણ સીધી રીતે ન ફાવતાં પોતાના ધંધાભાઇઓને એકઠા કરી બસોક માણસોનું ટોળું જમાવી જબરી ફીકિયારી કરી તે જુવાન પર તૂટી પડે છે. આ તરફ એક સાહસિક પુરુષ વિદેશ જઇને વિદ્યાપ્રાપ્તિ કરી આવ્યો છે તેને, જાણે એણે ઘોર પાપ કર્યું હોય તેમ, ગુજરાતની સર્વોત્તમ જ્ઞાતિ કહી રહી છે કે 'એક વાર તું શેર સીસાનો ધગધગતો રસ પીને આવ, પછી અમે તને જ્ઞાતિમાં દાખલ કરીશું.' એક બીજી જ્ઞાતિ વળી આવું વિદેશગમન કરી આવેલા એક બીજા નરવીરને પડખે ઘડીભર લાગવગને જોરે ઊભી રહે છે તો એ આખી જ્ઞાતિનો બહિષ્કાર થાય છે, ને તેમાંના સૌ મૂછો મૂંડાવી ગૌમૂત્ર ને છાણથી પવિત્ર થઇ પ્રાયશ્ચિત્ત કરે છે ત્યારે જ તેનો 'ડુપ્પાક લાડુ'નો વહેવાર પાછો શરૂ થાય છે. આમ, સમાજમાં જ્યાં જુઓ ત્યાં અજ્ઞાન, વહેમ, નિર્બળતા ને જડતા વ્યાપી ગયાં છે ને નવા યુગના તીવ્ર મંથનને નોતરી રહ્યાં છે.

જ્ઞાનવિષયમાં પણ એવાં જ વહેમ, જડતા ને કૂપમંડૂકતા જોવામાં આવે છે. દૃષ્ટિ અત્યંત સંકુચિત છે. પોતાની નાતની બહાર કોઇની નજર જ જતી નથી. દેશના સ્વરૂપનો પણ ખ્યાલ નથી, ત્યાં દેશના અભિમાનની તો વાત જ શી કરવી? ભૂગોળનું કોઇને ભાન સરખું નથી. પુરાણોમાં નવ ખંડ ગણાવ્યા છે તેને જ અંધશ્રદ્ધાથી સૌ વળગી રહ્યું છે. નવી નિશાળો ઊઘડી તેમાં સાચી ભૂગોળ શીખવવાનું દાખલ થયું, પણ એ ભૂગોળ પર ખુદ શીખવનારનો જ વિશ્વાસ બેસતો નથી. મહેતાજી નિયમ તરીકે શીખવવું જોઇએ માટે જાહેરમાં શીખવે છે કે પૃથ્વી ગોળ છે ને તે ફરે છે, પણ ખાનગીમાં તો નિશાળિયાઓને કહે છે કે 'એ તો સાહેબ પરીક્ષા લેવા આવે ત્યારે બોલવા માટે યાદ રાખવાનું છે, બાકી ખરી રીતે તો પૃથ્વી ગોળ નથી તેમ ફરતી પણ નથી જ, નહિ તો

આપણાં બધાંનાં ઘર પડી જ જાય.[૭] ને પૃથ્વીના ખંડ ચાર જ નહિ, પણ શાસ્ત્રમાં કહ્યા તેમ નવ છે.'[૮] **ચીન વિલાયત**નાં નામ લોકો જાણે છે, પણ ઠામની કોઇને ખબર નથી. એ બંને દેશો ક્યાંક પાસેપાસે આવ્યા છે એમ સૌ માને છે એટલે પૂછે છે કે 'હેં ભલા, આંહીંથી નીકળીએ તો પહેલાં **ચીન** આવે કે **વિલાત**?'[૯] **ચીન વિલાયત**ની વાત દૂર રાખીએ તોપણ ખુદ **હિંદ**નાં જ મુખ્ય મુખ્ય સ્થળોની પણ કોઇને પૂરી ખબર નથી. અરે, **હિંદ**ની શું, **ગુજરાત**ની ભૂગોળ પણ જાણતા નથી. **નર્મદ**ને **ચૂડારાણપુર** જવું હતું તે **ભાવનગર**થી દસબાર ગાઉ દૂર હશે એમ ધારી **સૂરત**થી એ **ભાવનગર** આવે છે, પણ ત્યાં આવીને તપાસ કરતાં માલૂમ પડે છે કે ત્યાંથી તો તે ધાર્યા કરતાં ત્રણચાર ગણું દૂર છે! એ યુગની કૂપમંડૂકતાનું આ ઉત્તમ ઉદાહરણ છે. એ વખતના **અંગ્રેજ** અમલદારો પણ દેશીઓની આ કૂપમંડૂક વૃત્તિથી એટલા બધા જાણીતા હતા કે એક વાર એક **અંગ્રેજ** કલેક્ટરે હાઇસ્કૂલની પરીક્ષા લેવા માંડી તે વખતે હેડ-માસ્તરે વ્યાકરણ ને ભૂગોળના સવાલો વિદ્યાર્થીઓને પૂછવા તેને વિનંતિ કરી, એટલે એ નાકનું ટેરવું ચડાવી બોલી ઊઠેલો 'What! Grammar and Geography to the blacks!'[૧૦]

છેલ્લે, ભાષાસાહિત્યની સ્થિતિ પણ કોઇ રીતે સંતોષકારક ગણાય એવી નથી. **ગુજરાતી** ભાષાને હજુ અભ્યાસપાત્ર જ કોઇ ગણતું નથી. અભ્યાસ થાય છે તો **વ્રજ**, **સંસ્કૃત** કે **ફારસી** ભાષાનો જ થાય છે. ગામઠી શાળાઓ ચાલે છે તેમાં બોડિયા અક્ષરે કાગળ લખવા જેટલું જ્ઞાન માંડ ગુજરાતી ભાષાનું મળે છે. નવી કેળવણી શરૂ થયા પછી પણ કેટલાં ય વરસો સુધી ગુજરાતી કવિતાને શિક્ષણમાં સ્થાન નથી મળતું.

---

૭ **મહીપતરામ**: 'દુર્ગારામચરિત્ર', પૃ. ૮.

૮ દી. બ. **કૃષ્ણલાલ ઝવેરી**: 'જૂની વાચનમાળા અને તેના રચનાર' ('**ગુજરાતી**' દિવાળી અંક, ૧૯૧૦ પૃ. ૭૪).

૯ **નવલરામ**: '**નવલગ્રંથાવલિ**' ૧,૩૮૭.

૧૦ **મહીપતરામ**: 'દુર્ગારામચરિત્ર', પૃ. ૧૧.

કેવળ ગદ્ય પુસ્તકોનું જ પઠનપાઠન થાય છે. આથી મુંબઇ જેવા શહેરમાં પણ કવિતા એટલે શું તેની કોઇને ખબર નથી, અને એલ્ફિન્સ્ટન કૉલેજ-માં અભ્યાસ કરતા **નર્મદ** જેવા બુદ્ધિશાળી વિદ્યાર્થીને પણ પિંગળ એટલે શું તેનો ખ્યાલ નથી. આજની ઢબનાં પુસ્તકો તૈયાર થવાને પણ હજુ વાર છે. હજુ તો જૂના કવિઓનાં પદો ક્વચિત્ ક્વચિત્ મોઢે લલકારાય છે, કે પછી હસ્તલિખિત પોથીઓમાંથી વંચાય છે. ગુજરાતી ભાષાની ચોપડીઓ જ મળતી નથી. સામળની વાતો કે 'ચાર દરવેશ'ની વાતો એવી કોઇ ચોપડીઓ જ ગુજરાતી ભાષામાં તો મળે છે. પદ્ય ને કાવ્ય વચ્ચેના ભેદની હજુ કોઇને ખબર નથી. ગદ્યને હજુ સાહિત્યમાં પ્રતિષ્ઠિત સ્થાન મળ્યું નથી. નાટક જેવી કોઈ રચના હજુ ગુજરાતી ભાષામાં અવ-તરી નથી. ચરિત્રગ્રંથ તો હજુ હવે ગૂંથાવાનો છે. ઇતિહાસનું આલેખન થવાને પણ હજુ વાર છે ને પ્રકૃતિસૌંદર્યની કવિતા લખનારો હજુ હવે આવવાનો છે.

**નર્મદ**જન્મસમયનું આપણું જીવન આવું હતું. એને વરસ તો માંડ સો જ થયાં છે, પણ દીવાસળી કે પથ્થરપાટી વિનાના એ દિવસો આપણને આજથી એક નહિ પણ અનેક સદીઓ જેટલા દૂર નથી લાગતા? જ્યાં પૂરાં દસ ગુજરાતી પુસ્તકો મળવાં પણ મુશ્કેલ હતાં, ત્યાં આજે દસ હજારનો સંગ્રહ જોઈ શકાય એમ છે, જ્યાં પદ ને આખ્યાન સિવાય કોઈ સાહિત્યપ્રકાર જાણીતો નહોતો, ત્યાં આજે અનેકવિધ સાહિત્યખેડાણ થઈ રહ્યું છે. આ બધું એક જ સૈકાનું પરિણામ? આજે જે ભાતભાતની વિપુલ સાહિત્યસામગ્રી નજરે પડે છે તેમાંની અત્યલ્પ જ સં. ૧૮૮૯માં હતી! ત્યારે એક સૈકામાં આપણી પ્રજાએ સાધેલો વિકાસ આશ્ચર્યકારક નથી લાગતો? જે અલૌકિક યુગબળને પ્રતાપે આવો આશ્ચર્યકારક વિકાસ સાધી શકાયો તેનો આપણા ગુજરાત ખાતે જે મહાન પ્રતિનિધિ થઈ ગયો તે વીર **નર્મદ**. ફક્ત સો વર્ષમાં આવી ચમત્કારી સૃષ્ટિ ખડી કરનારા પ્રવૃત્તિપ્રવાહનો આદ્ય પ્રેરક તે **નર્મદ**. જૂની જડતાને તોડી નવું ચાંચલ્ય જગાવ્યું તે એણે જ, ને એમાં જ એનો મોટામાં મોટો યશ.

## ૩

નર્મદનું જીવનકાર્ય આરંભાયા પૂર્વે આપણી પ્રજા આવી જડતામાં દહાડા ગાળતી હતી, એવામાં અંગ્રેજ જેવી અતિ જોમદાર ને ચપળ પ્રજા તથા તેનાં સુવિકસિત સાહિત્યસંસ્કૃતિ સાથે તેનો જોગ થઈ ગયો, એટલે આપણા દેશના બંધિયાર વાતાવરણમાં કાંઈક નવું જ સ્ફુરણ શરૂ થયું. આપણી પ્રજાનાં શિથિલ અંગોમાં નવું જ લોહી ધબકવા લાગ્યું, ને લોકો ચકિત થઇને ચોતરફ 'બહાવરું બહાવરું' જોવા લાગ્યાં. દેશનું આખું સ્વરૂપ જ બદલાઈ ગયું. એના એકેએક ક્ષેત્રમાં જબરું પરિવર્તન થવા માંડયું. જમાનાઓથી જે કામ સૌ હાથે કરતાં ને હાથે જ થઈ શકે એમ માનતાં તે હવે વરાળિયો રાક્ષસ ને ભાતભાતનાં યંત્રો આવીને કરી દેવા લાગ્યાં. જન્મારામાં નામ નહિ સાંભળેલું એવા અતિ દૂરદૂરના મુલકોના સમાચાર રોજ ને રોજ નિયમિતરીતે આવવા લાગ્યા. કેટલાય દિવસે માંડ પહોંચાય એવાં સ્થળો વચ્ચે ગાડીઓ દોડવા લાગી. આની સાથે તારટપાલની વ્યવસ્થાએ આખું જગત જાણે કે ઊંબરમાં જ આણીને મૂકી દીધું. રાજકીય અશાંતિ પણ બધી શમી ગઇ. ચોરલૂંટારાનો ભો ચાલ્યો ગયો. પરદેશીઓનાં આક્રમણો ને દેશીઓનાં યુદ્ધો પણ બંધ પડી ગયાં. જાનમાલની સલામતી સ્થપાઈ ગઈ. લોકો થાળે પડીને નવા નવા ઉદ્યમે લાગવા માંડયાં. દોલત પણ દેખીતી વધતી લાગી. દેશમાં નવી વિદ્યા દાખલ થઈ. ઠામઠામ શાળાઓ સ્થપાઈ અને પ્રજા હોંશેહોંશે આ નવું ભણતર ભણવા લાગી. આ ભણતરે તો એની આંખો જ ખોલી નાખી. અંગ્રેજી ભાષાએ આખા જગતના જ્ઞાનરાશિને એમની સેવામાં રજૂ કરી દીધો. લોકોનાં ચક્ષુ નવીન જ્ઞાનની ચમકથી ચમકવા લાગ્યાં. એણે આપેલી નવી દૃષ્ટિએ તેઓ પોતાનું જૂનું જીવન તપાસવા લાગ્યાં. જૂનું ઘણું એમને અજુગતું લાગ્યુ, નવું ઘણું એમને લાવવાની જરૂર જણાઈ, ને એમ જૂના નવાની રસાકસી ચાલી. લડાઇનાં બ્યૂગલો વાગવા માંડ્યાં. ને નર્મદે પડકાર કર્યો

સહુ ચલો જીતવા જંગ બ્યૂગલો વાગે,
યાહોમ કરીને પડો ફતેહ છે આગે.

આ નવો તમાસો દેખીને જૂનાં માણસો બધાં આભાં બની ગયાં. એમને તો કંઈક નેવનાં નીર મોભે જતાં લાગ્યાં. સૈકાઓ સુધી નિદ્રા લઇને કોઈ પુરાતન પુરુષ જાગે ને પોતાના નિદ્રાસમય દરમિયાન સર્વત્ર થએલું અકલ્પ્ય પરિવર્તન આંખો ચોળતો ચોળતો અત્યંત વિસ્મય પામીને મૂઢતાપૂર્વક જોઈ રહે એવી દશા આપણા દેશની થઈ. પાંડવોના દરબારમાં મયદાનવે રચેલી માયાવી સભા જોઇને કૌરવોને જેવું ભારે કૌતુક થએલું, પાસિફિક મહાસાગરનાં ઘૂઘવતાં પાણી પહેલી જ વાર દેખીને બાલ્બોઆ તથા તેના નાવિકોને કીટ્સના કહેવા પ્રમાણે જેવું ભારે કૌતુક થએલું તેવું આ જમાનામાં જૂના લોકોને થયું. રા. નરસિંહરાવે 'બુધવારિયા'નો નવો અંક આવેલો જોઈ ખેડાના બે કારકુનોને પાણીની ઓરડીમાં જઈ પોતપોતાની નકલો સરખાવી જોતા અને અક્ષરે અક્ષર આબાદ મળતે આવતો દેખી નવાઈ પામતા ચિતર્યા છે તેમાં આ કૌતુકનું ઉદાહરણ છે. 'બુદ્ધિપ્રકાશ' એ દિવસોમાં પોતાના આગલા પૂંઠા પર આગગાડી કે બંબાનું ચિત્ર મૂકી નીચે આગગાડીના સંબંધમાં

સજો રે સુધારો તજો વાત આડી,
સુધારાથી થૈ આ જુઓ આગગાડી.

ને બંબાના સંબંધમાં

શરીરમાં શોણિત સંચરે છે,
વાયૂદબાણો સઘળે ફરે છે;
એ વાતથી જો ઊપજે અચંબો,
જુઓ જુઓ આ જળયંત્ર બંબો.

એવી જે લીટીઓ મૂકતું તેમાં તથા 'બુદ્ધિપ્રકાશ' કરતાં ઘણી રીતે ચડિયાતું એવું 'બુદ્ધિવર્ધક' પણ તેની પેઠે જ આગલા પૂંઠા પર એક દાઢીવાળો વૃદ્ધ અંગ્રેજ મોટો ઓવરકોટ પહેરીને, પાસેના ટેબલ પર વિજ્ઞાનનાં સાધનો રાખીને, તથા એક હાથમાં વૈજ્ઞાનિક પ્રયોગ માટે શીશી

લઇને ઊભો છે ને સામે બે બાળકો સાનંદાશ્ચર્યથી તેને જોઈ રહ્યાં છે ને એ વૃદ્ધ બીજો હાથ કેડે મૂકીને એમને વિજ્ઞાનરહસ્ય સમજાવી રહ્યો છે, એવું ચિત્ર મૂકતું તેમાં, અથવા ત્રણ બાળકો દૂરબીન લઇને બેઠાં છે, તેમાં એક બાળક દૂરબીન આંખ આગળ રાખીને જોઈ રહ્યું છે, બીજું બાળક દૂરબીન પકડી રાખીને તેને જોવામાં મદદ કરી રહ્યું છે, અને ત્રીજું બાજૂમાં બેઠુંબેઠું આ બન્નેની પ્રવૃત્તિ કુતૂહલથી નિરખી રહ્યું છે એવું જે ચિત્ર પાછળથી મૂકતું તેમાં પણ લોકોના હૃદયમાં આ નવી સંસ્કૃતિએ જે અસાધારણ આશ્ચર્ય ઉત્પન્ન કરેલું તેનું આલેખન છે. આ નવી સૃષ્ટિ નિહાળીને દલપતરામ જેવા ઠંડા લોહીના પુરુષ પણ બોલી ઊઠે છે કે

દીસે આ દુનિયા નવી, નવું નવું સૌ ઠામ,
કોણ મને લાવ્યું અહીં, દાખે દલપતરામ.
અરે આજ આંહીં મને કોણ લાવ્યું?
નવું વિશ્વ શું ઈશ્વરે આ વસાવ્યું?
ગયું ક્યાં હતું જેહ જૂની પ્રજાળું?
અહો! સૃષ્ટિ આ તો નવી હું નિહાળું![૧૧]

દલપતરામ એટલે જૂના જમાનાનો છેલ્લો પ્રતિનિધિ. એના આ શબ્દોમાં જૂનો જમાનો જ જાણે આ નવી સૃષ્ટિ નિહાળી ચકિત થતો બોલી ઊઠે છે. આ નવી સૃષ્ટિનો અરુણ તે **નર્મદ**—ઝળહળતા પ્રકાશથી દીપતો, નવા નવા રંગો આકાશમાં ભરતો અને જ્વલંત દિનની ઝાંખી કરાવતો જાણે કોઈ પ્રભુપ્રેરિત ફિરસ્તો!

---

૧૧ 'દલપતકાવ્ય', ૨,૨૯૫.

## પ્રકરણ બીજું
# જીવનરેખા : થોડાંક દશ્યો

**નવયુગના** આ અરુણના જીવનરંગો કેવા હતા ? 'કલ્પના ને કસ્તુરી-મૃગ' ના કવિની પેઠે ચાલો આપણે પણ પળવાર એ દિવ્ય અપ્સરાની પાંખ પર ચડી બેસીએ ને આ મહાપુરુષની ત્રેપન વરસની જીવનલીલાનાં થોડાંક લાક્ષણિક દશ્યો—એ જમાનામાં ફોટોગ્રાફીનો પૂરતો પ્રચાર હોત, આપણા મહાજનોનાં મહત્ત્વનાં જીવનચિત્રો જાળવી રાખવાની પ્રજાને કાળજી હોત, કે આપણા ચિત્રકારોનું આપણા પ્રાંતની વિભૂતિઓ પ્રત્યે અત્યારે છે તેથી વિશેષ લક્ષ હોત તો આબેહૂબ ચિત્રો રૂપે જ તેમાંનાં કેટલાંક તો પ્રત્યક્ષ જોઈ શકત, પણ એ બધાને અભાવે હવે તો કલમ દોરી શકે એવાં આછાંપાતળાં રેખાચિત્રો રૂપે જ જેનું દર્શન શક્ય છે એવાં દશ્યો—ઝડપભેર જોઈ લઇએ.

પહેલું ચિત્ર કવિના પિતાનું જુઓ. ભલા, ભોળા, સાદા માણસ—છતાં ઉત્સાહી ને પ્રસન્ન—એવી છાપ **લાલશંકર** દવેની જે એકની એક છબી જળવાઈ રહે છે તે ઉપરથી પડે છે. વડીલપણાનું તો નામ નહિ, પુત્રનો વિકાસ એની રીતે નિરંકુશ થવા દે, દૂરથી તેને જોયા કરે ને જરૂર પડે ત્યાં જરાક માર્ગ દર્શાવીને કોરે ખસી જાય એવા, પિતા નહિ પણ પ્રેરક મિત્ર જેવા, વીસ વરસનો **નર્મદ** પોતાની માનું અવસાન થતાં ને પોતે પણ ઘરભંગ થતાં પિસ્તાળીસ વરસના પિતાને મોટેરાની માફક કહી શકે કે 'તમે ય ઘરભંગ ને હું ય ઘરભંગ, ચાલોને આપણે વેરાગી થઇ જઇએ, આ સંસારમાં તે શો સાર બળ્યો છે?'[1] એવા જાણે કે તેના સદાના સમવયસ્ક બની ગએલા, પુત્રની ગદ્ધાપચ્ચીશીનાં ઇશ્કી તોફાનોને

---

૧ નર્મદ: 'મારી હકીકત', ૬,૪.

ઉદાર માનવભાવથી ગળી જનાર ને શાણી શિખામણથી ઠેકાણે લાવનાર, ‘જો! “બુદ્ધિપ્રકાશ”માં દલપતરામનું પિંગળ આવે છે. તું બડાઇ મારે છે, પણ એવું પિંગળ રચે ત્યારે તું ખરો!’ એવી મીઠી ટકોર કરીને એની સુપ્ત શક્તિઓને જગાડનાર, પુત્ર પ્રસિદ્ધ થઈ સભાઓ ગજાવવા લાગ્યો ત્યારે એની જ સ્થાપેલી ‘બુદ્ધિવર્ધક સભા’માં જઈ જતે જન્મારે નવા જમાનાની ઢબનું ભાષણ આપી પુત્રની પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લેનાર[2]—આવા સમભાવશીલ, ઉદાર, વત્સલ પિતા **લાલશંકર દવે** હતા. એમની શાંત છાયાને લીધે તેમ મોટે ભાગે હરફરની છૂટ ન આપે એવી મુંબઇની શહેરી પરિસ્થિતિને લીધે બાળક **નર્મદ** ઉમરના પ્રમાણમાં ખૂબ ઠાવકો રહેલો,—કોઇ ત્રાહિત આવે તો **રુક્મિણીવહુ**ની સોડમાં સંતાઇ જાય કે ઘરના ખૂણામાં લપાઇ જાય એવો સંકોચશીલ, પણ મનનું ધાર્યું ન થયું હોય તો મોં ચડાવી મીંઢો થઇ બેસી રહે એવો રિસાળ એ બચપણમાં હતો એમ એ પોતે કહે છે. એની આ શરમાળ ને રિસાળ પ્રકૃતિમાં ભવિષ્યના ઉત્કટ અસ્મિતાયુક્ત ને સૂક્ષ્મ સંવેદનશીલ **નર્મદ**નાં બીજ ઊંડે ઊંડે રહેલાં જોઈ શકાશે.

બીજું ચિત્ર લ્યો. બારતેર વરસનો એક કુમાર નાનકડી ધોતલી, લાંબું અંગરખું ને ધારી રાખેલે માથે મૂકેલી ટોપી એવા વેશમાં, ચોપડીઓ લઈ ઘેરથી શાળાએ જવા નીકળે છે. રસ્તામાં **કાળકાદેવી**નું મંદિર આવે છે, ત્યાં એ જાય છે. દફતર ખૂણામાં મૂકી એ ભક્તિભાવપૂર્વક માતાનાં દર્શન કરે છે. અત્યંત વિનીતભાવ રાખીને એ પાંચેક મિનીટ સુધી હાથ

---

૨ સને ૧૮૫૬ના **ઑગસ્ટ**ની ચોથી તારીખે **લાલશંકર દવે**એ એ સભામાં ‘સત્ય’ વિશે નિબંધ વાંચેલો. એ સંબંધમાં ‘બુદ્ધિવર્ધક’માં ઉલ્લેખ છે કે: ‘સેક્રેટરીએ ગઇ સભાનો હેવાલ વાંચ્યા બાદ, ખબર આપ્યા પ્રમાણે, **દવે લાલશંકર પુરુષોત્તમજીએ સત્ય** વિશે નિબંધ વાંચ્યો. આવા વૃદ્ધ વિદ્વાન પુરુષ, આપણી તરુણોની મંડળીમાં આવી પોતે નિબંધ વાંચી આપણાં મનને પુષ્ટિ આપે એ ઘણી હર્ષયુક્ત વાત છે. એ બાબત થોડી તકરાર થયા પછી એમના ચરણજીવી ભાઈ **નર્મદાશંકરે** એ જ વિષય ઉપર એક નહાનું કવિત વાંચી સભાને ખુશ કરી.’

જોડી રાખી માતાની સામે ઊભો રહે છે. પછી 'હું ઘણો અપરાધી છઉં, ક્ષમા કરજો, ને મા, મારું સારું કરજો!' એમ બોલી, ચોતરફ નજર નાખી કોઈ પોતાને જોતું તો નથી તેની ખાતરી કરી પોતાને ગાલે તમાચો મારે છે, ને ફરી પાછું નમ્રતાપૂર્વક વંદન કરી ચોપડીઓ લઈ શાળાએ પહોંચી જાય છે. ત્યાં પણ સ્વચ્છતા ને આભડછેટના એના ખ્યાલ એટલા તીવ્ર છે કે કોઈની સાથે વાત કરતાં કંઈ થૂંક ઊડયાનો જરા સરખો વહેમ પડે તો એ પોતાના અંગરખાની ચાળ વતી પોતાના હોઠ આખો દહાડો જોરથી ઘસ્યા કરે છે—એ હોઠમાંથી લોહી નીકળવા આવે ત્યાંસુધી ઘસ્યા કરે છે.[3] આ દિવસોની નર્મદની મનોદશાનું આ બહુ સૂચક ચિત્ર છે. એ દિવસોમાં એ રોજ અંધારામાં ઊઠી સંધ્યાપૂજા કરતો, મહાદેવને અભિષેક કરી નાકલીટી તાણતો, રામજીમંદિરમાં દર્શને જાય તો પાર વગરની પ્રદક્ષિણા ફર્યા કરતો, ને શિવરાત જન્માષ્ટમી જેવા દિને ઉપવાસ કરતો. પાકટ વયના નર્મદને જ ઓળખનારને આ જાણી નવાઈ લાગશે, પણ આમાં નવાઈ જેવું કંઈ નથી. પ્રારંભમાં જૂની ઢબની ઊંડી આસ્તિકતા ને પાછળથી નવા યુગની કટ્ટર સુધારકવૃત્તિ એ સંક્રાન્તિકાળના સઘળા વિચારશીલ મહાપુરુષોનું લક્ષણ જ નર્મદની આ સમયની મનોદશામાં પ્રતિબિંબિત થયું છે.

વારું. ને શાળામાં એનો અભ્યાસ કેવોક ચાલતો? અલબત્ત, ઉત્તમ પ્રકારનો જ. એને બધા વિષયોમાં સરખો રસ પડતો ને બધા વર્ગોમાં એનો નંબર ઊંચો રહેતો. સાહિત્ય ને ગણિત જેવા પરસ્પરવિરોધી લાગતા વિષયો એને એકસરખો આનંદ આપતા, ને અંગ્રેજી ભાષાનાં નવાંનવાં કાવ્યો વાંચતાં એને જેવી મજા પડતી તેવી જ—બલ્કે તેથી પણ વિશેષ—મજા એને નવાંનવાં સમીકરણો છોડતાં તથા નવાંનવાં મનોયત્નો કરતાં પડતી. એના શાળાજીવનના એકબે પ્રસંગો સ્મરણીય છે. એક વાર નર્મદ બ્લૅકવેલ નામે કોઇ ઇસ્કી શિક્ષકના વર્ગમાં હતો. નર્મદને એની સાથે

---

૩ 'મારી હકીકત', ૪,૧૦.

પહેલેથી બનતું નહિ. એક દિવસ **નર્મદે** વર્ગમાં લખાવેલું કોઈ સમીકરણ પોતાની નવી ને સહેલી જ રીતે કરીને શિક્ષકને બતાવ્યું. શિક્ષકે તે ખોટું પાડયું ને ઉપરાંત વળી **નર્મદને** વર્ગ બહાર કાઢ્યો. **નર્મદ** આ સાંખે ? એ વખતે **એલ્ફિન્સ્ટન** હાઇસ્કૂલ ને કૉલેજ બન્ને એક જ મકાનમાં બેસતી. એટલે કૉલેજનો **મૅકડુગલ** કરીને ગણિતનો અધ્યાપક ફરતો ફરતો **નર્મદ**-ના વર્ગ પાસે આવી પહોંચ્યો. **નર્મદે** પોતાનો દાખલો બતાવી **બ્લૅકવેલ** સામે તેની આગળ રાવ ખાધી. **મૅકડુગલે બ્લૅકવેલને** કહ્યું, 'એનો હિસાબ સાચો છે ને એ તો હોશિયાર છોકરો છે.' આ વખતે '**બ્લૅકવેલનું** મોઢું ચલ્લી જેવું થઇ ગએલું' એમ કવિ આનંદપૂર્વક નોંધે છે.[4] ગણિતની એની કુશળતાનું આ દૃષ્ટાંત. સાહિત્યની એની કુશળતાનું પણ એક દૃષ્ટાંત છે. એક વાર ગવર્નર એની શાળાની મુલાકાતે આવેલા. તેમની આગળ **નર્મદે અંગ્રેજી** કાવ્ય એવી છટાથી વાંચી સંભળાવેલું કે ગવર્નર ખૂબ ખુશ થએલા. 'રાજ્યરંગ'ના ભાવિ લેખકને ઇતિહાસમાં પણ એટલી જ લહેર આવતી. એ કહે છે કે ટેલરની 'એન્શિયન્ટ હિસ્ટરી' શીખતો ત્યારે ઇજિપ્શિયન લોકોની રીતભાતનાં તેમ ત્યાંના પિરામિડ ને નાઇલ નદી વગેરેનાં વર્ણનો વાંચી મને અવર્ણનીય આનંદ થતો.

થોડાં વરસનો ગાળો પડે છે ને **કવિને** આપણે **રાંદેરની** નિશાળમાં મહેતાજી તરીકે બેઠેલા જોઇએ છીએ. 'ભણ્યા નથી પણ પરણ્યા છૈયે', એ **નવલરામે** ગાએલી પંક્તિ પ્રમાણે **નર્મદને** થએલું. **સૂરતમાં** વહુ વેશમાં આવેલી તેથી અભ્યાસ છોડી કવિને ઘર માંડવું પડેલું ને **રાંદેરની** એ મહેતાજીની નોકરી લેવી પડેલી. મહેતાજી તરીકે એકલે હાથે એ એંશી છોકરાઓને શીખવે છે ને સાથે આસપાસનાં ગામડાંમાં ફરી પ્રકૃતિ-લીલાનો આસ્વાદ લે છે. એક વાર સવારના આઠ વાગ્યામાં એમના ઉપરી, **સૂરત** હાઇસ્કૂલના હેડમાસ્તર **ગ્રૅહામ** સાહેબ—**નર્મદ** માટે બહુ

---

૪ '**મારી હકીકત**', ૬,૪.

સારો ભાવ ધરાવતા ને એનું ગણિતકૌશલ્ય જોઇ એને Geometrician કહેતા તે ગ્રૅહામ સાહેબ—અચાનક શાળાની પરીક્ષા લેવા આવી ચડે છે. છોકરાઓ ઉતાવળા ઉતાવળા પાથરણાં પાથરી તૈયાર થઇ જાય છે, પણ મહેતાજીસાહેબ પડખેના ઓરડામાં ઊંઘે છે તે હજી ઊઠ્યા નથી. કોઇ છોકરો જઇને એમને જગાડે છે ને આંખો ચોળતા ચોળતા તે સાહેબ પાસે આવે છે. સાહેબ એના આ હાલ જોઇને કહે છે કે 'આ શી સુસ્તી? આમ કામ થાય?' નર્મદ એમ લેવાઇ જાય એવો નથી. રોકડો જવાબ આપે છે કે 'સાહેબ, મોડી રાત સુધી ઉજાગરા કરીએ છ. ને, વરદી દીધા વગર આવો તે એમ જ થાયને?' સાહેબ પરીક્ષા લે છે તેમાં નર્મદના વિદ્યાર્થીઓ એટલો બધો સંતોષ આપે છે કે ખુશ થઇને તેઓ ગામલોકને બોલાવી શિખામણ આપે છે કે 'તમને બહુ સારા માસ્તર મળી ગયા છે, માટે તેનો લાભ લઇને તમારા છોકરાઓને બરાબર ભણાવજો.'[૫]

હવે આવે છે એક છાયાચિત્ર, 'રુદનરસિક'ના કવિનું—એટલેકે ગુજરાતી 'ડૉન જ્યુઆન' કરવા ધારેલા એ અપૂર્ણ કાવ્યના કર્તાનું. ગદ્ધાપચ્ચીશીના કારમા ચકડોળે ચડેલો એક જુવાન રાતદહાડો સામળની વિષયવાર્તાઓ વાંચ્યા કરે છે, છાનોમાનો લપાઇને સ્ત્રીઓની ખાનગી વાતચીતો સાંભળ્યા કરે છે, સ્ત્રીચરિત્રની કથનીઓમાં કૌતુકપૂર્વક લીન બને છે, પારકી સ્ત્રીઓ આપમેળે આકર્ષાઇને પોતાની પાસે આવે માટે ઊભો ઊભો વશીકરણમંત્ર જપે છે, અને . . . . . પણ આગળ જવામાં સાર નથી. આ તો કવિની પ્રકૃતિમાં જે લંપટતા, જે ઇશ્કીપણું, જે લાલાઇ આપણે જોઇએ છીએ અને ઘણીવાર ખુલ્લી અશ્લીલતામાં રાચતી એવી જે નિરતિશય વિલાસિતા આપણને અકળાવી મૂકે છે તે આ અરસામાં ઉદ્દભવેલ એટલું નોંધવા પૂરતો જ એ બાબતોનો આંહીં ઉલ્લેખ કર્યો છે.

---

૫ 'મારી હકીકત', ૬,૮.

સં. ૧૯૧૧નો ભાદરવો મહીનો બેઠો છે. કવિ કૉલેજમાંથી ઘેર આવીને—સૂરતમાં ઘર માંડવા ગએલા ત્યાં પત્નીનું અવસાન થતાં રાંદેર-સૂરતવાળી મહેતાજીની નોકરી છોડી, મુંબઈમાં ફરી પાછા કૉલેજમાં દાખલ થયા છે એટલે કૉલેજમાંથી ઘેર આવીને—ઘરની નાનકડી અગાશીમાં જોશભેર આંટા મારે છે. આકાશમાં લાંબા વખતથી જામેલાં વાદળાં પહેલી જ વાર વિખરાઇને ખુશનુમા સૂર્યપ્રકાશ શોભી રહ્યો છે, તેમ નર્મદના મનમાં પણ બે વરસથી વાદળાં જામેલાં તે વિખરાઇને આજે પહેલી જ વાર પ્રકાશ પડે છે અને અંતરના એ નવપ્રકાશનું તેજ કવિના મુખ પર ઘણા દિવસના અંતરે આજે પહેલી વાર નજરે પડે છે. પત્નીના અવસાન પછી એમનું ચિત્ત મોટી વંટોળચકરીમાં સપડાયું હતું. ઘડીમાં ઉદ્દામ વિષયલાલસામાં તો ઘડીમાં તીવ્ર વિરાગભાવમાં એ પડતું; ઘડીમાં એમને થતું કે કાયદાનો અભ્યાસ કરી વકીલ થવું; વળી થતું કે મામલતદાર બની ખૂબ સત્તા મેળવી પૂર દમામથી મહાલવું; વળી થતું કે સંસ્કૃત, મરાઠી, બંગાળી, હિંદી, ઉરદૂ વગેરે ઘણી ઘણી ભાષાઓનો અભ્યાસ કરી સર વિલિયમ જોન્સ જેવા મહાન ભાષાશાસ્ત્રી બનવું; વળી થતું કે વિલાયત જઇને નામના મેળવવી; વળી થતું કે સ્વતંત્ર રોજી મેળવી વિદ્યાનંદમાં જિંદગી ગાળવી; ને આ બધાંમાં શું કરવું તે કાંઈ સૂઝતું નહિ,[૬] તેથી કૉલેજના અભ્યાસમાં ચિત્ત ચોટતું નહિ, અને મિત્રો બધા આથી 'લાલાજી' કહીને એમને બનાવતા. આવી દશામાં ધીરાનાં બેત્રણ પદ અકસ્માત્ એમના વાંચવામાં આવે છે, ને એમની તત્કાલીન વિરાગવૃત્તિને અનુકૂળ થઇ પડતાં કવિની જીભે ચડી જાય છે. પછી તો એનું સતત રટણ જ ચાલે છે ને તે રટણથી પહેલાં કેમે કરીને ઠરીઠામ ન બેસતું એમનું ચિત્ત હવે કંઇક સ્થિર થાય છે, ને રટણમાં ને રટણમાં એ જ ઢાળનું એક પદ બે દિવસ પહેલાં તો બીજું આજે અત્યારે જ આપોઆપ રચાઇ જાય છે. આ બે પદ દ્વારા એમને પોતાના માનસિક

૬ 'મારી હકીકત', ૬,૪.

રોગને નાબૂદ કરવાની 'બુટ્ટી જડી'૭ જાય છે. એમને થાય છે કે મારું મન બીજી કોઇ રીતે સ્થિર થતું નથી, ને આમ પદો રચવાથી શાંત સ્થિર બને છે, એટલે નક્કી થાય છે કે પદો રચવાં એ જ મારા ચિત્તરોગની જડીબુટ્ટી છે, તો બસ, મારે પદો રચવામાં જ જીવન ગાળવું. આ નિર્ણયે એમના બધા સંકલ્પવિકલ્પ શમી જાય છે અને નવા જોમથી અગાશીમાં આંટા મારતાં મારતાં એ સ્વગત બોલે છે કે: 'ભણવું, કમાવું, બૈરી કરવી એ સહુ આનંદને માટે છે, ને મને જારે પદો બનાવવાથી આનંદ થાય છે તારે હું તો એ જ કામ કરીશ—ને શેર જુવાર તો મળી રહેશે.'૮ દ્રવ્યની નિઃસ્પૃહતા, સ્થૂલ સુખસગવડનો ત્યાગ કરવાની શક્તિ, એ મહત્તાનું પહેલું લક્ષણ. નર્મદે એના દૃઢ જીવનનિશ્ચયથી એ પહેલું લક્ષણ સિદ્ધ કરી બતાવ્યું. આ જીવનનિશ્ચયથી એના લાંબા મનોમંથનનો અંત આવ્યો ને એને માટે નવી જ કારકિર્દી શરૂ થઇ. તેવીસમી વરસગાંઠથી એના આ નૂતન જીવનનો આરંભ થયો.

કાવ્યરચના જ જીવનની મુખ્ય પ્રવૃત્તિ એ નિશ્ચય તો થયો, પણ પિંગળના જ્ઞાન વિના કાવ્યરચના કરવી શી રીતે? ગુજરાતી ભાષામાં પિંગળનું એક પણ પુસ્તક પ્રકટ થયું નથી, સંસ્કૃતમાં એકબે ચોપડીઓ મળે છે એને આધારે સંસ્કૃત વૃત્તોના બંધારણનો તો ખ્યાલ આવે છે, પણ દોહરા ચોપાઇ જેવા શુદ્ધ ગુજરાતી પદ્યપ્રકારની કૂંચી જડતી નથી. કાવ્યદેવીનો આ નવો ઉપાસક મૂંઝાય છે. આખરે એક માર્ગ સૂઝે છે—ભરૂચવાળા મનમોહનદાસ ઝવેરી—આપણા દી. બ. કૃષ્ણલાલના કાકા—

૭ નર્મદે જે પહેલું જ પદ રચેલું તેની છેલ્લી લીટી 'ઓળખ સારી તારી રે નર્મદો લહે બુટ્ટી જડી' એની હતી. તેના ખુલાસામાં એ નોંધ લખે છે કે 'ઈશ્વરની ઓળખ એ મોટી ગુણ કરનારી જડીબુટ્ટી છે. પ્હેલી જ કવિતામાં બુટ્ટી જડી એમ નિકળ્યું છે એને હું એમ સમજું છ કે કવિતા એ જ મારી જડીબુટ્ટી છે-એથી હું અખંડાનંદમાં રહું છઉં.'—'નર્મકવિતા' પૃ. ૫૪૯.

૮ 'મારી હકીકત', ૬,૮.

પર પત્ર લખી દેશી પિંગળ વિશે માહિતી મેળવવાનો. એ પત્ર પણ કવિની તે દિવસોની મનોદશાના આબેહૂબ ચિત્ર જેવો છે, એટલે તેનો મહત્ત્વનો ભાગ જોઇ જઇએ.

'મિત્રશિરોમણિ કવ્યોપનામક ભાઈ **મનમોહનદાસ** વિ. **રણછોડદાસજી** પ્રતિ **મુંબઇ**થી લી. સ્નેહાભિલાષી **નર્મદાશંકર** વિ. **લાલશંકર**ના આશીરવાદ—વિશેષ આની સાથે મોકલેલું પત્રક (વ્યભિચારનિષેધક નિબંધમાંની કવિતા) અવલોકન કરી લખાણમાં માત્રા તથા અક્ષર સંબંધી થાળે લખી તે પત્રક નાટપેડ એલ્ફિન્સ્ટન ઇન્સ્ટીટયૂશન એ ઠેકાણે પાછું રવાને કરવું—એમ થયેથી મોટો ઉપકાર થશે.

હું કવિતાપ્રકરણમાં છેક અજાણ્યો છઉં પરંતુ એ વિષય જાણવાની મારી ઉત્કંઠિત ઇચ્છા છે ને ગમ પણ પડશે એમ ધારું છઉં. વાસ્તે તમે મારો કર ગ્રહી પિંગળક્ષેત્રની જાતરા કરાવશો એમ આશા રાખું છઉં.

તમારી પાસે જે મોકલ્યું છે તે તથા બીજું કેટલુંએક મેં કીધેલું છે તે ઉટાંગ બાંધી કંઇ તમારું ને કંઇ દલપતરામનું જોઈ જોઇને ગોઠવેલું છે.

અંગ્રેજીમાં કહે છે Poets are born તે પ્રમાણે કવિતા કરવામાં વિચારશક્તિનું સામર્થ્ય જોઇએ—ફક્ત પિંગળની રીત જાણવી મારા ધારવામાં બસ નથી—તેમ વિચાર ને તર્ક હોય એટલે બસ એમ પણ નથી; તેને પ્રબંધરૂપી ભાષાનાં વસ્ત્ર પેહેરાવવાં અવશ્ય છે—વસ્ત્ર વગર અલંકાર શોભે નહીં.

હવે મારી વિચારશક્તિ અને તર્કશક્તિ વધારે કેળવાઇ શકે તેવી છે, પણ રીતિ વના અઘરૂં લાગે છે—શંકાને લીધે ઘણો કાળ જાય છે અને તેને સારૂ પિંગળ સંબંધી પ્રાકૃત ગ્રંથો ભણી લેવાની જરૂર છે.

તેમ ગુરુ વના જ્ઞાન પ્રાપ્ત થતું નથી; ને એ છંદમાં અસલથી **સૂરત**ના કેટલાક કણબીઓની પેઠે કવિત વગેરેનો મેં અભ્યાસ કરયો નથી તેથી આવડશે કે નહીં એની ગભરામણ થાય છે. વળી એ વિષય શિખવવાને મારા પરિચયમાં કોઇ જ નથી. વાસ્તે કૃપા કરીને શિક્ષકપણું સ્વીકારી હું શિષ્યની હોંસ પૂરી પાડનાર આપ સમર્થ છો. સજ્જને કાળક્ષેપ સારૂ ક્ષમા કરવી.

ભાઇ **મો**હનલાલને તથા વડિલ **ર**ણછોડદાસજીને મારા યથાયોગ્ય કહેવા.

મારે માસ **એ**પ્રિલમાં લગન સારૂ **સુ**રત આવવું છે તે સમયે તમારા દર્શન કરવાની તથા કેટલીએક શિક્ષા લેવાની આશા રાખું છું. પરંતુ હાલ પિંગળશાસ્ત્રપ્રવેશક ક્રિયા ગ્રંથો વાંચવા જરૂરના છે. તે લખવું. સુજ્ઞને બહુ શું લખિયે? મજ પાસથી કામ લેવાને આંચકો ન ખાવો—એ જ. તા. ૧૬ ફેબ્રુઆરી ૧૮૫૬.[૯]

પણ પારકી આશ સદા નિરાશ. પત્રનું કંઇ પરિણામ આવતું નથી ને **ન**ર્મદની પ્રબળ ઇચ્છાશક્તિ, ખંત ને ઉદ્યોગ એ સૌ ગુણોના ચિર-સ્મરણીય—કોઇ ચિત્રકાર દોરી આપે તો ચિરદર્શનીય—આલેખન જેવું આ ચિત્ર રજૂ થાય છે: તેવીસ વરસનો **ન**ર્મદ, ધોતિયું, અંગરખું ને ઘંટીના પડ જેવી પાઘડી પહેરી, જમણા હાથમાં કાગળની થોકડી તથા ડાબા હાથમાં દોરી બાંધેલો શાહીનો ખડિયો પકડી કાને કલમ ખોસી **સૂ**રતની એક ખૂણાની ગલીમાં સવારના આઠને સુમારે આવી પહોંચે છે. ગલીમાં એક **દા**દુપંથી કડિયાનું સાદું પણ સુઘડ મકાન છે ત્યાં જાય છે. કડિયો એને આવકાર આપી પટારામાં ખૂબ જતન કરીને મૂકેલું પોતાના ગુરુ **લા**લદાસનું 'છંદરત્નાવળી' નામે હસ્તલિખિત પુસ્તક કાઢી આપે છે. **ન**ર્મદ જાણે મોટી થાપણ મળી ગઇ હોય એવા હર્ષભાવથી તે લે છે અને નીચે બેસી ભોંય પર કાગળ રાખી બે અઢી કલાક સુધી તેની નકલ કર્યા કરે છે. કડિયા માજન ભગત માણસ છે, એટલે નવ વાગ્યાથી તેને ત્યાં સત્સંગીઓની મંડળી ઘરના ચોકમાં જામવા માંડે છે અને ભજનકીર્તન, કથાવાર્તા તેમ જ્ઞાનચર્ચા શરૂ થાય છે. **ન**ર્મદને આ બધું નકલકાર્યમાં વિક્ષેપકર્તા થઇ પડે છે એટલે વચ્ચેવચ્ચે આ મંડળી સામે કચવાતે મોંએ જોતોજોતો બને તેટલી ઝડપે નકલ કર્યે જાય છે. અગિયારેક વાગ્યે જમવાનો વખત થતાં **ગો**રધન કડિયાને એ વિનવે છે

૯ 'મારી હકીકત', ૬,૧૫.

કે 'આંહીં તમારે ત્યાં તો રોજ મંડળી જામે છે, તેના અવાજમાં મને ઉતારવું ફાવતું નથી. તો થોડાં થોડાં પાનાં મને ઘેર લઇ જવા દ્યો તો ઉતારી રોજનાં રોજ તમને પાછાં પહોંચાડીશ.' બે દિવસના સહવાસથી સારી છાપ પડેલી એટલે ગોરધન કડિયો કોઇને ન ધીરતો તે પુસ્તકનાં થોડાં પાનાં ને થોડાંક રંગીન ચિત્રકાવ્યો કવિને આપે છે. કવિ ખૂબ આનંદમાં આવી જાય છે ને આ બધું લઇને ઘર ભણી જવા રવાના થાય છે. રસ્તામાં એક ઓળખીતા ચિતારાની દુકાને આવી પેલાં રંગીન ચિત્રોની નકલ કરવાનું તેને સોંપે છે. ઘેર જઇ જમી કારવી કવિ પેલી 'છંદરત્નાવળી'ની નકલના કામમાં લાગી જાય છે. નમતે પહોરે ચિતારાની દુકાને જઇ ચિત્રોની નકલ તૈયાર થઇ ગઇ હોય તે લઇ આવે છે ને મોડી રાત સુધી બેસી તેમાં મૂળમાં જોઇજોઇ અક્ષરો પૂરે છે.[10] આમ લાગટ મહેનત લઇને પિંગળનું રહસ્ય પ્રાપ્ત કરી લે છે તથા કવિપદની પાકી તૈયારી કરી લે છે.

અને હવે આવે છે એના સકળ જીવનના કેન્દ્રરૂપ, એના સમગ્ર ચારિત્ર્યના વિધાયક જેવો, અને એની સમસ્ત મહત્તાનું તેમ ગુજરાતી સાહિત્યની અભિવૃદ્ધિનું નિર્માણ કરનારો મહાન પ્રસંગ. 'હું તો મારે પદો જ રચીશ, ને શેર જુવાર તો મળી રહેશે' એ નિશ્ચય કર્યાને ત્રણ વરસ થઇ ગયાં છે. આ ત્રણ વરસમાં કવિએ પોતાની નેમ પાર પાડવાને વિસ્મયજનક વિકાસ સાધ્યો છે. પિંગળ શબ્દની પણ ખબર નહોતી તેણે સ્થળેસ્થળે તપાસ કરી રખડીરવડી જુદાંજુદાં સંસ્કૃતપ્રાકૃત પુસ્તકો એ વિષયનાં મહામહેનતે મેળવી તેનું જ્ઞાન સંપાદન કરી લીધું છે અને ગુજરાતી ભાષામાં પહેલો જ પિંગળપ્રવેશ સપાટાની સાથે રચી નાખી પ્રકટ કરી દીધો છે. એ જ રીતે અલંકારપ્રવેશ ને રસ-પ્રવેશ પણ ઉપરાઉપર બહાર પાડ્યા છે. બાજૂમાં 'સાહસ દેસાઇ'

---

૧૦ 'મારી હકીકત', ૬,૨૩.

'લલિતા' આદિ અત્યારની 'નર્મકવિતા'ની પચાસેક પાનાં જેટલી છૂટક કવિતા પણ લખી નાખી છે. આ બધું જોઇને કાવ્યપ્રદેશમાં આ કોઇ નવો જ સૂર્ય ઊગ્યો છે એમ લોકોને લાગવા માંડયું છે. કવિને પણ પોતાની સિદ્ધિથી સ્વાભાવિકરીતે જ આત્મવિશ્વાસ આવતો જાય છે. કવિતાની આરાધનાની સાથે કૉલેજનો અભ્યાસ પણ બરાબર ચાલે એ તો અશક્ય જ હતું, એટલે કૉલેજને એણે છેલ્લી સલામ કરી છે, ને તે પછી પ્રારંભમાં ગોકળદાસ તેજપાળની હાઇસ્કૂલમાં તથા પાછળથી એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટની સેન્ટ્રલ સ્કૂલમાં શિક્ષકની નોકરી લીધી છે. પણ કેટલાક વખતથી એના ચિત્તમાં વળી એક બીજી ગડમથલ શરૂ થઇ છે. કાવ્યરચનામાં પોતાને મળેલી સફળતા ઉપરથી એને પ્રતીતિ થાય છે કે શાળાના શુષ્ક વાતાવરણમાં પોતાની શક્તિનો દુર્વ્યય જ થઇ રહ્યો છે, ને પોતે કવિતાક્ષેત્રમાં હજુ ઉચ્ચતર કાર્ય કરી શકે એમ છે, પણ આજીવિકાની દુગ્ધામાં એ વિષયની પાછળ જેટલાં સમયશક્તિ આપવાં જોઇએ તેટલાં આપી શકતો નથી. આ દશામાંથી કોઇ પણ ઉપાયે છૂટવું જોઇએ એમ એને કેટલાક સમયથી લાગી ગયું છે, પણ બીજી બાજૂ નિર્વાહનો પ્રશ્ન પણ ગંભીર છે, એટલે શું કરવું તે સહેજે નક્કી થઇ શકતું નથી. પણ આજે એ સહસા નિશ્ચય કરી નાખે છે કે હવેથી કોઇ પણ જાતની નોકરી કરવી જ નહિ ને કેવળ શારદાસેવનમાં જ સમગ્ર જીવન ગાળવું. એટલે આજે સેન્ટ્રલ સ્કૂલમાં એણે રૂ. ૪૦) ની જગાનું રાજીનામું આપી દીધું છે, ને સાંજે ઘેર આવી એ, પોતાની અનન્ય ઇષ્ટદેવતા પ્રત્યે જુએ એવા ભક્તિભાવપૂર્વક મેજ પર પડેલી પોતાની કલમ પ્રત્યે જુએ છે, ને લોકોત્તર ભાવોદ્રેકથી આંખમાં આવી ગએલાં ઝળઝળિયાં સમેત ગદ્‌ગદ કંઠે એ તેને માનસિક સંબોધન કરી ઊઠે છે કે 'હવે હું આજથી તારે ખોળે છઉં.' આજે પોણોસો વરસ પછી પણ જંઇ જંઇ માટે મરી ફીટનાર વેપારપ્રધાન ગુજરાતમાં કલમને ખોળે માથું મૂકતાં ભલભલાની પણ છાતી ચાલે એમ નથી, એ જોતાં કવિના પગલામાં જે શૌર્ય, શ્રદ્ધા, ને ત્યાગ રહેલાં હતાં તેના પ્રતિ ભક્તિ-

પૂર્વક મસ્તક નમ્યા વિના રહેતું નથી. છતાં કવિના આ કાર્યને કોઇ જો શુદ્ધ સ્વાર્પણ તરીકે–નિઃસ્વાર્થ અહેતુક સ્વાર્પણ તરીકે–ઓળખાવવા માગતું હોય તો સત્ય એમ કરવા દે એમ લાગતું નથી. સ્વાર્પણ એટલે પોતાની વર્તમાન પરિસ્થિતિથી સર્વથા સંતોષ હોવા છતાં એ સુખમય સ્થિતિનો કશા પણ અંગત લાભની દૃષ્ટિ વિના પરાર્થે કે કોઇ ઉચ્ચ અહેતુક પ્રવૃત્તિ અર્થે ત્યાગ. નર્મદના આ પગલામાં એવો નિષ્કામ ત્યાગ હોવાનો દાવો કરી શકાય એમ નથી. નર્મદ જે શિક્ષણનું કાર્ય કરતો હતો તેથી એને સંતોષ હોય એમ લાગતું નથી. ઊલટું, એના 'રસપ્રવેશ'માં એણે થાકના ઉદાહરણ તરીકે નીચેનું જે કવિત આપ્યું છે તે તો એમ બતાવે છે કે શિક્ષકના ધંધાથી એ પૂરેપૂરો કંટાળી ગયો હતો—

સાડા દશથી તે પાંચ લગી કાહુ કાહુ થાય
કરવી સકત તેમાં નોકરી નિશાળની
જોવી ઉઠએઠ બહુ સહુ ભણનારતણી
સાંભળવી વાત વળી માર ગાળ આળની
સારી રીતે શીખવતાં પુરતો પગાર નહી
ફેફસાં બગાડી લેવી માંદગી અકાળની
થાકી લોથ ભારી થએ બીજાં કામ થાયે નહી
બીજાં જેવું માન નહી માથાફોડ બાળની.

('નર્મકવિતા,' પૃ. ૯૪૦)

સેન્ટ્રલ સ્કૂલમાંથી એણે રાજીનામું શા માટે આપી દીધું તેનો પૂરો ખુલાસો આ કવિતામાંથી મળી રહે છે. છતાં આ રીતે રાજીનામું આપીને પોતાની સાચી જાતને ઓળખી લેવાની એણે જે શક્તિ તથા હરકોઇ ભોગે એ સાચી જાતને વફાદાર બનવાની જે તતપરતા દાખવી છે, જીવનમાં સર્વસ્વ મનાએલ સુખસંપત્તિને અંગત અનુકૂળતા કે ધૂનને ખાતર પણ પળ-વારમાં લાત મારવાની જે વિરલ નિઃસ્પૃહતા બતાવી છે, અને સૌથી વધુ તો, અજ્ઞાતમાં ભૂસકો મારવાનું જે ઉદ્દામ વીરત્વ પ્રકટ કર્યું છે તે સર્વથા પ્રશસ્ય જ છે, અને પરિસ્થિતિની બધી વીગતો લક્ષમાં લેતાં

એનું આ કાર્ય શુદ્ધ સ્વાર્પણના વર્ગમાં આવી શકે એવું નહિ હોવા છતાં તેમાં વ્યક્ત થએલા એના ઉપલા ચારિત્ર્યગુણો કોઇ રીતે ઓછા માનપાત્ર નથી લાગતા.

ø

નર્મદદલપતઝઘડો આપણા સાહિત્યમાં ખૂબ મશહૂર છે. એ ઝઘડાનાં મૂળ કેવી રીતે રોપાયાં એ જોવા જેવું છે. સં. ૧૯૧૫ના જેઠ માસની એક સાંજે મુંબઇમાં શેઠ ભગવાનદાસને બંગલે વાલકેશ્વરમાં એક નાનકડી મંડળી મળી છે. અમદાવાદથી કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇ આંખનું ઓસડ કરાવવા આવ્યા છે તેમને મળવાને ઉત્સુક એવા મુંબઇના કેટલાક જુવાન શેઠિયાઓ એકઠા થયા છે. બંગલાના વિશાળ દીવાનખાનામાં એક ગાદી પર કવિ દલપતરામ સફેદ પોશાક પહેરીને બેઠા છે. ગાદીની કોર આગળ બાજૂમાં તકિયા કને એમનો ભાણેજ બેઠો છે. નજીકમાં એક તરફની ગાદી પર ઓરીએન્ટલ ટ્રાન્સ્લેટર વિનાયકરાવ વાસુદેવ—ત્રણચાર વરસ પર ગવર્નર એલ્ફિન્સ્ટનનો મુકામ અમદાવાદ થએલો ત્યારે હાથી પર બેસી આવેલા ને વેઠના જુલમ વિશે દલપતરામે કરેલો સંવાદ સાંભળેલો[૧૧] તે વિનાયકરાવ—ને થોડાં વરસથી પંકાવા લાગેલો જુવાન કવિ નર્મદ એ બે જણ બેઠા છે. બીજી બાજૂએ 'બુદ્ધિવર્ધક સભા'ના પ્રમુખ ગંગાદાસ કિશોરદાસ તથા આ સમારંભ યોજનાર યજમાન શેઠ ભગવાનદાસ બિરાજ્યા છે. શેઠિયાઓમાંથી કોઇકોઇ હાથમાં હુક્કો લઇ અવારનવાર તેની ઘૂંટ લઇ રહ્યા છે. સાડા છને સુમારે શેઠ ભગવાનદાસ નર્મદને સંબોધીને કહે છે કે 'થોડું કવીશ્વર દલપતરામભાઇ બોલે ને થોડું તમે બોલો.' 'પિંગળપ્રવેશ' આદિ પુસ્તકો તથા 'ગુરુશિષ્યના ધર્મ' આદિ નિબંધોના લેખક, પોતાનાં ગદ્યપદ્યાત્મક ભાષણોથી 'બુદ્ધિવર્ધક સભા' ગજાવનાર નર્મદની પ્રતિષ્ઠા મુંબઇમાં તો સ્થાપિત થઇ ચૂકી છે, પણ હજુ એને દલપતરામ જેવા વરસોથી કવિતાક્ષેત્રમાં ઘૂમતા

---

૧૧ 'દલપતકાવ્ય', ૨, પૃ. ૨-૧૨.

ને એકે અવાજે વખણાએલા કવિની સામે ઊભા રહેવા જેટલી આત્મ-શ્રદ્ધા આવી નથી, એટલે છટકી જવા માટે એ કહે છેઃ ‘દલપતરામભાઇને સાંભળવાની તમારી જેવી આતુરતા છે તેવી જ મારી પણ છે. ને મારું તો તમે ઘણીવાર સાંભળ્યું છે.’ પછી દલપતરામને સંબોધીને **નર્મદ** કહે છે, ‘ચલાવો આપ.’ દલપતરામ ધીરે રહીને ઊભા થઇ પ્રથમ હિંદી કવિત બોલે છે, પછી **હોપ**સાહેબ ને **દોલત**રામ એવાં નામ નીકળે એવી બાહ્યાંતરલાપિકાવાળું ગુજરાતી કવિત બોલી તેની અંદરની ખૂબી શ્રોતાઓને સમજાવે છે. વણિકો ખુશ થાય છે, પણ નર્મદ જરા મુખ મરડે છે. પછી દલપતરામ પોતાના ભાણેજના સાથમાં ‘**જા**દવાસ્થળી’-માંથી કેફનિષેધક પંક્તિઓ ગાઇ સંભળાવે છે. એક બાજૂથી શેઠિયાઓના હુક્કાનો ગુડગુડાટ આવે છે ને બીજી બાજૂ દલપતરામ આમ કેફ વિરુદ્ધ બોધ આપે છે એ જોઇ **નર્મદ** મનમાં હસે છે કે આ બધા હુક્કા લઇને બેઠા છે એની આગળ કેફ ન કરવા વિશે બોલવું એ તો ભેંશ આગળ **ભા**ગવત. ‘**જા**દવાસ્થળી’ પૂરી થતાં શ્રોતાઓનાં પ્રશંસાવચનો વચ્ચે **દલ**-પતરામ બેસી જાય છે કે તરત વિનાયકરાવ મોટે અવાજે બોલી ઊઠે છે—**નર્મદ** પોતે કહે છે તેમ ‘એ ગૃહસ્થ’ **નર્મદ**ની ‘કવિતાના ભારે આ-સક્ત’ થઇ રહ્યા હતા[૧૨] તેથી બોલી ઊઠે છે—કે ‘હવે આપણે મુંબઇના કવિને સાંભળીએ.’ **નર્મદ**ને ઊંડેઊંડે બીક છે કે પોતાની કવિતા **દલ**પતરામ આગળ કદાચ ફીકી પડશે, એટલે એ કહે છે કે ‘આજે તો નહિ જ.’ મોડું થવા માંડયું હતું ને એકબે શેઠિયા કંઇક કારણે **નર્મદ** પર ચિડાયા હતા એટલે તેઓ કહે છે ‘હા, હવે માંડી વાળો—વખત થઇ ગયો છે.’ પણ વિનાયકરાવ તો હઠ લઇને જ બેઠા છે કે ‘મુંબઇના કવિને સાંભળ્યા વિના આંહીંથી ઊઠવું જ નથી.’ **નર્મદ** ગભરાય છે, પણ હવે ઊઠ્યા વિના ચાલે એવું નથી એટલે ઊભો થાય છે, દલપતરામ સામે જોઇ વિનયપૂર્વક કહે છે, ‘દલપતરામભાઇ તો સાગર છે, ને ઘણાં વરસ થયાં

---

૧૨ ‘**નર્મ**કવિતા’, પૃ. ૯

કવિતા કરે છે અને હું તો ખાઓચિયા જેવો ને નવો જ શિખાઉ છઉં. એમને કવિતા કરતાં વીસ વરસ થયાં ને મને તો હજુ ચોથું જ ચાલે છે—એટલે એમના જેવું કશું મારી પાસે નથી, પણ વિનાયકરાવનો આગ્રહ છે માટે બોલું છ.' આમ કહીને એ ઝંપલાવે છે ને પોતાના 'રસપ્રવેશ'-માંથી દોહરા માલિની એક પછી એક લલકારવા લાગે છે. શ્રોતાઓ 'ડંગ' થઇ જાય છે, વિનાયકરાવ કવિને પડખે જ એને ખભે હાથ મૂકીને ઊભા છે ને જેમજેમ આ શ્લોકો બોલાતા જાય છે તેમતેમ વચ્ચેવચ્ચે ઉત્સાહથી પીઠ થાબડતા થાબડતા 'વાહ, વાહ, ખૂબ કીધી', 'અરે નર્મદા-શંકર, આવું સરસ તે તમે ક્યારે બનાવ્યું?' કહેતા જાય છે. નર્મદ પગ વતી તેના બૂટ દબાવે છે કે 'હવે બહુ વાહવાહ કરો મા, દલપતરામ ખિજાશે', પણ પેલા તો બોલ્યે જ જાય છે. દલપત આ બધું જોઇ રહે છે. તેને આ ઊગતા કવિમાં કોઇ પ્રબળ પ્રતિસ્પર્ધી છુપાઇ રહેલો લાગે છે. તે પછી તો નર્મદે દલપતને પોતાને ત્યાં બોલાવી બાસૂદીપૂરી જમાડેલાં, પણ આ સભા પછી બન્નેના દિલમાં સ્પર્દ્ધાનાં બીજ ઊંડાં વવાઇ ગએલાં, ને તેને એ વખતનાં વર્તમાનપત્રોએ જાતજાતની ટીકા કરીને ને 'હિંદી પંચે' તો બન્ને એકબીજાની ચોટલી પકડીને લડતા હોય એવું ચિત્ર છાપીને ખૂબ પોષેલાં. આ બધી ચર્ચાચર્ચી ને કટાક્ષપરંપરાથી બન્નેનાં દિલમાં આંટી પડી ગઇ તે લાંબા વખત સુધી છૂટી નહિ. દલ-પતરામ મુંબઇમાં આઠ માસ રહ્યા, એ દરમિયાન એ બન્નેની કવિતા સાંભળવા લોકોની અનેક સભાએ થવા લાગી. બન્ને કવિ પણ જાણે પોતાની કસોટીનો ખરો પ્રસંગ આવ્યો હોય ને એકએકથી જરા પણ ઊણા નહિ ઊતરવાનો ઠરાવ કરીને બેઠા હોય એમ ઘૂમવા લાગ્યા. નર્મદ કહે છે કે 'એ દિવસોમાં મને ને કવિ દલપતરામને રાતદહાડો ઝંપ ન્હોતો.'[૧૩] આમ આ સમાગમને લીધે એ બન્ને કવિનાં મન તો ચડસા-ચડસી પર આવી ગયાં, પણ એથી ગુજરાતી સાહિત્યને મોટો લાભ

---

૧૩ 'મારી હકીકત', ૭, ૩૧.

થયો. અત્યાર સુધી કવિતા એટલે શું તેની જ મુંબઈના આમવર્ગમાં કોઇને ખબર નહોતી, **નર્મદ**ના 'પિંગળપ્રવેશ' વગેરેથી લોકો તેમાં કંઇક ચંચુપાત કરવા લાગ્યાં હતાં, તેવામાં દલપતરામ આવી ચડયા ને વર્તમાનપત્રોમાં ઉભય કવિ વિશે પુષ્કળ ચર્ચા ચાલી તેથી લોકોનું કવિતા તરફ ખૂબ લક્ષ ખેંચાયું ને સૌ હવે તેમની બન્નેની કવિતા વાંચવા લાગ્યાં. બીજો લાભ એ થયો કે **નર્મદ** દલપત બન્નેનાં દિલમાં હરીફાઇનાં મૂળ રોપાયાં તેથી બન્નેના વિકાસને અત્યંત વેગ મળ્યો. ત્યારથી બન્નેની દૃષ્ટિ સતત રીતે અન્યોન્ય પર રહ્યા કરતી ને કોઇ રીતે પોતે સામા કરતાં પાછળ ન પડી જાય તેની ખાસ ચીવટ બન્ને રાખતા. **નર્મદ**ને તો આ વખતે મનમાં ખાસ વસી ગયું કે દલપતરામ ઘણાં વરસથી કવિતા કરે છે માટે એમનો કાવ્યસંગ્રહ બહુ મોટો છે, ને મારી શરૂઆત તો હજુ હમણાંની જ છે માટે મારો સંગ્રહ બહુ નાનો છે તેથી એ તો જે કોઇ તક મળે તે ઝડપી લઇને કાવ્યો રચ્યાં જ કરતો.[૧૪] પરિણામ આપણો '**નર્મ**કવિતા'નો હજારેક પાનાનો દળદાર ગ્રંથ. દલપતપક્ષે પણ આ પ્રસંગની અસર જેવીતેવી નહોતી. તેને લાગી ગયું કે આ કોઇ સમર્થ પુરુષ કવિતાના પ્રદેશમાં પેઠો છે, એટલે જો બરાબર સાવધ નહિ રહીએ તો આપણને ઉથલાવી નાખી સમ્રાટપદ એ જ સર કરી લેશે. આથી આ છવ્વીસ વરસનો જુવાનિયો આજથી દલપતની દહેશતનો વિષય થઈ પડયો. એ શું કરે છે તેના પર તેની નિરંતર નજર ચોંટી રહેવા લાગી. એણે 'શૂરવીરનાં લક્ષણો' ગાયાં? ઠીક, ત્યારે હું પણ 'શૂરવીર—છત્રીસી' રચું. એણે દેશાભિમાનનાં પદો લખ્યાં? તો મારે પણ 'ભલી ભાર્તભૂમિ'નાં ગુણગાન કરવાં જોઇએ. આમ એ ઊગતો યુવક આ પાકટ

---

૧૪ જુઓ એના જ શબ્દો: 'બીજું ઉત્તેજન આવું કે કવિ દલપતરામ અત્રે આવેલા તે પોતાની ઘણા વરસની કવિતા લાવ્યા હશે ને મને તો કવિતા બનાવતાં થોડાંક જ વર્ષ થયાં છે માટે માહારે નવિનવિ કવિતા કરી સરસાઇ રાખવી જોઇએ.'

—'**નર્મ**કવિતા'. પૃ ૪૮

પુરુષનો કેટલેક અંશે ગુરુ થઇ બેઠો ને તેને હાથે તેની શક્તિના પ્રમાણમાં જે સર્વોત્તમ કઢાવી શકાય એમ હતું તે કઢાવ્યું.

આ પ્રસંગથી **નર્મદને** જે ખ્યાતિ મળી તેમાં એની કૃતિઓ ઉત્તરોત્તર ઉમેરો જ કરતી રહે છે. **અંગ્રેજી** ભણેલા તો એના પર મુગ્ધ જ બની ગયા છે, એમને મન તો ગુજરાતનો સાચો કવિ એ જ છે. એનું નામ લોકોમાં ઘરગથુ થઇ પડે છે. **મુંબઈમાં** તો 'કવિ' શબ્દ જ **નર્મદા**-શંકરનો વાચક બની જાય છે. એ બહાર નીકળે તો ઠેરઠેર લોકો એને જોવાને ટોળે મળે છે. કામપ્રસંગે એ **સૂરત** જઇને પાછા આવે તો દસ દસ હજારની મેદની એને લેવા બંદર પર જાય છે.[૧૫] **મુંબઈ** નગરીને ડોલાવનારા આ યુગમાં બે જ મહાપુરુષો થઈ ગયા:[૧૬] એક દ્રવ્યસૃષ્ટિનો સમ્રાટ **પ્રેમચંદ રાયચંદ** ને બીજો સાહિત્યસૃષ્ટિનો સમ્રાટ—**જૂનાગઢનો** એક જૂની ઢબનો શાસ્ત્રી પણ જેની નવી કવિતાથી મુગ્ધ થઈ कविताकामिनीकान्तनुं નામ આપે છે એવો[૧૭] ચક્રવર્તી **નર્મદ**.

**નર્મદજીવનનો** કીર્તિકાળ હવે પૂરો થાય છે ને તિતિક્ષાકાળ શરૂ થાય છે.

સવારના નવેક થયા છે. કવિ પોતાના લેખનકાર્યમાં મશગૂલ છે. એવામાં કોઈ **કાઠિયાવાડી** ડોસો ભલામણપત્ર લઇને કવિની પાસે આવે છે. કવિને તે પત્ર આપે છે. કવિ વાંચીને પોતાના કારકુન **નરભેરામને**

---

૧૫ ઉત્તમલાલ **ત્રિવેદી**: '**નર્મદા**શંકરનું જાહેરજીવન' ('વસંત', ૩, ૨૫૭).

૧૬ રા. **ન્હાનાલાલ કવિ**: 'સાહિત્યમંથન', પૃ. ૧૩૩.

૧૭ **જૂનાગઢના** કોઈ **હરિદત્ત કરુણાશંકર શાસ્ત્રીએ** સં. ૧૯૨૬માં **નર્મદ** પર પત્ર લખેલો તેમાં એને આ રીતે પ્રણામ કરેલા:

स्वदेशीयहितार्थं यः स्वशिरोऽपित्यजेद् बुधः
कविताकामिनीकान्तं नर्मदं तं प्रणोम्यहम्'

('ગુજરાતી' સં. ૧૯૭૭ દિવાળી, પૃ ૯).

બોલાવે છે અને આ ડોસાને સો રૂપિયા આપવાનું કહે છે. આ વખતે કવિ કરજમાં ગળાબૂડ ડૂબી ગયા છે, છતાં એમને ત્યાંથી કોઈપણ યાચક ખાલી હાથે પાછો ફરતો નથી. એ પ્રમાણે આજે પણ એ આ ડોસાને મોટી રકમ આપવાનો હુકમ કરે છે. પણ **નરભેરામ** પાસે સિલકમાં રોકડા છસાત રૂપિયા છે. કવિએ ફરમાવ્યું એટલે **નરભેરામ** એ ડોસાને પોતાની ઓરડીમાં લઈ જાય છે અને ત્રણચાર દિવસ પછી એ રકમ પોતાની પાસે આવીને લઈ જવાનું બાંધ્યે ભરમે કહી તેને વદાય કરે છે. કવિને માથે મોટી રકમનું કરજ છે તે ઉપરાંત અનાજવાળા દૂધવાળા વગેરેનું પરચૂરણ કરજ પણ વધી ગયું છે, તેથી ક્યાંયથી ઉધાર મળે એમ નથી. પેલા છસાત રૂપિયા પણ ચારેક દિવસના ચાપાણી વગેરેના રોજિન્દા ખરચમાં ચટ થઈ જાય છે. ફક્ત એક પાવલી તેમાંથી સિલકે રહે છે. એ પાવલી સિવાય ઘરમાં અનાજનો કણ સરખો નથી. પાંચમે દિવસે નિત્યનિયમાનુસાર અગિયારેક વાગ્યે લખાણકામથી પરવારી કવિ નહાવા નીચે ઊતરે છે. કુટુંબ બધું **સૂરત** છે, એટલે રસોઈનો ભાર **નરભેરામ**ને માથે છે. પણ રસોડામાં જઇને જુએ છે તો બધું ઢંઢુંગાર છે. ચકિત થઇને કવિ કારકુનને પૂછે છે, '**નરભેરામ**, આજે આમ કેમ?' એટલે કારકુન સઘળી હકીકત સજળ નેત્રે સમજાવે છે. કવિ લગારે ક્ષોભ પામ્યા વિના શાંતિથી કહે છે, 'ઓહો, એમ છે? તો એમાં આટલો બધો ગભરાય છે શું? એ પણ એક રંગ છે! ઠીક, ચાલો, એ પાવલી છે તેમાંથી જે થાય તે કરો.' **નરભેરામ** બજારમાંથી બે આનાના પૌંઆ ને બે આનાનું દૂધ લાવે છે. એમાંથી અલ્પાહાર કરી જાણે કશું જ ન બન્યું હોય એમ સ્વસ્થ રીતે કવિ પોતાના સાહિત્યસેવનમાં ગૂંથાઈ જાય છે.[૧૮] કેટલી તિતિક્ષા? કેટલી અલિપ્તતા? ને આવી વિષમ સ્થિતિ છતાં નોકરી નહિ કરવાના નિશ્ચયને વળગી રહેવામાં કેટલી દૃઢતા ને વિરલ ચારિત્ર્યબળ? 'એ પણ એક રંગ છે!' સ્મશાનમાં પણ મુક્ત હાસ્ય કરનારા **મહાદેવ**ની

---

૧૮ **રાનરામ રામશંકર શાસ્ત્રી**: '**સમયવીર નર્મદનાં સંસ્મરણો**'.

જેમ આવી ઘોર વિપત્તિમાં પણ જીવનનો એક ન્યારો રંગ જ જોનાર કવિને પણ રંગ જ છે ને?

અને આ કોણ? મૃગચર્મ પાથરીને તેના પર એક દેદીપ્યમાન મૂર્તિ સૌમ્ય મુખમુદ્રા ધારણ કરીને બેઠી છે. કપાળમાં ત્રિપુંડ છે, ગળે રુદ્રાક્ષની માળા છે, હાથમાં ગૌમુખી છે, સામે ઋગ્વેદ યજુર્વેદની પોથીઓ તથા સરસ્વતીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરેલી છે, બાજૂમાં બે ઘીના દીવા બળી રહ્યા છે. ગૌમુખીમાં માળા ફરતી જાય છે ને મુખેથી 'ॐ श्री सांबशिवाय नमः'નો જપ થતો જાય છે.[19] આ કોણ? નર્મદ? જૂનું બધું નિંદનારો, મૂર્તિપૂજાને મિથ્યા માની પોતાના કુટુંબના દેવસમૂહને પંદર વરસ પર પડોશીને સોંપી દેનારો, મદ્યમાંસનું ઉઘાડે છોગે સેવન કરનારો નર્મદ? હોય નહિ. પણ લાગે છે તો એ જ. એનું એ જ પ્રતાપી મુખ શોભી રહ્યું છે, પણ એમાં પ્રતાપની સાથે વિષાદની આછી છાયા પથરાઈ ગઈ છે. આંખોમાં એનું એ બુદ્ધિતેજ ચમકી રહ્યું છે, પણ બુદ્ધિની પેલી પાર પણ કંઈક અગમ્ય તત્ત્વ છે ખરું એવી પ્રતીતિ થતાં એનું અભિમાન ઓસરી ગયું છે ને એ શાન્ત બનેલ છે. જગત સામે ઝૂઝવાનું બળ હજુ ચાલ્યું નથી ગયું, પણ એમ ઝઘડવામાં હવે એને બહુ સાર લાગતો નથી. એ કરતાં તો જાત સામે ઝઘડવાની એને વિશેષ જરૂર લાગે છે. આ બધું શાથી થયું? વાંચો 'ધર્મવિચાર'. દુનિયાના જાતજાતના રંગો એણે વીસ વરસમાં જોયા, સુધારાપક્ષનો દંભ, એની કાયરતા, એનો કુસંપ ને એનો સડો એણે નિરખ્યો, સ્નેહનાં જૂઠાણાં, પુરુષપ્રયત્નની મર્યાદા, અદૃશ્ય શક્તિનું સામર્થ્ય એ સઘળું એણે અનુભવ્યું, દેશદેશના ઇતિહાસના અભ્યાસે—પૃથ્વી પર આજસુધીમાં થઈ ગએલાં અનેક રાજ્યોના રંગોના દર્શને—સંસ્કૃતિનાં સ્વરૂપ ને નિયમોનો એને ખ્યાલ આપ્યો, એટલે હવે એને

૧૯ જુઓ નર્મદનો અપ્રસિદ્ધ લેખઃ 'ધર્મતંત્ર' ('ગુજરાતી', ૧૯૭૧, દિવાળી પૃ. ૧૮૦૩–૫.)

બોલાવે છે અને આ ડોસાને સો રૂપિયા આપવાનું કહે છે. આ વખતે કવિ કરજમાં ગળાબૂડ ડૂબી ગયા છે, છતાં એમને ત્યાંથી કોઈપણ યાચક ખાલી હાથે પાછો ફરતો નથી. એ પ્રમાણે આજે પણ એ આ ડોસાને મોટી રકમ આપવાનો હુકમ કરે છે. પણ **નરભેરામ** પાસે સિલકમાં રોકડા છસાત રૂપિયા છે. કવિએ ફરમાવ્યું એટલે **નરભેરામ** એ ડોસાને પોતાની ઓરડીમાં લઈ જાય છે અને ત્રણચાર દિવસ પછી એ રકમ પોતાની પાસે આવીને લઈ જવાનું બાંધ્યે ભરમે કહી તેને વદાય કરે છે. કવિને માથે મોટી રકમનું કરજ છે તે ઉપરાંત અનાજવાળા દૂધવાળા વગેરેનું પરચૂરણ કરજ પણ વધી ગયું છે, તેથી ક્યાંયથી ઉધાર મળે એમ નથી. પેલા છસાત રૂપિયા પણ ચારેક દિવસના ચાપાણી વગેરેના રોજિન્દા ખરચમાં ચટ થઈ જાય છે. ફક્ત એક પાવલી તેમાંથી સિલકે રહે છે. એ પાવલી સિવાય ઘરમાં અનાજનો કણ સરખો નથી. પાંચમે દિવસે નિત્યનિયમાનુસાર અગિયારેક વાગ્યે લખાણકામથી પરવારી કવિ નહાવા નીચે ઊતરે છે. કુટુંબ બધું **સૂ**રત છે, એટલે રસોઈનો ભાર **નરભે**-રામને માથે છે. પણ રસોડામાં જઇને જુએ છે તો બધું ઠંડુંગાર છે. ચકિત થઇને કવિ કારકુનને પૂછે છે, '**નરભેરામ**, આજે આમ કેમ ?' એટલે કારકુન સઘળી હકીકત સજળ નેત્રે સમજાવે છે. કવિ લગારે ક્ષોભ પામ્યા વિના શાંતિથી કહે છે, 'ઓહો, એમ છે ? તો એમાં આટલો બધો ગભરાય છે શું ? એ પણ એક રંગ છે ! ઠીક, ચાલો, એ પાવલી છે તેમાંથી જે થાય તે કરો.' **નરભેરામ** બજારમાંથી બે આનાના પૌંઆ ને બે આનાનું દૂધ લાવે છે. એમાંથી અલ્પાહાર કરી જાણે કશું જ ન બન્યું હોય એમ સ્વસ્થ રીતે કવિ પોતાના સાહિત્યસેવનમાં ગૂંથાઈ જાય છે.[૧૮] કેટલી તિતિક્ષા ? કેટલી અલિપ્તતા ? ને આવી વિષમ સ્થિતિ છતાં નોકરી નહિ કરવાના નિશ્ચયને વળગી રહેવામાં કેટલી દૃઢતા ને વિરલ ચારિત્ર્યબળ ? 'એ પણ એક રંગ છે !' સ્મશાનમાં પણ મુક્ત હાસ્ય કરનારા મહાદેવની

૧૮ રાજારામ રામશંકર શાસ્ત્રી: 'સમયવીર **નર્મદ**નાં સંસ્મરણો'.

પરમાત્મા, તારી લીલા અકળ છે, તો આજ સુધી તંગ ખેંચી
. ગામ હવે તારા જ હાથમાં મૂકી દઉં છું.'[૨૦]

.ેક દિવસ પછીની એક સવાર. સમય સાડાદસ. પ્રસંગની ગંભીરતા
તે દિવસ સાંજવાળું મિત્રમંડળ અત્યારે પણ કવિને ત્યાં એકઠું
. કવિ તૈયાર થઇને, મિત્રોએ વગર કહ્યે વગર પૂછ્યે પોતાની મેળે
કરી એમને માટે નક્કી કર્યા મુજબ ગોકળદાસ તેજપાળના ધર્માદા-
ની ઑફિસમાં નોકરી કરવા અત્યારે નીકળે છે. આગળ ઑફિસનો
ળો છે. કવિ ચાલે છે ત્યાં એકબે મિત્રો એમની સામે જોઈ સહેજ
. કરે છે. એટલે કવિ અત્યંત ગ્લાનિપૂર્વક બોલે છે, 'ભાઇઓ, શું
. છો? ચોવીસ વરસે ટેક મુકાવ્યો છે. ચોવીસ અવતારે પણ લજ્જા
. રાખી એ પણ પ્રારબ્ધની લીલા છે. જોતા જાઓ હવે વળી શું
. છે તે! આ જુઓ અમે દાસપણું કરવાને ચાલ્યા!' આમ બોલી
ચે મોઢે જ કવિ દાદર ઊતરી પડે છે ને સૌને સંતાપ થાય છે. આ
.કરી કવિએ સાડાત્રણ વરસ જ કરી, પણ આજથી એમના મુખ
.રથી સ્મિત સદાને માટે ઊડી જાય છે.

કવિના આ સેવાસ્વીકારથી સૌ ખુશ થાય છે. એક એના સુખદુઃખની સાચી ભાગિયણ એની ધર્મપત્ની ડાહીગૌરીને એ વાત ગમતી નથી. પ્રથમ દિવસે નોકરીનો પત્ર આવેલો ને નર્મદની આંખમાંથી અત્યંત દુઃખનાં આંસુ પડેલાં એ જોઇને તેને પુષ્કળ પીડા થએલી ને ત્યાં બેઠેલા મિત્રોને સંબોધીને તે છેડાઇને બોલી ઊઠેલી કે 'તમે સૌએ ભેગા મળીને આ શું કરવા માંડ્યું છે? મારા ઘરની દીનતા કોણ ક્યારે દેખી ગયું કે સિંહને તમે પાસલામાં નાખો છો? મારો ... કોઇનો દાસ છે થશે પણ નહિ. એમને પરાધીન બનાવી ... જીવનનિયમ કેમ છો?' કવિપત્નીના આ ટેકપ્રેમને, પતિ ... તેની તાદાત્મ્ય

---

૨૦ રણજરામ રામશંકર શાસ્ત્રીઃ 'સમયવીર ... .મરણો'.

પોતાના પૂર્વજીવનની સુધારાપ્રવૃત્તિ ભૂલભરી લાગી છે ને એ ભૂલ નામર્દાઈથી છુપાવી ન રાખતાં છડેચોક એણે 'ભૂલ્યા રે ભાઈ ભૂલ્યા!' 'ભાઈ, ભૂલ્યા રે પાછા હઠો, હઠે દુઃખ ભાગે' એવો પોકાર કરવા માંડ્યો છે. એ આ પરિવર્તનનો ખુલાસો.

નવલરામકૃત 'કવિજીવન'માં વાંચીએ છીએ કે કવિને આખર અવસ્થાએ મિત્રોના આગ્રહને વશ પોતાનો ટેક છોડી નોકરી લેવી પડી હતી. એ શી રીતે બનેલું? આ રહ્યું એ પ્રસંગનું ચિત્ર.

સાંજના ૭ થયા છે. કવિ પોતાના ઇષ્ટમિત્રો સાથે બેઠા છે. જુદા જુદા સાર્વજનિક પ્રશ્નો પર ઉત્સાહભેર ચર્ચા ચાલી રહી છે. કવિ સૌની વાત આદરપૂર્વક સાંભળીને છેલ્લે પોતાનું દૃષ્ટિબિન્દુ સચોટ રીતે મૂકે છે. એવામાં એક પરબીડિયું મળે છે. ખોલીને વાંચતાં જ કવિના અંતરમાં મર્મદારક મંથન શરૂ થતું મુખ પર જોઈ શકાય છે. આશ્ચર્ય, ક્રોધ, ગ્લાનિ, ને દીનતાના ભાવોની પરંપરા સપાટાબંધ મુખ પરથી પસાર થઈ જાય છે, ને પળવારમાં જ આંખમાંથી આંસુની ધાર થાય છે. કશું જ બોલ્યા વિના કવિ એ પત્ર પોતાની પડખેના મિત્રને વાંચવા આપે છે, તે બીજાને આપે છે, એમ મંડળમાં સૌના હાથમાં તે પસાર થાય છે. પત્રમાંની હકીકતથી સૌ પહેલેથી જ વાકેફ છે, પણ કવિની અત્યારની દર્દભરી હાલત દેખી લાંબા વખત સુધી કોઈના મોંમાંથી શબ્દ જ નીકળી શકતો નથી. આખરે કવિ જ એ મૌન તોડે છેઃ 'ચોવીસ ચોવીસ વરસ સુધી પાળ્યા પછી પણ આખરે ટેક મૂકવાનો વખત આવ્યો, હું તમને સૌને કહેતો હતો કે ભાઈ, કવિરાજ કહેવું રહેવા દ્યો, પણ તમે ન માન્યું ને જુઓ હવે કવિદાસ કહેવરાવવાનો વારો આવ્યો. વાત બધી તમે જાણો જ છો. તમારા જ પ્રયાસનું આ પરિણામ છે, એમ મારો અંતરાત્મા સાક્ષી પૂરે છે. ભલે સૌની એમ જ ઇચ્છા હોય તો તથાસ્તુ! મારા અંતરનું મંથન એક હું જ જાણું છું. "કોડી સદાવ્રતની આ મારી રે, ભૂખ્યા ભક્તિના તું રાખજે ભરી." એમ ગાનારને જ સદાવ્રતનું અન્ન ખાવાનો સમય

છે. તું પણ તેમની પેઠે ઘસડાઈ ન જાય માટે મારા જીવનનું ઝીણવટથી અવલોકન કરજે. લક્ષમાં રાખજે કે આજ સુધીનાં તમામ તત્ત્વશાસ્ત્રો ને ધર્મોનું મેં નિષ્પક્ષપાત નિરીક્ષણ કર્યું હતું, ને અનેક માર્ગોમાં ફાંફાં મારી આખરે હું આર્યમહર્ષિઓના માર્ગમાં પાછો આવ્યો છું. સૌની પણ એ જ દશા થવાની છે. અથડાઈકુટાઈને સૌ એ જ માર્ગે પાછું આવવાનું છે. જમાનો વિચિત્ર છે. ઘણી વાર તને શંકા થશે, ઘણી વાર મન પાછું હટશે, ઘણી વાર સ્નેહી મિત્રો આડેઅવળે રસ્તે લઈ જવા મથશે, પણ એ બધા સંજોગોમાં અડગ રહી સ્વધર્મને વળગી રહેજે. ભૂલીશ નહિ કે स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः જય સાંબ સચ્ચિદાનંદ!' આવો આખરી આદેશ આપીને આ સત્યવીરે જીવનલીલા સંકેલી લીધી.

આ જીવનનું જરાક સમગ્રદર્શન કરી જુઓ. આંહીં તો એનો અંશમાત્ર જ આલેખી શકાયો છે, છતાં ખરેખર અદ્દ્ભુત નથી લાગતું તે? સાધારણ રીતે સાહિત્યકારનું જીવન પાંખું, સાદું કે લૂખું જ હોય. જન્મ્યો, ભણ્યો, કમાયો, મર્યો એથી વિશેષ તેમાં ભાગ્યે જ કંઈએ કહેવાનું જડે. ત્યારે આ સાહિત્યકારશિરોમણિનું જીવન કેટલું ઘટ્ટ—ભરચક—, કેટલું સંકુલ ને કેટલું રોમાંચક? કોઈ જૂના જમાનાના બહારવટિયાની કથા જેટલી રોમાંચક હોય તેટલી જ આ નવા જમાનાના નવીન જ પ્રકારના બહારવટિયાની કથા પણ રોમાંચક નથી લાગતી? વહેમજવન, રૂઢિ, સમાજ આદિની સામે જીવનભર ઝૂઝવામાં એણે એટલું જ શૌર્ય, ધૈર્ય ને સામર્થ્ય નથી દાખવ્યું? સુખદુઃખ, ચડતીપડતી, રાગવિરાગના અજબ પલટા પણ એના જીવને કેટલા બધા અનુભવ્યા છે? આજે એ દ્રવ્યની છોળોમાં રમતો હોય, કાલે 'ડાંડિયા'માં એની કલમ કોઈક જ્ઞાતિ કે વર્ગને ઘાયલ કરે, એટલે થોડા જ દિવસમાં એનાં પુસ્તકોની ઘરાકી જ ઘટી જાય, એણે માથે લીધેલા કોઈ કામને મળતો આશ્રય જ બંધ થઈ જાય, ને ઘરખટલાના જબરા ખર્ચને લીધે થોડા જ વખતમાં પૈસાની તંગી પડવા લાગે એટલે દહાડામાં દસ વાર 'દોઢિયાં!' એમ ઊંડો નિઃશ્વાસ નાખતો પણ તમે એને જુઓ.

અને એના પ્રત્યેના તેના પ્રેમાર્દ્ર ભક્તિભાવને ધન્યવાદ જ ઘટે છે. કવિની અનેક બેવફાઇઓ છતાં, ને ઘરમાં જ બે વિધવાને એણે આશરો આપેલો છતાં એના પ્રત્યેના પોતાના ભાવમાં લેશમાત્ર ન્યૂનતા ન આવવા દેનાર ડાહીગૌરી ખરેખર નંદશંકરે કહેલું તેમ અર્વાચીન યુગની સતી જ ગણાય. અને એવી સતી સ્ત્રીના ઉલ્લેખ વિના કવિની આછી જીવનરેખા પણ અપૂર્ણ જ લેખાય.

અને હવે આવે છે અંતિમ દૃશ્ય. સં. ૧૯૪૨ની શિવરાત્રિનો દિવસ છે. લાંબી માંદગી છતાં કવિ આજે મૃગચર્મ બિછાવીને તે પર બેઠા છે. સામે બે સ્ત્રીઓ ને એક કૉલેજિયન બેઠાં છે. સ્ત્રીમાં એક ડાહીગૌરી પોતે છે. કૉલેજિયન તે કવિએ પોતાના ઘરમાં રાખી ભણાવેલ, પોતાના કારકુનનો પુત્ર રાજારામ શાસ્ત્રી છે. જીવનદીપ બુઝાઈ જવાની તૈયારીમાં છે, કવિને તેનું ભાન છે, તેથી પોતાનાં સ્વજનોને પાસે બોલાવી છેલવેલું જીવનનિવેદન કરી લેવા બોલવા માંડે છેઃ ‘ત્રેપન વરસ થયાં મને. એ ત્રેપન વરસના ગાળામાં જગતના કેટલા પાર વિનાના રંગો જોયા મેં, ને જગતે પણ મારા કેટલા પાર વિનાના રંગો જોયા ? સંસારના કડવા મીઠા સઘળા સ્વાદો નિઃસ્પૃહતાથી ને નિર્ભયતાથી માણવા એ મારી મૂળથી જ પ્રકૃતિ હતી ને મેં એ પેટભરીને માણ્યા પણ ખરા. જીવનનું મોટું સદ્ભાગ્ય સમજું છું એને. મારી બુદ્ધિ જે જે સમયે જ્યાં જ્યાં મને દોરી ગઈ ત્યાં ત્યાં તે તે સમયે નિઃસંકોચપણે મેં ઝોકાવ્યું ને તેના પરિણામે જે સુખદુઃખ આવ્યાં તે આનંદપૂર્વક વધાવી લીધાં. મારા પૂરતો મને એમાં જરાએ હર્ષશોક નથી. પણ એમાં એક વાત ખોટી થઈ ગઈ. મારા એ સ્વચ્છંદથી ડાહી, તારે બહુ સહન કરવું પડ્યું. સ્ત્રીસ્વભાવ જ સહનશીલ છે, પણ તેમાંએ તેં તો અવધિ કરી. માટે જ તને ઘણીવાર હું દેવી કહું છું. તારી આ પાત્રતા જોઇને વંદન જ કરશે સૌ તને. . . . ને રાજુ, જો, સમય અવ્યવસ્થિત છે. લોકસમૂહ બેહદ સ્વચ્છંદી બની ગયો છે. આજના યુવકો પાશ્ચાત્ય પ્રવાહમાં ઘસડાઈ જવાના

છે. તું પણ તેમની પેઠે ઘસડાઈ ન જાય માટે મારા જીવનનું ઝીણવટથી અવલોકન કરજે. લક્ષમાં રાખજે કે આજ સુધીનાં તમામ તત્ત્વશાસ્ત્રો ને ધર્મોનું મેં નિષ્પક્ષપાત નિરીક્ષણ કર્યું હતું, ને અનેક માર્ગોમાં ફાંફાં મારી આખરે હું આર્યમહર્ષિઓના માર્ગમાં પાછો આવ્યો છું. સૌની પણ એ જ દશા થવાની છે. અથડાઈકુટાઇને સૌ એ જ માર્ગે પાછું આવવાનું છે. જમાનો વિચિત્ર છે. ઘણી વાર તને શંકા થશે, ઘણી વાર મન પાછું હઠશે, ઘણી વાર સ્નેહી મિત્રો આડેઅવળે રસ્તે લઈ જવા મથશે, પણ એ બધા સંજોગોમાં અડગ રહી સ્વધર્મને વળગી રહેજે. ભૂલીશ નહિ કે स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः જય સાંબ સચ્ચિદાનંદ!' આવો આખરી આદેશ આપીને આ સત્યવીરે જીવનલીલા સંકેલી લીધી.

આ જીવનનું જરાક સમગ્રદર્શન કરી જુઓ. આંહીં તો એનો અંશ-માત્ર જ આલેખી શકાયો છે, છતાં ખરેખર અદ્ભુત નથી લાગતું તે? સાધારણ રીતે સાહિત્યકારનું જીવન પાંખું, સાદું કે લૂખું જ હોય. જન્મ્યો, ભણ્યો, કમાયો, મર્યો એથી વિશેષ તેમાં ભાગ્યે જ કંઇએ કહેવાનું જડે. ત્યારે આ સાહિત્યકારશિરોમણિનું જીવન કેટલું ધટ્ટ—ભરચક—, કેટલું સંકુલ ને કેટલું રોમાંચક? કોઈ જૂના જમાનાના બહારવટિયાની કથા જેટલી રોમાંચક હોય તેટલી જ આ નવા જમાનાના નવીન જ પ્રકારના બહારવટિયાની કથા પણ રોમાંચક નથી લાગતી? વહેમજવન, રૂઢિ, સમાજ આદિની સામે જીવનભર ઝૂઝવામાં એણે એટલું જ શૌર્ય, ધૈર્ય ને સામર્થ્ય નથી દાખવ્યું? સુખદુ:ખ, ચડતીપડતી, રાગવિરાગના અજબ પલટા પણ એના જીવને કેટલા બધા અનુભવ્યા છે? આજે એ દ્રવ્યની છોળોમાં રમતો હોય, કાલે 'ડાંડિયા'માં એની કલમ કોઇક જ્ઞાતિ કે વર્ગને ઘાયલ કરે, એટલે થોડા જ દિવસમાં એનાં પુસ્તકોની ઘરાકી જ ઘટી જાય, એણે માથે લીધેલા કોઈ કામને મળતો આશ્રય જ બંધ થઈ જાય, ને ઘરખટલાના જબરા ખર્ચને લીધે થોડા જ વખતમાં પૈસાની તંગી પડવા લાગે એટલે દહાડામાં દસ વાર 'દોઢિયાં!' એમ ઊંડો નિ:શ્વાસ નાખતો પણ તમે એને જુઓ.

એક કાળે તમે એને ચાંદનીમાં બેસી શરાબના જામ ઢાલવતો દેખો, તો થોડા જ સમય બાદ તમે એને શુદ્ધ બ્રાહ્મણ બની 'નમઃ શિવાય'નો મંત્ર પૂરી આસ્થાથી જપતો પણ દેખો પાછા. એક વાર 'યાહોમ કરીને પડો'નું બ્યૂગલ બજાવી સૌને સુધારાના કાર્યમાં જોમભેર પ્રેરતો હોય, તો એનો એ જ **નર્મદ** પાછો 'ભૂલ્યા રે ભાઈ ભૂલ્યા! પાછા હઠો, જૂનું સંભાળો' એમ પડકાર પણ કરતો હોય. પોતાના કાવ્યસમૂહને 'સુધારાનું બાઈબલ' કહીને એક દિવસ એ અભિમાનમાં મહાલતો હોય તો કાળાંતરે વળી એ જ કાવ્યસમૂહ દીઠો પણ ન ગમતો હોય ને '**બાપડે**, બાળી નાખો, બાળી નાખો એ થોથું. મારી પાસે એનું નામ લેશો મા.' એમ ઊંડા આત્મ-તિરસ્કારથી એને ફેંકી પણ દેતો હોય. આટલી નાનકડી જિન્દગીમાં એણે કેટલાં તીવ્ર મંથનો અનુભવ્યાં છે? કેટલાં બધાં વમળોમાં અટવાતો ને વળી પાર ઊતરતો એ દેખાય છે આપણને? એનું સહેલાણીપણું, એની ધૂન, એની લાલાઈ, એનાં ઇશ્કતોફાનો, એની છોકરવાદીઓ એ બધું પણ કોઈ વિલક્ષણ પ્રકારનો રસ નથી આપતું? આદિથી અંત સુધી જોઈએ તો કાવ્યશાસ્ત્રના મુખ્ય મુખ્ય સઘળા રસોનું કોઈ રમણીય સંયોજન નથી થયું લાગતું એના જીવનમાં? શૃંગાર, વીર, કરુણ ને શાંત એ પ્રધાન રસોની તો છોળો જ નથી ઊછળતી એમાં? **નર્મદ** મહાકાવ્ય રચી નથી ગયો પણ મહાકાવ્ય જીવી ગયો છે ખરો. નાના રસથી નીગળતું, भिन्नरुचेर्जनस्य एकमपि समाराधकम् એવું—આબાલવૃદ્ધ સર્વ પ્રકારનાં મનુષ્યોને આકર્ષક થઈ પડે એવું—ચરિત્ર જેના ઉપરથી લખી શકાય એવું અનેક-રંગી જીવન ગુજરાતના વિદેહ સાક્ષરોમાં કોઈ ગાળી ગયો હોય તો તે **નર્મદ** જ છે. આવા અદ્‌ભુત જીવનનું ગુજરાતમાં કોઈ વિદ્વાને રંગભર સાંગોપાંગ આલેખન ન કર્યું એથી આપણા સાહિત્યે એક અમૂલ્ય ગ્રંથ નથી ગુમાવ્યો? આપણી પ્રજાએ પ્રેરણાની મોંઘી ખાણ નથી જતી કરી? આપણા વાચકોએ સદ્‌બોધનો મોટો અવસર નથી એળે જવા દીધો?

## પ્રકરણ ત્રીજું
## યૌવનમૂર્તિ

નર્મદની ત્રણ ચાર છબી મળી આવે છે, તેમાંથી આ એક જોવા જેવી છે. જૂની ઢબનું, કાંડા આગળથી ચડાવવી પડે એવી લાંબી બાંયોવાળું, ભરાવદાર અંગ સાથે બરાબર ચોટી ગએલું, કસથી બાંધેલું તસતસતું અંગરખું પહેરી તથા માથે ઘંટીના પડ જેવી મોટી બ્રાહ્મણ-શાહી પાઘડી મૂકી તેમાં એ ખુરશી પર બેઠો છે. ડાબો હાથ છટાથી ડાબા સાથળ પર રાખી દીધો છે તથા જમણા હાથની કોણી બાજૂના સુંદર વસ્ત્રથી આચ્છાદિત ટેબલ પર ટેકવી તેની તર્જની લમણે લગાડી રાખી છે—જાણે કોઈ દીર્ઘ ચિંતનમાં કે ઊંડા મંથનમાં પડ્યો હોય એવી છાપ તે પાડી રહી છે. આંખો દેખીતી તો સંમુખ જોઈ રહી છે, પણ વસ્તુતઃ અંતર્મુખ બની આત્મેતર સર્વ વસ્તુઓને જાણે ઉવેખી રહી છે. છબીની નીચે એક તરફ 'ઉમ્મર, ૨૭' ને બીજી તરફ 'નર્મદ આખરે જુદાઈ જ' એમ છાપેલું છે. બત્રીસ વરસની ઉંમરે એણે પોતાનો જે ગદ્યસંગ્રહ પહેલવહેલો પ્રકટ કર્યો તેમાં આ છબી એણે ગ્રંથારંભે મૂકેલી. છબીની પેઠે એ સંગ્રહની ટૂંકી પ્રસ્તાવના પણ લાક્ષણિક છે. તેમાં એ કહે છેઃ 'આ સંગ્રહ મેં મારે માટે જ છપાવ્યો છે—પછી લોકો એનો લાભ લો તો લો. પંદર વરસમાં જુદા જુદા આકારમાં છપાઈને બાહાર વેરાતું પડેલું તે લખાઈને ઘરમાં રઝળતું અને કામ પડેથી મુસ્કેલે હાથ લાગતું એવાં લખાણનો સંગ્રહ મારી ટેબલ પર હાજર હોવો જ જોઇએ. એ લખાણ, પ્રસંગના જોસ્સાઓની નીશાની છે. માટે એમાંના વિચારોને ચોમાસાનું ડોહોળાએલું પાણી સમજવું—અલબત્ત થોડાં વરસ પછી ફેર-ફાર સાથે ફરીથી છપાય તો, એ વિચારો શરદ્ ઋતુનાં પાણી જેવાં થાય ખરાં. મારા વિચારને માટે સમજુક ગમે તેમ બોલો, પણ આટલું

તો હું જ ખાતરીથી કહું છું કે મારાં ગદ્યની ભાષા, સને ૧૮૨૧થી તે આજદીન લગીમાં બહાર પડેલા જાણવાજોગ નમુનામાંની એક છે...... અહીંના ને જીલ્લાના ઘણાએક લોકોની ઇચ્છા અને કેટલાએક મિત્રોની વિનંતિ એ ઉપરથી મેં મારું ચાડું (જરમનીથી કોતરાવી અણાવી,) ગ્રંથને આરંભે મુકવાનો અવિવેક કર્યો છે.'

આ છબી ને પ્રસ્તાવના એમાં **નર્મદ**જીવનનું એક પાસું બહુ સ્પષ્ટ ને સચોટ રૂપમાં અંકાઈ ગયું લાગે છે. લમણે મૂકેલી તર્જનીની લાક્ષણિકતા—કંઈક અંશે લોકોથી ચાહીને જુદા તરી આવવા તથા તેમનું ખાસ લક્ષ ખેંચવા ઇરાદાપૂર્વક ધારણ કરેલી લાક્ષણિકતા, મુખમુદ્રાની અંદર વ્યક્ત થતું મંથન—'ચોમાસાના ડોહોળાએલાં પાણી'ની યાદ આપતું વમળભરપૂર મંથન—આંખો દ્વારા સૂચવાતી વૃત્તિની આત્મલીનતા, 'લોકો લાભ લે તો લે.' 'સમજુક ગમે તે બોલો' એની અંદરની બેપરવાઈ, 'તો પણ હું ખાતરીથી કહું છું' એની અંદરનો અચળ આત્મવિશ્વાસ, 'આ સંગ્રહ મેં મારે માટે જ છપાવ્યો છે' 'મારા ટેબલ પર હાજર હોવો જ જોઈએ' એમાંનો અભિમાનનો રણકો, 'જરમનીથી કોતરાવી અણાવી મારું ચાડું મુકવાનો અવિવેક કર્યો છે' એમાંની નિખાલસ નફ્ટાઈ—'હા, હું અવિવેકી છું. તમારે કહેવું હોય તે કહો' એવી નિખાલસ નિઃસ્પૃહ નફ્ટાઇ—આ બધામાંથી એક જ વ્યક્તિ તરી આવે છે—શક્તિથી છલકાતી, 'જોસ્સા'નાં 'ડોહોળાં પાણી'માં અટવાતી તણાતી પણ આખરે તરતી, જગતની સામાન્ય મર્યાદાઓને ઠોકર મારવામાં રાચતી, આત્મશ્રદ્ધાથી ઊભરાતી ને પોતાની જ ધૂનમાં મસ્ત એવી કોઈ વિલક્ષણ યૌવનમૂર્તિ. અને આ જ **નર્મદ**જીવનનું પ્રધાન સ્વરૂપ. **નર્મદ** એટલે જ સનાતન યૌવનમૂર્તિ.

જગતમાં આપણે જાતજાતનાં મનુષ્યો જોઇએ છીએ, પરંતુ અવસ્થા પરત્વે તેમ પ્રકૃતિ પરત્વે પણ મુખ્યત્વે તે ત્રણ વર્ગમાં પડે છેઃ બાળક, યુવાન, ને જરઠ. જગતનાં ઘણાં માણસો નિત્ય બાળક જેવાં જ હોય છે. દેખાવમાં હોય ચાળીસ પચાસનાં, છતાં તે દશ વરસથી આગળ ભાગ્યે જ વધ્યાં હોય છે. કાંકરાની પેઠે ધનસંચય કરનારાં, ઢીંગલા ઢીંગલીની

પેઠે પુત્રપુત્રીને જેમતેમ પરણાવી રાચંનારાં, ને ઘરની ઘોલકી બહાર કદી પગ જ નહિ મૂકનારાં એવાં આપણાં અસંખ્ય સ્ત્રીપુરુષો ઉંમરે ગમે તેવડાં હોય, પણ વસ્તુતઃ સદાનાં બાળકો જ છે. બીજી બાજૂ, ઘણાં માણસો ભરજુવાનીમાં પણ ડોસાડોસી જેવાં જ હોય છે. એમનો આકાર જુવાન જેવો હોય છે, પણ આત્મા તો જરઠ જ હોય છે. દુનિયા છે તેવી જ બહુ સારી છે એમ માનનારાં, સો ગળણે ગળીગળીને પાણી પીનારાં અનેક ઠરેલ, ડાહ્યાં ગણાતાં જુવાન સ્ત્રી પુરુષો તત્ત્વતઃ જરઠ જ છે. જગતનો મોટો ભાગ આવાં નિત્યજરઠોનો જ બનેલો છે. વ્યવહાર નભે છે—સંસારના સારામાઠા સઘળા અંશો યથાવત્ જળવાઈ રહે છે—તે એમને જ લીધે. તો ત્રીજા પ્રકારનાં મનુષ્યો નિત્ય યુવાન હોય છે. દેહ વૃદ્ધ થાય, છતાં એમનો આત્મા તો સદા યે યૌવનથી થનગની રહ્યો હોય છે, એમના જીવનમાં સદા ઉત્સાહ ઉછળતો હોય છે ને શક્તિ લાવા-રસની પેઠે ધૂમાધૂમ કરી રહી હોય છે. એમની ઇચ્છાશક્તિ અદમ્ય હોય છે ને આદર્શ મહાન હોય છે. જગત જેવું છે તેવું કદી એમને સંતોષ આપી શકતું નથી. વર્તમાન અપૂર્ણ જગતમાંથી કોઈ પૂર્ણ જગત સર-જાવવાની એમની નિત્યની લગની હોય છે. અને જગત જે કંઈ પ્રગતિ કરી શકે છે તે પણ આવા યુવક આત્માઓના યત્નોને જ લીધે. દુનિયામાં જે કંઈ સુધારા થાય છે તેમાં પ્રેરક બળ આવા યુવાનોનું જ હોય છે. **નર્મદ** આવો નિત્યયુવાન હતો.

એનું આ યૌવન જે વિવિધ સ્વરૂપે આવિર્ભાવ પામ્યું તેમાંનાં થોડાં સંક્ષેપમાં ઝપાટાબંધ જોઈ જઇએ.

યૌવનનું સ્થૂળ પ્રાકૃત સ્વરૂપ તે શક્તિનો ઉદ્રેક છે. યુવાન દેહમાં શક્તિનો ઓઘ ઊભરાતો હોય છે. એનાં શરીર મન ઉભયમાં ચેતન લખ-લખતું હોય છે. આ બધો બળપ્રવાહ ઠાલવવો ક્યાં તેનો એને જાણે કે વિચાર થઈ પડે છે. એ બળપ્રવાહ પછી ઉત્સાહ, સંકલ્પશક્તિ, ઉદ્યોગ-શક્તિ આદિરૂપે મૂર્ત થાય છે. **નર્મદ**થી ઈષત્પરિચિત જન પણ જાણે છે કે તેનામાં આ સર્વ લક્ષણો પ્રબળ પ્રમાણમાં હતાં. એનામાં પણ શક્તિનો

એમ નથી. તો આજથી સાઠ વરસ પર નર્મદે તે માથે લઈ સંજોગોના પ્રમાણમાં ઉત્તમરૂપે પાર પાડ્યું એમાં જેવુંતેવું પરાક્રમ એણે દાખવ્યું નથી. કાલ જતાં ગુજરાતી વાઙ્મયમાં આ બન્ને કૃતિઓનું મૂલ્ય ભલે ઘટી જાય, પણ એની અવિશ્રાન્ત ઉદ્યોગશક્તિ, ખંત, ધીરજ ને કોટિ ઉપાયે પણ ધાર્યું પાર પાડવાનું સંકલ્પબળ એ સઘળા યૌવનગુણોના ચિરંજીવ દૃષ્ટાંત તરીકે આ બન્ને કૃતિઓનું મૂલ્ય **નર્મદ**જીવનમાં તો સદાકાળ રહેશે જ.

જીવનમાં સ્થૂલ સૂક્ષ્મ—શારીરિક માનસિક—ઉભય પ્રકારની શક્તિ ઊભરાતી હોવાથી યુવાનને પોતાની જાતમાં અનંત શ્રદ્ધા હોય છે તેમ પોતાની જાતને માટે ભારે માન પણ હોય છે, અને આત્મવિશ્વાસ તથા સ્વમાનના આવા સંયોગમાંથી એનામાં નિઃસ્પૃહતાની લાગણી જન્મે છે. એને પછી લાગે છે કે જગત ભલેને પોતાને માટે ગમે તેમ માને અથવા કહે, પણ પોતે જગતમાં કંઈક છે ખરો. આથી આવો યુવાન પછી પોતાનાં તાજવાં જગતના હાથમાં જવા દેતો જ નથી, અને પોતાનું મૂલ્યાંકન પોતાને હાથે જ કરે છે. લોક વન્દો કે નિન્દો તેની પછી એને પરવા રહેતી નથી. એ તો સદાએ લોકાપવાદથી પર થઈ નિજાનન્દે જ મસ્ત રહે છે. **નર્મદ**ના ચારિત્ર્યમાં આ ત્રણે ગુણ—આત્મશ્રદ્ધા, સ્વમાન ને નિઃસ્પૃહતા—તેમ તેમાંથી પ્રકટતા કે તેની સાથે સંકળાએલા એવા સ્વાશ્રય ને સ્વાતંત્ર્ય એ ગુણો ઉત્કટ રૂપમાં વિલસે છે. આત્મશ્રદ્ધાની તો એનામાં કદાચ અતિશયતા હશે, પણ ન્યૂનતા તો નથી જ. પોતે કોઈ મહાન કાર્ય કરવાને સરજાએલો છે એવી પ્રતીતિ એને પહેલેથી જ થઈ ગઈ છે, અને તેથી 'શેર જુવાર' આપવાનું કામ નસીબને સોંપી દઈ એ સાહિત્યસેવા, સંસારસુધારણા, ને દેશભક્તિનાં કાર્યોમાં વળગી જાય છે. નિશ્ચિત આવકવાળી નોકરી છોડીને એણે 'કલમને ખોળે' માથું મૂકેલું તેમાં પણ એની આ અસાધારણ આત્મશ્રદ્ધા જ પ્રતિબિંબિત થાય છે. અને એનું સ્વમાન તો કોઇને મિથ્યાભિમાન લાગે એટલું બધું પ્રબળ છે. એના જીવનમાં તો તે ડગલે ડગલે દેખાય છે જ, પણ એના જે થોડા પત્રો પ્રકટ થયા છે તેમાં પણ એ ઠેરઠેર નજરે પડે છે. એમાંથી એક જ

ઉદાહરણ આંહીં બસ થશે. **નર્મદે** એકવાર 'સ્ત્રીકેળવણીના લાભ' વિશે ઇનામી નિબંધ લખેલો. તેના પરીક્ષકોમાં 'કરણઘેલા'ના કર્તા **નંદ**શંકર પણ હતા. તેમની ઉચ્ચ રસવૃત્તિને એ નિબંધ અસ્વીકાર્ય લાગ્યો. આથી આ બન્ને મિત્રો વચ્ચે પત્રદ્વારા થોડી ટપાટપી થએલી. તેમાં **નંદ**શંકરે **નર્મદ**ને લખેલું કે તમને કંઇક અભિમાન જ આવી ગયું લાગે છે કે બસ, મારા જેવો કોઈ લેખક જ નથી, પણ એ અભિમાન ખોટું છે. **નર્મદે** આ શબ્દોનો જે ઉત્તર આપેલો તે સૂચક છેઃ 'તમારા મનમાં મારે વિષે સ્વર્ગ જેટલો ઉંચો કે પાતાળ જેટલો નીચો વિચાર હો, તમે મારા કટ્ટા વેરી કે સાચા સ્નેહી હો, તોપણ હું તમારા શહેરમાં એક ક્યારેક્ટર છઉં પછી ગમે તેવો. એ જ વિચાર તમને મારું અભિમાન રખાવવાને બસ છે, એમ હું અભિમાનથી કહું છઉં.'[1] અલબત્ત, આમાં યૌવનસુલભ આવેશ ને ઉન્મત્તાઇનો પાસ છે, પણ 'હું એક ક્યારેક્ટર ('કૅરેક્ટર') છઉં' એ વચનોમાં સ્વમાનનો જે રણકો છે તે અવિસ્મરણીય છે. એવા જ બીજા એક પત્રમાં એ કહે છેઃ 'કોઈ વન્દો કોઈ નિન્દો. હું મારું કામ મારી બુદ્ધિ પ્રમાણે શુદ્ધ અંતઃકરણથી કર્યો જ જાઉં છું.'[2] **નર્મદ**ના જીવનની અંદર આદિથી અંત સુધી જે નિઃસ્પૃહતા વ્યાપી રહેલી છે તેનો આ સાચો એકરાર છે. આ રીતે આત્મશ્રદ્ધા, સ્વમાન ને નિઃસ્પૃહતા એ યુવકહૃદયના વિશિષ્ટ ગુણો **નર્મદ**જીવનમાં જ્યાં જુઓ ત્યાં નજરે પડશે.

પ્રેમશૌર્ય એ યૌવનનો અસાધારણ ધર્મ છે, અને **નર્મદે** એની ભાવનાને પોતાના જીવનમંત્ર તરીકે સ્વીકારીને પોતે જ પોતાનું સનાતન યૌવન જાણે કે સિદ્ધ કરી બતાવ્યું છે. એનું આખું જીવન જ એણે સ્વીકારેલા આ સૂત્રવાક્યના વિવરણ જેવું છે. એનામાં પ્રેમવૃત્તિ પ્રબળ હતી એ તો

---

[1] 'ગુજરાતી', દિવાળી અંક, સને ૧૯૨૦; '**નર્મ**પત્રાવલિ', પૃ. ૨-૩, તા. ૭-૧૦-૧૮૬૮નો.

[2] સદર, દિવાળી અંક, પત્ર સને ૧૯૨૧, '**નર્મ**પત્રાવલિ', પૃ. ૮, અથવા 'ધનવનીત', પૃ. ૧૫.

જાણીતું જ છે. વ્યક્તિપ્રેમ પરત્વે એ પ્રેમવૃત્તિ અવિકૃત નહિ રહેલી એ અવશ્ય શોકનો વિષય છે, છતાં એનો યશ એ છે કે એ પ્રેમવૃત્તિ વ્યક્તિ આગળથી જ અટકી ગએલી નહિ. વ્યક્તિથી આગળ વધીને એ નગર ને દેશ સુધી વિસ્તરેલી. અને શૌર્યનો તો **નર્મદ** અવતાર જ હતો. એના ચારિત્ર્યમાં જો કોઈ સૌથી આગળ તરી આવતું લક્ષણ હોય તો તે શૌર્ય જ છે. એના જીવનમાં જે ઉચ્ચતા આવી છે તે પણ મુખ્યત્વે કરીને એની વીરતાને જ આભારી છે. એના ચિત્તની સૌથી સાચી ને અકૃત્રિમ લાગણી પણ આ વીરતાની જ છે. બીજી લાગણીઓમાં ક્યાંક ક્યાંક કૃત્રિમતાનો કંઈક વહેમ પડે છે, પણ એની આ વીરતામાં કૃત્રિમતાની ગંધ સરખી આવતી નથી. તેથી એની કવિતામાં પણ સાથી વધુ જીવશે તે એનાં વીરરસાત્મક કાવ્યો જ. **નર્મદ**ના જીવનના આ ચિરંજીવ અંશ વિશે આપણે પૃથક્રૂપે જરા વિસ્તારથી વિચાર કરીશું. આંહીં તો એના યૌવનના અંગ તરીકે જ તેનો આટલો ઉલ્લેખ કર્યો છે.

ભાવનાભક્તિ અને આશાવાદ એ યૌવનનાં બીજાં બે ઝળહળતાં અંગો છે. યુવાન સદા વર્તમાનથી અસંતુષ્ટ જ હોય છે. એની દૃષ્ટિ અનિમેષ રીતે કોઈ ભવ્ય ભાવનાચિત્ર પર ચોંટેલી હોય છે, એ ભાવનાચિત્રને પોતે અવશ્ય વાસ્તવિકતામાં પરિણત કરી શકશે એવી અઢળક આશા એને સદા ઉષ્મા આપ્યા કરે છે, અને એ ઉષ્માને જોરે એ અહર્નિશ પોતાના આદર્શોને મૂર્ત કરવા અવિશ્રાંતપણે મથ્યા કરે છે. **નર્મદ**નું આખું જીવન આવી એકાન્તિક ભાવનાભક્તિમાં જ વ્યતીત થયું હતું. એનું સ્વદેશાભિમાન, એની સુધારાપ્રવૃત્તિ, એની સાહિત્યસેવા, એ સૌ પોતાની ભાવનાને સાકાર કરવાના એના યત્નો જ હતા. એનું ચિત્ત સર્વદા દૈવી અસંતોષથી જળ્યા કરતું હતું. પોતાના દેશની દુર્દશા, સમાજની હીનતા, ને સાહિત્યની શૂન્યતા જોઈને એને હમેશાં ગ્લાનિ થયા કરતી, અને એ દૂર કરવાને મંડવું તે એણે પોતાનું જીવનકર્તવ્ય માન્યું હતું. 'Excelsior ! ઊંચે ને ઊંચે!' તે જ એની આયુષ્યભરની હાકલ હતી, અને એ ઊર્ધ્વ-ઊડણની હાકલને લીધે જ એ પોતાના યુગની પ્રેરકમૂર્તિ બની ગયો હતો.

ધૂન એ યુવકચિત્તનું એક વિશેષ લક્ષણ છે. એનામાં ડાવકાઈ, શાણપણ કે સમતોલના બહુ નથી હોતી, પણ વેગ, ખુમારી, ને એકાંગનિષ્ઠા વિશેષ હોય છે. યુવકજન મોટે ભાગે આત્મનિમગ્ન જ હોય છે. પોતાના જ ખ્યાલમાં મસ્ત રહેવું એ જ એનો બહુધા સ્વભાવ હોય છે. યુવાન હૃદયની આત્મ-શ્રદ્ધા, સ્વમાનવૃત્તિ, ને નિઃસ્પૃહતા એને સર્વદા આત્મનિરત રાખે છે. **નર્મદ** પણ આવો આત્મનિરત ધૂની જ હતો. એ પોતે કહે છે:

કોઈ હોયે હાલે મસ્ત, કોઈ હોયે માલે મસ્ત;
કોઈ હોયે ઇશ્કે મસ્ત, સુખિયો **નર્મદ** ખ્યાલે મસ્ત.[3]

આવા 'ખ્યાલે મસ્ત' પુરુષોને જીવનમાં ખૂબ સહન કરવું પડે છે તેમ **નર્મદ**ને પણ કરવું પડેલું. પણ દુનિયામાં મોટામાં મોટી સેવા આવા 'ખ્યાલે મસ્ત' મનસ્વી ધૂનીઓ જ કરી શકે છે. વિશ્વમાં ત્રિવિધ પ્રવૃત્તિ નિરંતર ચાલી રહી છે: સર્જન, સંરક્ષણ, ને સંહાર. આમાં દુનિયા જેને ડાહ્યા, ઠરેલ, ડાવકા કહે છે તેવાં મનુષ્યો બહુબહુ તો સંરક્ષણનું કામ જ કરી શકે છે, પણ નવાનું સર્જન કે જૂનાનો સંહાર એ કામ તો ઉચ્છૃંખલ—રૂઢિની સર્વ શૃંખલાઓથી પર—અગતાનુગતિક ને નિઃસ્પૃહી એવા ધૂનીઓ જ કરી શકે છે. **નર્મદ** એવો ઉચ્છૃંખલ ધૂની હતો તેથી જ એ ખંડન ને મંડન ઉભય પ્રકારનું કામ આટલું બધું કરી શક્યો. ગુજરાતી સમાજના જમાનાઓથી એકઠા થએલા કચરાના ઢગલાને એણે દીવાસળી ચાંપી તેમ ગુજરાતી સાહિત્યમાં એકે સપાટે એણે આટલી બધી નવી સમૃદ્ધિ ખડી કરી તે એની વેગવાન ધૂની પ્રકૃતિને જ બળે.

ગુજરાતી ભાષાને 'લાગણી' શબ્દ **નર્મદે** આપ્યા[4] 'એ ઇતિહાસ બહુ સૂચક છે. **અંગ્રેજી** 'feeling' શબ્દનો કોઈ યથાર્થ પર્યાય જ આપણે ત્યાં મળતો નહોતો, એટલે એણે 'લાગવું' ધાતુ ઉપરથી આ 'લાગણી' શબ્દ તેને માટે નવો જ યોજી કાઢ્યો, અને એ નવી યોજના કરવાની

---

૩ '**નર્મકવિતા**', પૃ. ૨૭૫.

૪ 'વસંત' ૩, ૨૬૩ અથવા 'પારિભાષિક શબ્દકોશ'.

સૌથી વિશેષ જરૂર એને હતી તેમ સૌથી વિશેષ લાયક પણ એ જ હતો., કેમકે એનું આખું જીવન જ લાગણી ઉપર રચાયું હતું. વિચાર નહિ પણ લાગણી એ જ એના જીવનનું પ્રેરક તેમ નિયામક બળ હતું. એના જીવન તેમ સાહિત્ય ઉભયમાં ક્યાં યે બહુ ઊંડો વિચાર આપણે જોઈ શકીશું નહિ, પણ સર્વત્ર પ્રબળ લાગણીનું જ દર્શન થશે. આથી જ રા. **વિનાયક મહેતા ગટેએ બાયરન** માટે વાપરેલા શબ્દો એને માટે યોજી કહે છે કે 'The moment he thinks he is a child.'[૫] અલબત્ત, 'He is a child' એમાં અતિશયોક્તિ રહેલી છે, પણ એના ચિત્તનું પ્રધાન તત્ત્વ વિચાર નહિ પણ ઊર્મિ છે એટલા પૂરતું એ કથન સાચું છે, અને ઊર્મિ એ યુવકહૃદયની વિશિષ્ટતા છે. **નર્મદે** ઉત્તરવયમાં જે પક્ષપરિવર્તન કરેલું, ઉદ્દામ સુધારક વર્ગમાંથી છેલ્લી કોટિના સંરક્ષકવર્ગની અંદર એ જે જઈ બેઠેલો, એ ઘણાને બહુ મૂંઝવી નાખે છે, એના જીવન સાથે તેને શી રીતે ઘટાવવું એ ઘણાને નથી સમજાતું. પણ **નર્મદ** આદિથી તે અંત સુધી ઊર્મિપ્રધાન પુરુષ હતો, નખથી શિખા સુધી એ લાગણીની જ બનેલી વ્યક્તિ હતી એ લક્ષમાં લ્યો એટલે પછી કશી ગૂંચ રહેશે નહિ. એણે સંસારસુધારાનો જે પ્રચાર કરેલો તે પણ લાગણીથી જ પ્રેરાઇને. કેવળ લાગણીથી એણે માની લીધેલું કે બસ, અમુક સુધારો થવો જ જોઇએ, અમુક ફેરફારો પ્રજાએ કરવા જ જોઇએ, અમુક જૂની પ્રથાઓ તેણે નાબૂદ કરવી જ જોઇએ, ને અમુક નવી પ્રથાઓ તેણે દાખલ કરવી જ જોઇએ. પણ એ બધામાં કેટલું ખરેખર હિતકર છે, આપણી પ્રજાના ઇતિહાસ, પરંપરા, ને સંસ્કૃતિ સાથે કેટલું સંગત છે, અને માનવસ્વભાવ જોતાં વર્તમાન સંજોગોમાં કેટલું શક્ય છે, તેનો પુખ્ત વિચાર એણે કદી કરેલો જ નહિ. લાગણીના આવેશમાં એ તો મંડી જ પડેલો, અને પોતાની પ્રવૃત્તિથી અમુક પરિણામ અમુક મુદતમાં અવશ્ય આવશે જ એમ એણે માની લીધેલું, ને એવું પરિણામ ન આવ્યું, માનવપ્રકૃતિ ને પ્રજાની સં-

૫ '**નંદશંકર જીવનચિત્ર**', પૃ. ૭૬.

સ્ફૂર્તિ એ બન્નેના બળે એણે ધાર્યું હતું તેટલો એને ફાવવા ન દીધો, એટલે એની લાગણીને એકદમ આઘાત પહોંચેલો, સુધારકદળમાં એને સર્વત્ર ભીરુતા, નિર્બળતા, ને દંભ દેખાએલાં, સુધારાપ્રવૃત્તિમાં એને સર્વત્ર નિષ્ફળતા જ લાગેલી, ને તેથી કંટાળીને એ છેક સામે છેડે બેસી ગએલો. **નર્મદનો** 'ધર્મવિચાર' દેખીતો ઠરેલ વિચારણાઓનો સંગ્રહ છે, એમાં નોંધાએલા પરિવર્તનનાં આ ઉપરાંત બીજાં પણ કારણો છે, છતાં એની પાછળ ઊંડે ઊંડે નર્મદની યૌવનસુલભ ઊર્મિપ્રધાન પ્રકૃતિ કામ કરી રહી હતી અને એ ઊર્મિપ્રાબલ્યને લીધે જ 'ધર્મવિચાર'માં એ સર્વથા યથાર્થ નિર્ણયો પર નહિ આવી શકેલો એમાં શક નથી.

કાલિદાસ યૌવનને अनासवाख्यं करणं मदस्य[૧] કહે છે. યૌવનરૂપી આ દારૂ વિનાના દારૂની અનિષ્ટ અસર પણ **નર્મદના** જીવનમાં નથી એમ નથી. 'ઋતુવર્ણન' ને 'રુદનરસિક'ના રચનાર પર એના છાંટા પુષ્કળ ઊડ્યા છે. 'શી આ તગતગતિ તસવીર' ને 'ધમધમધમ લોહી વેહ, ઇશકડો મ્હાલે' ઇત્યાદિ અનેક કાવ્યોમાં જે અમર્યાદ શૃંગાર—ખુલ્લી અશ્લીલતા સુધી જઈ પહોંચતો શૃંગાર—આપણે જોઇએ છીએ તેમાં પણ આ 'અનાસવાખ્ય મદ'નો જ પાસ લાગ્યો છે. જે નીતિશૈથિલ્ય એના જીવનની સોનાની થાળીમાં લોઢાની મેખ જેવું છે તે પણ આ 'અનાસવાખ્ય મદ'નું જ પરિણામ છે. **નર્મદ** મહાન હતો માટે એનાં આ ઇશ્કિતોફાનોનો બચાવ કરવો એ કોઈ રીતે યોગ્ય કે ઇષ્ટ નથી. એના જીવનના આવા દોષ એ તો મહાન ગિરિરાજનાં ઉત્તુંગ શિખરની બાજૂમાં જ થોડે દૂર ઊંડી ભયંકર ખો પણ હોય એ વસ્તુસ્થિતિનાં જ દૃષ્ટાંત છે. એની મહત્તાના પ્રમાણમાં તેને આપણે ઉપેક્ષ્ય ગણીએ તે ભલે, પણ તે કોઈ રીતે પુરસ્કારપાત્ર કે બચાવપાત્ર છે એમ તો ન જ કહી શકાય. એનામાં જે 'Dancing egotism of youth' **નવલરામ** જુએ છે તેનો ક્વચિત ક્વચિત થઈ જતો અતિરેક, શિષ્ટજનને ન શોભે એવી ઉદ્ધતાઈ,

---

૧ कुमारसंभव १, ३१.

ને છોકરવાદી તોફાન કે ટીખળ કોઈ કોઈ ઠેકાણે નજરે પડે છે તે બધું પણ યૌવનની આ કાળી બાજૂમાં જ આવે છે. પણ જોમદાર ને સાથે સર્વથા નિર્દોષ, ઊછળતું છતાં મર્યાદાંકિત, અદમ્ય છતાં અકલંકિત એવું યૌવન વિરલાને જ સાંપડે છે. **નર્મદ** એવો વિરલો નહોતો એનો કેવળ આપણને જ અફસોસ નથી—એને પોતાને પણ ઉત્તર વયમાં પુષ્કળ થતો હતો એ એના જીવનના અંતિમ દૃશ્યમાં આપણે કેંઈક જોઈ ગયા છીએ. પણ એનાં આવાં સ્ખલનો છતાં **નર્મદ**જીવનનું પરમ ગૌરવાન્વિત તત્ત્વ આ ચેતનભરપૂર યૌવન છે. એ યૌવનને પ્રતાપે જ **ગુજરાત**ના ઇતિહાસમાં એ અમર છે. એનું આ યૌવનવિભૂષિત વ્યક્તિત્વ સૌને સદાકાળ આકર્ષ્યાં કરશે.

## પ્રકરણ ચોથું

# જીવનભરનો જોદ્ધો

નર્મદને સંભારો એટલે તમને કોઈ વીર યોદ્ધો યાદ આવશે—સદાય યુદ્ધને જ ઉત્સવ માનનાર, હાથમાં માથું લઈને જ ઝૂઝનાર, સામી છાતીએ ઘા ઝીલતોઝીલતો હસનાર, ને પ્રતિપક્ષીનું જોર જેમ ઝાઝું તેમ ઊછળી ઊછળીને લડનાર કોઈ વીર યોદ્ધો જ યાદ આવશે. જન્મે ને કર્મે **નર્મદ** બ્રાહ્મણ હતો, પણ સ્વભાવે એ ક્ષત્રિય હતો. વિદ્યાપરાયણ છતાં દુષ્ટોનો ફરીફરીને સંહાર કરનાર **પરશુરામ**નું લોહી એની નસોમાં વહી રહ્યું હતું. આથી જ પરદેશી સત્તાએ આવીને આપણાં શસ્ત્રો ઝૂંટવી લીધાં તે એને સાલતું હતું:

હાય શસ્ત્ર લઈ લીધાં રાજે, જડપણું ધિક્ જીવતરનું.

. . .   . . .   . . .   . . .   . . .

સર્વસ ખોયું છતે પણ આપણ પુરુષ વળી કહેવાતા;
શસ્ત્ર આપી દીધાથી વૃંદલ બન્યા છ પાટુ ખાતા.[1]

આ ક્ષત્રિયસ્વભાવને લીધે જ એને જિંદગી ભોગભૂમિ નહિ પણ રણભૂમિ લાગતી હતી. તેમાં એને સદાય 'શૂર પુરુષને તેડું' કરતો, રણનો 'કારી કારમો ઉગ્ર ઊછળતો શંખનાદ' સંભળાતો, ને સંભળાતો તેવો જ 'હા ભૈયા હું તો આ ચાલ્યો'[2] કરતો સત્વર ઊઠીને એ ધસતો. જીવનને એ પહેલેથી 'ભવરણ' જ હેતો, અને એ ભવરણમાં પરાક્રમ કરતાંકરતાં ઘૂમવું તેમાં જ એ કૃતાર્થત ખતો. પોતાને પણ તે ભવરણના સિપાઇ તરીકે જ ઓળખાવતો:

ભવરણમાં **નરમદ**સિંહ સિપાઈ;
જોયે ધીરજથી હસીને ભવાઈ.[3]

---

**નર્મ**કવિતા', પૃ. ૫૦૮-૯.
[illegible]દર, પૃ. ૪૯૫.
[illegible]દર પૃ. ૨૮૦.

અને એની આ ઓળખાણ અક્ષરશઃ સાચી હતી. **નર્મદ** ખરેખરો સિંહ હતો, શૂરા સિપાઇની પેઠે જીવનભર ઝૂઝવામાં જ એણે અનેરો આનંદ લૂંટ્યો હતો, અને અંતિમ અવસ્થાએ કોઈ ધીર, પ્રશાંત સેનાનીની પેઠે પોતાના ભૂતકાળને ગર્વભેર નિરખી શકે—પોતે નિરંતર યશસ્વી રીતે જ લડ્યો હતો, ને પરિણામે હાર કે જીત ગમે તે આવેલ હોય છતાં જવાંમર્દી દાખવવામાં તો પોતે કદી કંઈ બાકી રાખેલ જ નહિ એમ ગર્વભેર પોતાના ભૂતકાળને નિરખી શકે—એવું પરાક્રમશાળી એનું આખું આયુષ્ય હતું. જિંદગીમાં લડતાં એ કદી થાક્યો જ નહોતો. પ્રત્યેક વિષમ પળે એ જાણે એમ જ કહેતો, 'લડવાનું છે, એમ ને? ઓહો! ભારે સરસ! એના જેવી રૂડી વાત શી? I was ever a fighter; one fight more!'[૪]

નિત્ય નૂતન યુદ્ધમાં રાચતા વીર **નર્મદ**ના આ લડાયક જીવનના થોડાક અંશોનું દર્શન કરીએ.

નિર્ભયતા, હિંમત, સલામતીની બેતમા, સુખચેનની અલોલુપતા ને ફના થવાની તૈયારી એ સૌ વીરત્વનાં પ્રાથમિક લક્ષણો છે. ઇમર્સન કહે છે તેમ Its rudest form is the contempt for safety and ease, which makes the attractiveness of war. It is a self-trust which slights the restraints of prudence, in the plenitude of its energy and power to repair the harms it may suffer. The hero is a mind of such balance that no disturbances can shake his will, but pleasantly and as it were merrily he advances to his own music alike in frightful alarms and in the tipsy mirth of universal dissoluteness... Heroism feels and never reasons, and therefore is always right. .... It is the avowal of the unschooled man, that he finds a quality in him that is negligent of expense, of health, of life, of danger, of hatred, of reproach, and knows that his will is higher and more excellent than all actual and all possible antagonists.[૫] વીરત્વનાં

---

૪ Browning: 'Prospice'

૫ Emerson: 'Heroism'

આ બધાં લક્ષણો નર્મદમાં જોઇ શકાય છે—એટલે સુધી કે આ શબ્દોમાં વીરત્વવર્ણન કરતાં ઇમર્સને વગર નામે નર્મદચારિત્ર્યનું જ જાણે વર્ણન કર્યું હોય એવું લાગી જાય. નર્મદ પણ આ વાક્યોમાં વર્ણવ્યો એવો જ વીર પુરુષ હતો. સુખસલામતીના મોહને માટે એને પણ તિરસ્કાર જ હતો, સ્વમાન સ્વાતંત્ર્યને ભોગે પણ સુખશાન્તિ જાળવી રાખવાં એવું કહેનારું શાણપણું એને ધિક્કારપાત્ર જ લાગતું હતું. એ તો દુનિયાડાહ્યાઓને કહેતો કે

ધિઃક ધિઃક દાસપણું દાસપણું
બળ્યું તમારું સ્હાણપણું.

જીવ વ્હાલો ને સ્થિરતા વ્હાલી, કરી શું જોયા કરવું?
કાયર થઈ અરિને નવ મળતાં, દાસપણામાં મરવું?

. . . . . . . . .

નથી સ્હાણપણ ટકટક જોવે, પરજન હક લુંટે તે,
મોટપ છે શૂરાતન દાખે, ઠગને કરવે છેટે.[૬]

એનું જીવનસુકાન પણ પાછલા પ્રકરણમાં જણાવ્યું તેમ વિચારના નહિ પણ લાગણીના હાથમાં હતું. અને નિર્ભયતાનો તો એ અવતાર હતો. ભય શું એ તો નર્મદે કદી જાણ્યું જ નથી. આફતોને આવતી દેખીને એ કદી ડરતો નથી પણ ઊલટો જાણે કે ખુશ થાય છે કે ચાલો, આને પણ હવે આપણે ખબર પાડી શકીશું કે એને ન ગાંઠનારા મર્દ પણ દુનિયામાં પડ્યા છે ખરા. દુશ્મનનું પૂર જોઇને એને ઊલટું શૂર ચડે છે અને પાછો હઠવાને બદલે બમણા વેગથી તેની સામે ધસે છે. એની આ નિર્ભયતાભરી હિંમતનું એક ઉદાહરણ નોંધવા જેવું છે. દલપતરામ મુંબઈ આવેલા એ અરસામાં નર્મદે વૈષ્ણવ મહારાજોની ભ્રષ્ટતા ઉઘાડી પાડતા નિબંધો રચી લોકોમાં તે લૂંટાવી દીધા હતા.[૭] આથી સામો પક્ષ આ બાબતમાં આબરૂનુકસાનીનો દાવો માંડે એવા ભણકારા વાગતા હતા. તેવામાં એક દિવસ નર્મદના મિત્ર

૬ 'નર્મકવિતા', પૃ ૫૦૮.

૭ 'જૂનું નર્મગદ્ય', પૃ. ૧૪૩.

ગંગાદાસ કિશોરદાસે એને કહ્યું કે 'કાલે ખબર પડશે.' **નર્મદે** પૂછ્યું, 'શું છે?' એટલે ગંગાદાસે ફરીને મર્મમાં હસીને કહ્યું કે 'કાલે ખબર પડશે.' ગંગાદાસે તો બીજે દિવસે **નર્મદ** દલપત બન્નેનો વાલકેશ્વરમાં મુકાબલો થવાનો હતો—બીજા પ્રકરણમાં આપણે જોઇ ગયા તે મુકાબલો થવાનો હતો—તે વિશે આ વચન ઉચ્ચારેલું, પણ **નર્મદ** એમ સમજેલો કે મહારાજો તરફથી લાઇબેલની નોટિસ આવવાની વાત હશે, એટલે એણે 'જોસ્સા'થી જવાબ આપેલો કે 'લ્યુથરે તો એમ કહ્યું હતું કે "મોહોલનાં જેટલાં નળિયાં છે તેટલા મારા દુશ્મનો હશે તોપણ હું મારું મત કદી છોડવાનો નથી" પણ હું તો કહું છ કે તે નળિયાં ભાંગ્યાથી ન્હાની ન્હાની જે કકડીઓ થાય તેટલા મારા દુશ્મનો હશે તોપણ હું મહારાજની દરકાર રાખવાનો નથી.'[૮] અને **નર્મદનાં** આ વેણ કોઈ આકસ્મિક કે અપવાદરૂપ ઉદ્ગાર જેવાં નહોતાં, પણ લેશમાત્ર ભીતિ વિના સામે મોંએ ઝૂઝવાની એની જે ચિરંતન ચિત્તવૃત્તિ હતી તેના જ એ નમૂના જેવા હતા. જીવનમાં જ્યારેજ્યારે એને કોઇનો સામનો કરવાનો પ્રસંગ આવેલો—પછી એ સામનો કષ્ટોનો કે દુષ્ટોનો, દુઃખોનો કે દુશ્મનોનો ગમે તેનો હોય—ત્યારેત્યારે એણે આવી જ નિર્ભયતા દાખવી હતી.

## ૨

'વીર સત્ય ને રસિક ટેકીપણું અરિ પણ ગાશે દિલથી', એમ **નર્મદ** પોતાના ચારિત્ર્ય વિશે એના અવસાનસંદેશમાં કહે છે, અને તે સર્વથા સાચું છે. દુશ્મન પણ અંતઃકરણપૂર્વક સ્વીકારે ને હોંશે હોંશે ગાય એવા આ બે ગુણ તે એના ચારિત્ર્યની મુખ્ય વિશિષ્ટતા હતી. આમાંનું 'વીર સત્ય' આપણે પહેલાં લઇએ. આ 'વીર સત્ય'—શૌર્યભરી સત્યનિષ્ઠા—એ આપણે ઉપર જણાવી તે નિર્ભયતાની નીપજ હતી. માનવીના ઘણાખરા દુર્ગુણો કે નિર્બળતાઓનું મૂળ તેના હૃદયની ભીતિમાં જ રહેલું હોય છે. અસત્યનું પણ એમ જ છે. ભય જ મનુષ્યમાં અસત્ય જન્માવે છે. પણ

૮ 'મારી હકીકત', ૭, ૨૫.

**નર્મદ** મૂળથી જ નિર્ભય હતો, એટલે એ મૂળથી જ સત્યપ્રિય બન્યો હતો. કશાથી ડરવું તે એને હીચકારાપણું લાગતું હતું, તેથી કશું છુપાવવું કે અન્યથા કહેવું તેમાં પણ એને નામર્દાઈ જ લાગતી હતી. **ટૉલ્સ્ટૉય** ને **નર્મદ** વચ્ચે ઘણી વાતોમાં સામ્ય દેખાય છે, તેમાંની એક વાત આ હતી કે બન્નેમાં અસાધારણ સત્યનિષ્ઠા હતી. **નર્મદ** પણ **ટૉલ્સ્ટૉય**ની પેઠે કહી શકે એમ હતું કે 'Truth is the hero of my tale'. **ટૉલ્સ્ટૉય**ની પેઠે **નર્મદ** પણ મહાન બની શકયો ને એની ઉત્કટ સત્યપ્રીતિને લીધે **નર્મદ**ની આ ઉત્કટ સત્યપ્રીતિનું સર્વોત્તમ દૃષ્ટાંત તે એનો 'ધર્મવિચાર'. આ ગ્રંથમાંના એના વિચારોને આપણે ગમે તેવા કહીએ, પણ એમાં જે વિરલ સત્યનિષ્ટા રહેલી છે તથા એ વ્યક્ત કરવામાં એણે જે અસાધારણ નિર્ભયતા ને નીતિબળ દાખવેલ છે તેનાં તો વખાણ કર્યા વિના ચાલે એમ નથી. **નર્મદ**ને સ્થાને બીજો કોઈ અલ્પાત્મા હોત તો નવો પ્રકાશ મળ્યા છતાં તેણે ઘૂવડની પેઠે આંખો મીચી જ રાખી હોત ને એક વાર સ્વીકારેલા તથા અગ્રણીપદેથી પ્રબોધેલા સુધારાના મતોને કેમ છોડાય એવી ભીતિથી એમને નિર્બળતાથી વળગી રહ્યો હોત. અથવા કદાચ પોતાની જાત પૂરતો તેણે વિચારપલટો કર્યો હોત તોપણ સ્વપક્ષીની શેહમાં તે એટલો બધો દબાઇ ગયો હોત, તેમ સંગતિ (consistency) ના ખ્યાલથી એટલો બધો ભીરુ બની ગયો હોત કે એ વિચારપરિવર્તન જાહેરમાં છડેચોક પ્રકટ કરવાની હિંમત તે કદી દાખવી શકયો હોત નહિ. પણ નર્મદ તો સાચો મહાપુરુષ હતો, એટલે ઇમર્સનની પેઠે એ તો માનતો હતો કે 'A foolish consistency is the hobgoblin of little minds.'[૯] તેથી એણે તો એવી સંગતિની લેશમાત્ર પરવા કર્યા વિના તેમ પોતાના મિત્રો ને અનુયાયીઓ પોતાની જે નિન્દા કરે એમ હતા તેની પણ દરકાર કર્યા વિના અંતરના આદેશને અનુસરી પોતાના મંતવ્યમાં થએલું પરિવર્તન ખુલ્લેખુલ્લું કહી નાખ્યું ને તેનો ઉઘાડે છોગે જોરથી પ્રચાર કરી પોતાના

---

૯ Emerson: 'Self-reliance.'

આચારમાં પણ તે ઉતારવા માંડ્યું. આ બધું કરવામાં એને પોતાની જ ભૂલ કબૂલ કરવી પડે એમ હતું, વરસો સુધી પોતે ઉપદેશેલી વાતોનો જ વિરોધ કરવાનો હતો, અને એ રીતે જાણે કે પોતાના પક્ષ ને પોતાની જાત સામે જ ઝઘડવું પડે એમ હતું, છતાં એ કશા વિચારથી જરા પણ થડક્યા વિના જે બેધડકરીતે પોતાનું દૃષ્ટિપરિવર્તન એણે જાહેર કરેલું તે એની ઉચ્ચ કોટિની સત્યનિષ્ઠા પુરવાર કરે છે.

**નર્મદ**નો 'ધર્મવિચાર' જેમ એના આત્મલક્ષી સત્યપ્રેમ—પોતાની જાત પૂરતા સત્યપ્રેમ—નો પુરાવો છે તેમ એનો 'ડાંડિયો' એના પરલક્ષી સત્યપ્રેમ—અન્ય સૌ પણ સત્ય, શુદ્ધ, ન્યાયી, પ્રમાણિક હોવાં કે થવાં જોઇએ એવા સદાગ્રહ—નો પુરાવો છે. **નર્મદ** એટલે સૌથી પહેલો લડવૈયો, બીજું બધું પછી, એ વાતની અસંદિગ્ધ સાબિતી જોઈતી હોય તો આ 'ડાંડિયો' જોવો.[૧૦] તેમાં એણે પોતાના જમાનાના સમસ્ત શયતાનદળ સામે જાણે

---

૧૦ પણ જોવો ક્યાંથી? આખા ગુજરાતમાં ક્યાંય એની સંપૂર્ણ ફાઇલ સચવાઇ રહી હશે તો તે કોઈ ખૂણાખાંચરાના વિરલ સ્થળે જ. ગુજરાતી ભાષાના સંપૂર્ણ—સર્વથા સંપૂર્ણ નહિ પણ થયા તેટલા સંપૂર્ણ—ગ્રંથસંગ્રહો આપણે ત્યાં બે જ છે: (૧) અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીનો ને (૨) વડોદરાની સેન્ટ્રલ લાઇબ્રેરીનો, પણ એ બન્ને સ્થળે તો 'ડાંડિયો' નથી જ, એટલે સામાન્ય વાચકને 'ડાંડિયો' જોવો હોય તોપણ સહેલાઇથી તે જોઇ શકે એમ નથી. તેથી રા. ભાઇ **વિજયરાય**ના પ્રયાસથી તેના જે પાંચ છ અંક જોવાની તક મળી છે તેમાંથી તેમ ગુજરાતી પ્રેસ પ્રકાશિત 'જૂના નર્મગદ્ય'માં એમાંનું કેટલુંક લખાણ સંઘર્યું છે તેમાંથી, સામાન્ય વાચકને કંઇક આછો ખ્યાલ આવે એટલા માટે વાનગી દાખલ થોડા ઉતારા નીચે આપ્યા છે. 'ડાંડિયો' કંઇ એકલા **નર્મદ**ને જ હાથે લખાતો નહિ. **નર્મદે** અંગ્રેજી લિટરરી કલબ જેવું પાંચ છ મિત્રોનું એક સાક્ષરમંડળ કાઢેલું તે સાક્ષરમંડળ અવારનવાર મળતું તેમાંની ચર્ચાને આધારે તેમ સ્વતંત્રરીતે જે લેખો લખાતા તે 'ડાંડિયા'માં પખવાડિયે પ્રકટ થતા. એટલે નીચે આપેલા બધા ઉતારાનો લેખક **નર્મદ** છે એમ સમજવાનું નથી, પણ એ ઉપરથી **નર્મદ**ના તંત્રીપણા નીચે કેવું લખાણ પ્રકટ થતું તેનો કંઇક ખ્યાલ આવશે.

(૧) હમને ડાંડિયાઓને લાગે છ તો ઘણું, પણ શું કરીયે? દ્રવ્યની વાતમાં

કે જેહાદ જ પોકારેલી, ને અમલદારો, શેઠિયાઓ, આગેવાનો, વિદ્વાનો એ સૌ ઉપર એવા સખત સપાટા લગાવેલા કે ટૂંક મુદતમાં જ મોટા મોટા

હમારી પદવી ઉતરતી છે; બાકી તો બતાવી આપીયે. હમારી પાસે સ્વતંત્રતા મોટું ધન અને મોટી પદવી છે, જેની આગળ ખુશામત ધન ને ખુશામત પદવી કંઈ જ નથી. જુઓ લોકો, હમે ડાંડિયાઓ હોળીના ઘેરીયાની પેઠે હાં રે હાં બોલતાં ડાંડિયાની રમત રમીયે છ, એટલામાં હમે કેટલું કરીયે છ ને લોકોમાં કેટલો દોર ચલાવીયે છ!!! આખા ગામમાં હમારો ત્રાસ છે, તો પૈસાદાર લોક પોતાનાં દ્રવ્યબળે ને પદવીબળે શું કરવાને સમર્થ નથી? પણ હાયરે, તેઓ કરતા નથી. પણ ખરી વાત, જેઓ ગર્ભથી કુલીન, ટેકી ન હોય, પણ નવી દોલતે તેવા કહેવાતા હોય તેઓ બચારા શું કરે? એકાદ દહાડો એવો પણ આવશે કે, ડાંડિયાઓ ખૂબ નીશો કરી તૈયાર બન્યા હશે અને તારે પછી તેના તોરમાં કાયરોનાં કુલ અને તેઓના આગલા ધંધા વિષે સારી પેઠે બકી જશે. સ્વતંત્રતાને માટે ખરા જોદ્ધા પ્રમાણે સર્વસ ખોઇને મરીશું, પણ ધન પદવી માનને માટે ગંડુ કાયર પ્રમાણે સર્વસ સમાલી રાખી ભોગવવાને નહીં જીવીયે. ('જૂનું નર્મગદ્ય', પૃ. ૪૧૩.)

(૨) રે ઓ સરકતા કોરટોના તથા કસ્ટમનાં ચકરાંઓ, તથા ટોપસીઆંઓ, જાગતા રેહેજો! ડાંડિયો આજકાલ તમારા લાંચરૂસવતના કાંમથી વાકેફ થતો જાય છ! તમને હિસાબમાં લાવવા ને ચાંચણ ચોળી નાખવો એ તો સરખું છે! પણ તમારી દયા આવે છે કે હું કાં તમારા પેટ પર પગ મુકું! પણ હે બહાઓ, તમને મારવાનું પાપ નથી! નીરલજ! બેશરમ! તમે હાકીસમાં છચોક લાંચ માગો છો! જરા પડદાથી તો વાત કરો, રે તમારા ઉપરીથી જરા તો બીહો! બચ્ચાઓ, વ્હેલા વ્હેલા સમજી ડાહ્યા થાઓ! નહી તો તમારા આવરદાની દોરી તડતડ બોલે છે!... અરે ઓ જંગલા ઉપરીઓ! તમે શીણના માટી છો કે આવું ગાડેગાડાં અંધેર ચાલવા દો છો! જોજો દો! નહી તો તમારૂં પણ આવી ખુટયું જાણજો.

(૩) નર્મદ લગભગ વરસ દહાડો જ તેનો તંત્રી રહેલો. તેની નિવૃત્તિ વખતે નવા તંત્રીએ લખેલી નોંધ વાંચવા જેવી છે:

'આજથી મંત્રી બદલાય છે. જતા પ્રધાને તો જશ લીધો છે અને વાહવાહ કહેવડાવી છે, એમાં શક નથી. એવા સરદારે આમ કારભાર છોડવો તે જોઇને અમારા પ્રિય વાંચનારા દલગીર થશે. પણ ફક્કડોને કંઇ અંકોશ હોતો નથી. તેમની મરજીમાં જે બુટ્ટા ઉઠે તે કરયા વગર રહે નહી! વળી મુંબાઈમાં ઘણી તરેહની પીડા અને

પણ તેનાથી થરથર ધ્રૂજવા લાગેલા. આ 'ડાંડિયા'માં નર્મદ સોળે કળાએ પ્રકાશી નીકળેલો. એની પ્રકૃતિનાં શુભાશુભ સઘળાં લક્ષણો તેમાં પૂર જોસથી ભભૂકી ઊઠેલાં. એની સત્યનિષ્ઠા, ન્યાયપ્રેમ, જુલમવિરોધ, સાર્વજનિક હિતની લાગણી, નિડરતા, લડાયકવૃત્તિ તેમ અશ્લીલતા, ટીખળ, મસ્તી, ઉદ્ધતાઇ, આખાબોલાપણું એ બધી એની સારીમાઠી ખાસિયતોનું 'ડાંડિયો' અતિ અનુકૂળ વાહન થઈ પડેલું. 'ડાંડિયો' એટલે એ જમાનાની 'પોલપત્રિકા',—અલબત્ત, આજની 'પોલપત્રિકા' જેવી છીછરી નહિ, પણ એથી બહુ ઊંચા ધોરણે જવાબદારીપૂર્વક કેળવાએલા પુરુષોને હાથે લખાતી 'પોલપત્રિકા'. મોટાં નાનાં સૌની પોલ પ્રકટ કરવી, ઉચ્ચનીચ સૌને એમના ખરા સ્વરૂપમાં છતાં કરી દેવાં એ જ તેનું કામ. કોઇ ચાલાક, પણ સભ્યતાનાં બંધનોમાં નહિ જકડાએલા એવા સ્વતંત્રમિજાજી, ટીખળી, તોફાની કિશોરની કલ્પના કરો, એટલે 'ડાંડિયો'નું યથાર્થ સ્વરૂપ સમજાઇ જશે. ઇમર્સનના શબ્દોમાં કહીએ તો Independent, irresponsible, looking out from his corner on such people and facts as pass by, he tries and sentences them on their

---

વેઠો સ્હોંટેલી રહે છે; તે પણ બ્હારગામ ગયેથી ઓછી થાય તો વળી ડાંડિયાના પાનામાં નવા ફુલના વર્સાદ વરશે; તેમ જ બિજા પ્રકરણો જે હાલ ઉંચાં મુકેલાં છે તે પણ પાછાં ચ્હીલે પડે; આ સબબને લીધે એ જતા મંત્રીનો પરોપકારાર્થે અમુલ્ય વખત બીજા એથી વધારે ઉપયોગના કામોમાંથી કાઢી, અજ્ઞાનની અંધારી રાતમાં જ્ઞાનનો દીવો દેખાડ્યો માટે આખા ગુજરાતી મંડળ ઉપર ઉપકાર થયો છે તે તેઓની તરફથી અમે જાહેર કરી અમે તેમની ગાદીએ ચઢવાને પ્રયત્ન કરીયે છે; તથાપી મનમાં ઘણી ધાસ્તી રહે છે કે ભાએગે અમે એમના $\frac{1}{10}$ એ પણ પહોંચીએ.'

(૪) 'ડાંડિયા'ની લોકપ્રિયતા: 'ડાંડિયાની ભાષા ને ડાંડિયાના વિષયો બંનેની ઢબ જ એવી છે કે, જેથી તે થોડી મુદતમાં આખી મુંબઇમાં, આખા ગુજરાતમાં, આખા કાઠીયાવાડમાં ને આખા કચ્છહાલારમાં અમર પ્રસિદ્ધિ પામી ચુક્યો છે. જેમ મોર બપૈયા મેઘને માટે આતુર હોય છે, તેમ ગરીબ તવંગર, મૂરખ ભણેલ, સ્ત્રી ને પુરુષ સહુ પહેલી પંદરમીના ડાંડિયાને માટે વાટ જોતા બેસી રેહે છે.' ('જૂનું નર્મગદ્ય', પૃ. ૩૭૪.)

merits, in the swift summary way of boys, as good, bad, interesting, silly, eloquent, troublesome. He cumbers himself never about consequences, about interests; he gives an independent, genuine verdict.[११] શેરસટ્ટાના એ દિવસોમાં સમાજમાં જ્યાં જુઓ ત્યાં અંધ દ્રવ્યલોભ, છળપ્રપંચ ને ભ્રષ્ટતા વ્યાપી રહ્યાં હતાં તે એણે પોતાની કાતિલ કલમથી ઉઘાડાં પાડી દીધેલાં. મોટા માંધાતાની પણ શેહમાં ન તણાતાં સૌને તડ ને ભડ કહી નાખવું એ જ એનો નિયમ હતો, અને 'ડાંડિયા'માં એ નિયમનાં ઉદાહરણો ઠેરઠેર જડે છે. સમાજમાં જ્યાં જ્યાં એણે સડો દીઠેલો ત્યાં ત્યાં એ 'જોસ્સા'થી તૂટી પડેલો. અસત્ય સામેના એના આ જંગથી એને અળખામણું ખૂબ થવું પડેલું. ઘણા વગવાળા ને સમર્થ માણસો સાથે આથી એને અદાવત થએલી. જે જે વ્યક્તિ કે વર્ગનાં દૂષણો એ ખુલ્લાં કરતો તે તે વ્યક્તિ કે વર્ગની ઇતરાજી એના પર ઊતરતી, ને **નર્મદને** એથી સારી પેઠે સોસવું પડતું. આ રીતે 'ડાંડિયા'ની નિડર સત્યપ્રિયતા ને જાહેર હિંમતથી નર્મદને જે સહન કરવું પડેલું તેનું એક જાણવા જેવું દૃષ્ટાંત એના સાહિત્યજીવનમાં મળી આવે છે. નર્મદે પોતાની ઉત્તરવયનાં કેટલાંક વરસો ગુજરાતી ભાષાનો કોશ તૈયાર કરવામાં ગાળેલાં, એ જાણીતી હકીકત છે. પણ કોઈ પણ ગ્રંથ તૈયાર કરવા માત્રથી કંઈ પ્રજાનું દળદર ફીટે નહિ, તે પ્રકટ પણ કરવો જોઇએ, ને કોશ જેવો ખર્ચાળ ગ્રંથ છપાવી પ્રકટ કરવો એ કોઇ વ્યક્તિનું ગજું નહિ. આથી નર્મદને તેના પ્રકાશન માટે ઘણાં આવલાં મારવાં પડેલાં. આખરે **ભાવનગરના** છગનલાલ દેસાઇએ મુદ્રણનો સઘળો ભાર પોતાને માથે લેવાનું સ્વીકારેલું એથી **નર્મદને** નિરાંત થએલી ને એ યોજના મુજબ કોશ **ભાવનગરના** છાપખાનામાં છપાવા પણ માંડ્યો હતો. પણ કહેવાય છે કે એવામાં **નર્મદના** 'ડાંડિયા'માં **ભાવનગરના નાગરો** વિશે કંઇક નિંદાની વાત આવેલી. એથી ગગા **ઓઝા** ખૂબ ખિજાઈ ગએલા ને કોશનું મુદ્રણકામ એમણે તરત અટકાવેલું. **નર્મદ** આથી ભારે મુસ્કેલીમાં આવી પડેલો, પણ **નર્મદ** કંઈ એવી મુસ્કેલીથી હારી

११ Emerson: 'Self-reliance'.

જાય એવો નહોતો, એણે તો 'ગ્રન્થ પ્રકટ કરવાના માર્ગમાં નડતાં' આવાં બધાં 'વિઘ્નો સાહસબુદ્ધિયે તોડી', આશ્રયદાતાની ઓથ વિના પણ આવું ગંજાવર કામ પોતે એકલે હાથે પાર પાડી શકે છે એમ બતાવી આપી 'તરુણ યોદ્ધાના પ્રફુલ્લ આનંદનો લાભ'[૧૨] ત્યાં પણ લીધેલો.

સ્પષ્ટવક્તૃત્વનો આગ્રહ ને દાંભિકતાનો તિરસ્કાર એ બે ચારિત્ર્યલક્ષણો નર્મદમાં જોવામાં આવે છે તે પણ એના 'વીર સંત્ય'ના આવિર્ભાવરૂપ હતાં. એનામાં એવી નિખાલસ ને નિડર સત્યપરાયણતા હતી કે એને સદાય પ્રશ્ન થતો કે

ખરું તે કાં ન કહેવું, ભાઈ, ખરું તે કાં ન કહેવું?
ડરી શું બેસી રહેવું, ભાઈ, ખરું તે કાં ના કહેવું?[૧૩]

જેવું હોય તેવું બોલી નાખવું એમાં વાંધો શો હોઈ શકે એ જ એની સરળ, નિર્વ્યાજ પ્રકૃતિને સમજાતું નહિ. એનો સત્યપ્રેમ એવો ઉત્કટ હતો કે ક્યાંયે ઢાંકપિછોડો કરવો એને ગમતો નહિ. અંદર કંઇક ને બહાર કંઇક એવી દેખાડાનીતિમાં એને બાયલાપણું જ લાગતું. વસ્તુતઃ પોતે હોય તે કરતાં જરા નિકૃષ્ટ દેખાવામાં એને વાંધો નહોતો, પણ ઉત્કૃષ્ટ દેખાવાનો યત્ન કરી પોતાની જાતને તથા દુનિયાને છેતરવાની એને ચીડ હતી. પોતાના પત્રનું એણે 'ડાંડિયો' એવું હલકું ને વિચિત્ર નામ રાખેલું તેમાં પણ આ જ વૃત્તિ કામ કરી રહી હતી. એ પોતે કહે છે કે 'મોહટું નામ રાખી હલકું કામ કરવું તેના કર્તાં હલકું નામ રાખી મોટું કામ કરવું વધારે સારું.'[૧૪] સમભાવ વિના જુએ તેને એનું જીવન આટલું બધું વિલક્ષણ ને ઢંગધડા વિનાનું—કોઈ બેજવાબદાર, તોરી, વંઠેલ જુવાનિયા જેવું—લાગે એવો સંભવ છે તેનું કારણ પણ ખરેખર એ એવો જ હતો એ નહિ, પણ દુનિયાદારી માણસોમાં પોતાના દોષો છુપાવી ડાહ્યાડમરા દેખાવાની જે દક્ષતા હોય છે તે એનામાં નહોતી તેમ તે એને નહોતી રુચતી એ જ

૧૨ 'નર્મકોશ', મુખમુદ્રા, અં.
૧૩ 'નર્મકવિતા', પૃ. ૨૨૦.
૧૪ 'જૂનું નર્મગદ્ય', પૃ. ૩૭૪.

હતું. 'ડાંડિયા'માં આ સંબંધમાં એક સ્થળે એ લખે છે કે 'કેટલાક લોકો, ઉપર ઉપરથી જોઇને ખરા કવિઓને અવિવેકી ને ઉછાંછળા કહે છે, પણ હમને તો એવા કવિઓની દયા આવે છે. સાચો કવિ પોતાના દીલની વાત પોતાના ઉભરામાં બાહાર કાહાડી નાખે છે—તે કવિ પોતાનું ભિતર કવિતામાં ચિતરી બતાવે છે—પછી લુચ્ચો–સોદો–છિનાળવો–લોભી–પાપી ગમે તેવો દુર્ગુણી હોય છે તે પણ; અને બોધ કરે છે કે મારા નહારા ગુણ ન લેશો. ઉદ્ધતાઈ રાખવી એ સારું નહીં, પણ જેઓ પોતાનું કોહેલું ભતર બાહાર દેખાડતા નથી, પોતે જેવા બાહાર સારા દેખાય છે તેવા જ અંદર છે એમ જેઓ સમજાવે છે, જેઓ બાહારથી વિવેકી ને અંદરથી અવિવેકી હોય છે તેઓના અવિવેક કર્તાં દુ:ખથી ગભરાયલા કવિના અવિવેકને હમે મોટી ખુશીથી ઝીલી લઇએ છિયે. સાચા કડવાબોલાને હમે ખરા નર કહીએ છ ને ડોળ ઘાલનારાઓને હીરાચંદના અવિવેકમાં ખરા ખર કહીએ છિયે.'[૧૫] અને નર્મદ એવો ખરો નર હતો. બાહ્યાભ્યંતરની એકતા, જેવા હોઇએ તેવા જ દેખાવું એ જ એના જીવનનો આગ્રહ હતો. 'મારી હકીકત' નામે જે આત્મકથા એણે લખવા માંડેલી તેમાં આ આગ્રહ સ્થળે સ્થળે દેખાઈ આવે છે. તે એ પૂરી કરી શક્યો નહિ, એ ગુજરાતી પ્રજાના દુર્ભાગ્યની વાત છે. નહિ તો આપણા સાહિત્યમાં નિર્દંભ સત્યપરાયણતાના નમૂના તરીકે ગાંધીજીની આત્મકથાની પેઠે તે પણ અતિ મૂલ્યવાન કૃતિ થઈ પડત. નર્મદને પોતાની આ સત્યપરાયણતાનું અભિમાન પણ હતું, ને કોઈ એ બાબત શંકા ઉઠાવે તો એ તપી જતો. તેનું એક સરસ ઉદાહરણ એની 'હકીકત'માંથી મળે છે. એક વાર એના પર ઇન્કમટેક્સના સરચાર્જનું પત્રક આવેલું. આથી એ ખૂબ ખિજાઈ ગએલો કે '"સાલેમલી ડિક્લેર" કર્યા પછી પણ મારા સરખા જાહેર માણસની સાચવટ વિશે આવી શંકા કરવામાં આવે છે?' એટલે તે ઇન્કમટેક્સ કમિશ્નર પાસે એકદમ 'જોસ્સા'માં ઊપડેલો. એ અમલદાર 'ઘણો જાહેલ' હતો,

---

૧૫ 'જૂનું નર્મગદ્ય', પૃ. ૪૧૪.

તેથી **નર્મદ**ના મિત્રોએ એને ત્યાં ન જવા ખૂબ સમજાવેલ, છતાં નર્મદે એમની સલાહ ગણકારેલી નહિ, ને કમિશ્નર પાસે જઇ એણે કહેલું કે 'આ પ્રમાણે મારી નાણાં સંબંધી વીગત, આ પ્રમાણે મારી આબરૂ, ને આ પ્રમાણે મારો જોસ્સો છે. સરચાર્જ વધારે માગશો તો હું આપવા તૈયાર છઉં, પણ ખરી હકીકત હું તમને જાહેર કરું છઉં.' **નર્મદ**ના મિત્રોને તો એમ ધારતી હતી કે નક્કી **કવિ** આજ કેદમાં જશે. સાહેબ પણ નર્મદની આ વર્તણુકથી ચિડાઈ ગએલ, છતાં નર્મદના નિડર વિરોધથી એનો સરચાર્જ કંઇક ઓછો થયો હતો.[૧૬] અને જેવી નિખાલસતા ને સચ્ચાઈ એના પોતાનામાં હતી તેવી જ પોતાની સાથે વ્યવહાર રાખનાર સૌની પાસેથી એ માગતો અને તે ન મળતી ત્યારે એને અતિશય ગ્લાનિ થતી ને પ્રસંગે ખૂબ ક્રોધ પણ ચડતો. એક ઇનામી નિબંધને અંગે **નર્મદ** ને **નંદશંકર** વચ્ચે ટપાટપી થએલી એ વાતનો ઉલ્લેખ પાછલા પ્રકરણમાં આવી ગયો છે. તે વખતના એના **નંદશંકર** પરના પત્રમાં આવો નીતિમૂલક રોપ ઉગ્ર રૂપમાં ફાટી નીકળેલો. એણે લખેલું: 'કુલીનતા ને મૈત્રિ વિષે પુરું સમજવું ને તે પ્રમાણે વર્તવું એ સજાત માણસનું કામ છે. નિંદા કરવી, પુઠના ઘા કરવા, બહારથી વિવેક ને મનમાં મેલ રાખવો એ બાયલાપણું છે. મેદાન પડી ઘા કરવો એ મર્દાઇ છે. એકમેકને જાણ કરી ઉંચપણે લડવું એમાં મોટાઇ છે. સુઘડ બૈરાં પણ બોલે છે કે "જીભેથી લડવું શુંજથી ન લડવું." હું એમ સમજું કે તમારું મન નિર્મળ છે ને તમે તારે હૈયામેલા હોઇ ભીતરમાં મારી નિંદા કરો ને મારી સાચી મૈત્રિને ભોળી ગણી કેટલાંએક હલકાં કામ કરી તેમાં ફુલાઓ. એ છતાં હું (થોડા સહવાસને લીધે) મૈત્રિમાં સાચો રહી તમારે વિષે સારો વિચાર રાખું. પણ જ્યારે તમારી તરફથી અતીસેં થાય ત્યારે મને શક પડવો જ જોઇએ ને એ શકને ચાર પાસથી પુષ્ટી મળે ત્યારે અત:પરને માટે મારે સાવધ રહેવું જ જોઇએ. તમે ઓહ્દેદાર છો, હું નથી. તમે વગવાળા

---

૧૬ 'મારી હકીકત', ૯,૧૮.

હશો, હું નથી. તો પણ મારા શુદ્ધ અંતઃકરણ ને ઊંચી નીતિનો અભિમાની છઉં. તેથી હવે મંડાવાની બાજીમાં તમને જીતવાની વાત તો કેમ કહેવાય, પણ મારે પોતાને માટે યશસ્વિ હારનો પણ સંતોષ પામવાની આશા રાખું છઉં.'[૧૭] આ શબ્દોમાં નંદશંકરના આભિજાત્યને કંઇક અન્યાય થયો છે ખરો, પણ બીજી રીતે નર્મદની નિડર સત્યપરાયણ પ્રકૃતિનું—પોતાની સાચવટનું અભિમાન, અન્ય પાસેથી પણ એવી જ સાચવટની અપેક્ષા, દંભનો તિરસ્કાર ને ઊંચી યુદ્ધનીતિ એ સઘળા એના ઉચ્ચ ગુણોનું—તેમાં તાદશ પ્રતિબિંબ પડ્યું છે. કૌતુકપ્રિય કવિને ઉચિત એવો જે વિષાદ એનામાં જોવામાં આવે છે, માનવજાતિથી કંટાળીને કુદરતને ખોળે જવાની જે વૃત્તિ એનાં કાવ્યોની ટીપમાં એણે વારંવાર વ્યક્ત કરી છે,[૧૮]

---

૧૭ 'નર્મપત્રાવલી' ('ગુજરાતી', દિવાળી અંક, ૧૯૨૦, પૃ. ૨-૩.)

૧૮ એક બે ઉદાહરણો:

(૧) 'બેવચનીપણાં-બેવફાઇનાં જખમથી હું રાતદહાડો એટલો રીબાતો હતો કે, જો કે દહીં ગ્રંથ વાંચવામાં, નાટકો જોવામાં, ગાનતાન સાંભળવામાં, મિત્રોને મળવામાં ઘણો કાળ ગાળતો, તોપણ એકલો પડતો કે પાછો "મ્હેલ કરવત મે ચીના મોચી"—એ હાલતમાં આવી રેહેતો—ગઇ વસ્તુના શોકથી નહી, પણ સાચને આંચ કેમ લાગે છ, ને ઈશ્વર પણ એમ સાચને આંચ કેમ લાગવા દે છ અને અપરાધીને અહીં શિક્ષા કેમ નથી કરતો—એ વિચારોથી હું ઘણો જ ખિન્ન રેહેતો—મને ઘરમાં રેહેવું કે કોઇને મળવું ગમતું નહીં. મેં મહાલક્ષ્મી, વાલકેશ્વર, કુલાબા, પરેલ વગેરે મુંબઈનાં દૂરનાં એકાંત ઠેકાણાંમાં, અને બ્હાર ગામડાઓમાં ફરવા માંડ્યું. હું ભરચોમાસામાં એ ડુંગરો પર જઇજઇને બેસતો, ને એ રીતે મને સૃષ્ટિસૌંદર્યમાં જરા વિશ્રામ મળવા લાગ્યો. હું એકાંતમાં કુદરતના વિચારમાં બેસતો ત્યારે મને લાગતું કે, હું સૃષ્ટિસૌંદર્યના આનંદમાં તરૂં છઊં.'—'નર્મકવિતા', પૃ. ૧૯૩.

(૨) 'નાણાંની તાણ, પ્રીતિવિયોગ, મિત્રોનું બેદરકારપણું—વગેરે વાનાંથી મારા મનમાં બહુ ગભરાટ હતો. તેમાં શેરની ઘેલાઈ શરૂ થયલી ને તેમાં લોકો સારી પેઠે કમાતા તે જોઇને મને બહુ દુઃખ થતું હતું કે જેઓ સુધાં આચરણથી સુધો ઉદ્યોગ કરે છ તેઓનું દુનિયામાં કંઈ ફાવતું નથી ને જેઓ ખોટા આચરણથી ખોટા ઉદ્યોગ કરે છ તેઓનું ફાવે છ એ તે કેવી કુદરત!'—'મારી હકીકત', ૯,૧૮.

'નર્મટેકરી પરના વિચારો', 'અનુભવલહરી' આદિ કાવ્યોમાં જે વિરાગની છાંટ નજરે પડે છે, તે બધાંના મૂળમાં પણ નિર્વ્યાજ સચ્ચાઈ—પોતાના જેવી જ નિર્વ્યાજ સચ્ચાઇ—અન્ય સર્વમાં જોવાની એના હૃદયની ઊંડી ભૂખ જ રહેલી છે.

જેવો પ્રબલ એનો સત્યપ્રેમ હતો તેવો જ પ્રબલ એનો ન્યાયપ્રેમ પણ હતો. ક્યાંયે અન્યાય થતો દેખતો તો એનું હૃદય એકદમ ઊકળી ઊઠતું. આવો અન્યાય એને અંગત અપમાન જેવો લાગતો, પોતાને તેની સાથે સીધી નિસબત ન હોય તોપણ પોતે મધ્યકાલીન યૂરોપના વીર પુરુષો જેવી જે પ્રેમશૌર્યવૃત્તિ ધારણ કરી હતી તેને બટ્ટા જેવો લાગતો. આથી જિંદગીમાં વારંવાર એને અન્યાય સામે થવું પડયું હતું. એવો એક અંગત પ્રસંગ એની 'હકીકત'માં મળી આવે છે. મુંબઈ છોડીને સૂરત આવ્યા પછી કવિએ પોતાનું સુવિખ્યાત 'સરસ્વતીમંદિર' બંધાવવા માંડેલું. એ વખતે કોઈ સમર્સ નામે અંગ્રેજ ડેપ્યુટી કલેક્ટર હતો. તે લોકો પર ભારે જુલમ કરતો હતો. પોતાના એ નવા ઘર બાબત કવિને તેની સાથે અથડામણીનો પ્રસંગ ઊભો થતાં કવિએ તેનો એવો સજ્જડ સામનો કરેલો કે પેલો અંગ્રેજ સીધોદોર થઈ ગયો અને સૂરતનાં લોકો ઠેરઠેર કહેવા લાગ્યાં કે કવિ તો ટોપીવાળા સામે પણ ઝૂઝે છે.[૧૯] સાર્વજનિક બાબતોમાં પણ એણે જુલમગારોનો સામનો આવા જ જોરથી કરેલો. ભ્રષ્ટ ધર્માચાર્યોનો એણે કરેલો વિરોધ, અનાથ વિધવાઓની એણે કરેલી વહાર, જુલમી અમલદારોની એણે કાઢેલી ઝાટકણી, અને ગરીબોને પાયમાલ કરી અનેક ઉંધાંચતાં કરી તાલેવાન થઇ બેઠેલા શેઠિયાઓની એણે કરેલી જાહેર નિંદા એ બધામાં એનો તીવ્ર અન્યાયદ્વેષ જોઇ શકાય છે. એનો 'ડાંડિયો' પણ એટલા માટે જ શરૂ કરવામાં આવેલો. તેના પરિચયલેખમાં જ કવિએ જણાવેલું તેમ 'રૈયતને જુલમીઓના જુલમમાંથી બચાવવાને, લુચ્ચાની ટોળી વિખેરી નાખવાને,' 'લોકોમાંથી અજ્ઞાન,

વેહેમ ને અનીતિ કાહાડી નાખવાને,’ માટે જ એ પત્ર પ્રકટ કરવામાં આવ્યું હતું અને તેણે એવો સખત સપાટો ચલાવેલો કે ટૂંક મુદતમાં જ સઘળા દુષ્ટો તેનાથી ડરવા લાગેલા.

૩

આટલું એના ‘વીર સત્ય’ વિશે. હવે એનું ‘રસિક ટેકીપણું’ લઇએ. ટેકનું તો એ કોઈ અનેરું મહોરું જ હતો. તળપદી ભાષામાં બોલીએ તો તો નર્મદ એટલે વટનો કટકો. હીણપત એને મોટી નામર્દાઈ લાગતી હતી. માનભંગ કરતાં મરવું એ પસંદ કરતો હતો. એનું જ પદ છે:


ઝાંસા શા ખાવા ભાઈ, હિણપત મોટી નામરદાઇ.
માનભંગથી મરવું સારું, એક વાર દુઃખ મરવે;
માનભંગથી નિત્ય નિત્ય દુઃખ, આંગળી કરશે સરવે.
મેળવી જસ ને મરવું વ્હેલું, ઉત્તમ નર એ ચ્હાએ;
અધમ કાયરો ઘણું જીવીને, અપજસમાં રીબાએ.
માન સરીખું કલ્પવૃક્ષ કો, સંસારે નવ રહોએ;
સુખ આપિને અમર રાખતું, ઉત્તમ અંશી જોએ.[૨૦]

એને કાયાની પરવા નહોતી, પણ પોતાની યશઃકાયા સદા અક્ષત રહે એ એની સતત ચિંતાનો વિષય હતો. એક વાર એક વાત લીધી, તો પછી ગમે તેટલી દારુણ મુશ્કેલીઓ આવી પડે તો પણ હરગિજ તેને વળગી જ રહેવું એ જ એનો નિશાનો હતો. જાન જાય, પણ મામ ન જાય એ એનો હૃદયમંત્ર હતો.

ડગલું ભર્યું કે ના હટવું ના હટવું;
વેણ કહાડ્યું કે ના લટવું ના લટવું.
સમજીને તો પગલું મૂકવું, મૂકીને ના બ્હીવું;
જવાય જો નહિં આગળ તોયે, ફરી ન પાછું લેવું.

---

૨૦ ‘નર્મકવિતા’, પૃ. ૨૨૨–૩.



સુરત આમલીરાન (હવે નર્મદ ચકલા)માં આવેલું કવિ નર્મદાશંકરનું મકાન

સરસ્વતીમંદિર

સંકટ મ્હોટું આવી પડતે, મ્હોડું ન કરવું ન્હીલું;
ફળે બળે ખુબ લ્હડવું, પણ ના કરવું ફરવા ઊંચું.
જ્યાં ઊભા ત્યાં ચોંટી રહિને, વચન લેવું સબળું;
આભ પડો કે પૃથ્વી ફાટો તોય ન કરીયે નબળું.
ફતેહ કરીને આગળ વધશું, અથવા અહિંયાં મરશું;
પણ લીધેલું તે પાળીશું, રે વજ્જરનું કરશું. [૨૧]

આવું એને મન પણનું માહાત્મ્ય હતું, અને આવું પણમાહાત્મ્ય એ કેવળ ઉચ્ચારીને જ નહોતો બેસી રહ્યો, એ પણમાહાત્મ્ય એણે જિંદગીમાં આચરી પણ બતાવ્યું હતું. એનું આખું જીવન આ પંક્તિઓના ચરિતાર્થ જેવું જ હતું. નોકરી નહિ કરવાના એના પણને લીધે એની પર પણ 'આભ પડે કે પૃથ્વી ફાટે' એવી આફતો આવી પડી હતી, અને છતાં એ કશાથી લેશ પણ ન ડગતાં પોતાના એ ટેકને એ લગભગ છેક સુધી વળગી રહેલો. આ આફતો ને આ ટેકની જો સંપૂર્ણ વીગતો મળી આવે ને પછી જો એનું યથાર્થ ધ્યાન કરી શકાય તો નર્મદની મૂર્તિ કોઇ પરમરસિક, પરમભવ્ય, કરુણાન્ત નાટકના ધીરોદાત્ત વીર નાયકરૂપે જ આપણી સમક્ષ ઊભી રહે. પણ એવી સંપૂર્ણ વીગતો તો હજુ મળી શકતી નથી. એટલે જે થોડી મળે છે તે કશી પણ ટીકા વિના એના પોતાના જ શબ્દોમાં કોરીકટ પ્રથમ આપી દઇએ.

[૧] માના મરણથી, પ્રિયાના મરણથી, સ્થાયી આજીવિકાના ઉદ્યમની પ્રાપ્તિમાં ન ફાવવાથી સમયે સમયે વૈરાગ્ય ઉત્પન્ન થયલો, પણ વળી તે ઉડી ગયેલો. કોઇ પણ ગુરુના કે કોઇ નવા ધર્મમંડળના આશ્રમમાં રહી **સં**સ્કૃત ભણવાનો તથા ગુજરાતીમાં ભાપણ લખાણ કરવાનો ઉદ્યોગ રાખવા ભણી વૃત્તિ દોડેલી; એમાં ન ફાવેથી હરદાસનું કામ કરવાની વૃત્તિ થયેલી ને એને માટે **સં**સ્કૃત અભ્યાસ સારુ પૂને ગયેલો. પણ કવિતાનું સ્ફુરણ ઉપડેલું તેથી તથા દ્રવ્યના સંકોચથી તે કામ કરવા ઉપરથી મતિ

---

૨૧ '**ન**ર્મકવિતા', પૃ. ૨૨૭.

ખસી ગઇ ને પછી ગુજરાતીમાં ગદ્યપદ્ય ગ્રંથ લખવાનો ઉદ્યોગ રાખ્યો. ('ધર્મતંત્ર', 'ગુજરાતી' દિવાળી, ૧૯૧૫, પૃ.૧૮૮૩.)

[૨] 'જોગી બીજા જન હું સરખા કષ્ટ જેને પડેલાં' એ લીટીની ટીકા કરતાં સં. ૧૯૧૮માં કહે છેઃ 'હું સરખા એ ખોટું નથી (પ્યાર ને પૈસા સંબંધી જે મારી ગભરામણ તે હું જ જાણું.) દયા ઉપજાવવાને અથવા બડાઈ હાંકવાને એ શબ્દો નથી લખ્યા' ('નર્મકવિતા' પૃ. ૧૯૮)

[૩] સં. ૧૯૧૯માં લાલશંકર દવે ગુજરી ગયા તે સાલ વિશે નર્મદ લખે છેઃ 'બાપનો ઉભા વરસનો ખરચ, શેરની ઘેલછાથી લોકનું મન પુસ્તકો વાંચવા તરફ ન હોવાને લીધે ચોપડીઓનું વેચાણ બંધ, ઘરખરચ પણ મોટો (ઘરનું ભાડું મુંબઇમાં રૂ. ૭૫), તેમાં વળી જન્મથી હું હાથનો છુટો એટલે પછી પુછવું જ શું—એ કારણોથી મારું મન પૈસા તરફથી ઘણું ઉદાસ રહેવા માંડયું. દેવું છએક હજારનું થઈ ગએલું; તેમાં પાછો હું મમતે ભરાયલો કે વારુ કાંહાં સુધી એમ તંગીમાં રહેવું પડે છે તે તો હું જોઉં. વળી શ્રીમંત મિત્રોની તરફથી દ્રવ્યની મદદ ન મળતી તેથી તેઓ ઉપર ચ્હીડ,—એ કારણથી પણ મારું મન ઉદાસ રહેતું—હું મનના ગમાડાને માટે ઘણો ઘણો ખરચ કરતો—તેમાં માગનારને આપવું ને ગુણીની કદર બુઝવી એ જોસ્સો ઘણો હતો' ('મારી હકીકત', ૯,૨૭.)

[૪] સં. ૧૯૧૯માં 'નાણાંભીડ, પ્રીતિવિયોગ, મિત્રોનું બેદરકારપણું—વગેરે વાતોથી મારા મનમાં બહુ ગભરાટ હતો. તેમાં શેરની ઘેલાઈ શરૂ થયલી ને તેમાં લોકો સારી પેઠે કમાતા તે જોઇને મને બહુ દુઃખ થતું હતું કે જેઓ સુધાં આચરણથી સુધો ઉદ્યોગ કરે છ તેઓનું દુનિયામાં કંઈ ફાવતું નથી ને જેઓ ખોટાં આચરણથી ખોટા ઉદ્યોગ કરે છ તેઓનું ફાવે છ એ તે કેવી કુદરત! હું મારા મનને રમાડવાને શૃંગારરસ, દુઃખમાં ધીરજ આપવાને શાંતરસ, અને પ્રપંચી સંસાર સાથે ધર્મજુદ્ધ કરવાને વીરરસ લખતો.' ('મારી હકીકત', ૯,૧૮.)

[૫] સં. ૧૯૨૦ના 'ડાંડિયા'માંઃ 'રે જીવ, તું મોટો ભાગ્યશાળી છે, તું રાતદહાડો ઉદ્યોગ કરે છે, ગુજરાન જેટલું ને કંઇક વધારે પણ પેદા

કરે છે, નાના પ્રકારના નિર્દોષ વિલાસવૈભવ કરે છે, શરીરે નિરોગી છે, કોઇનો તાબેદાર નથી, શક્તિ પ્રમાણે તનમનધનથી લોકનું કલ્યાણ કરે છે, તને તારી યોગ્યતા પ્રમાણે બધેથી માન મળે છે, તારા ઉપર સરવે જનનો લોભ છે—હવે તારે શું કરવા રડવું જોઇએ? હા, તું રડે છ તે તારો ટેક નીભ્યો જશે કે નહીં, એ વિચારથી પેદા થતી ધાસ્તીથી; પણ હોય, ચ્હડતી પડતી સહુને જ છે—હમણાં જારે તું આટલું સુખ ભોગવે છ, તારે પછી દુઃખ પણ સોસજે. રે જ્ઞાનીને વળી દુઃખ કેવું? એને તો રડવામાં પણ પ્રભુનો ખેલ જાણી આનંદ જ છે.' ('જૂનું નર્મગદ્ય', પૃ.૩૮૦-૧.)

[૬] સં. ૧૯૨૫માં લખેલો પત્રઃ

'એક પાસથી ઘરખરચના સવાસો જોઇએ ને વેચવાની ચોપડીઓ મળે નહીં, તને ભરવાની મોટી કાળજી તેમ અહીંનાને ભરવાની પણ. વળી અહીંનું કરજ વધારવાની જરૂરિયાત. હવે હું કેમ ન ગભરાઉં? ઉઠું છ ત્યારથી તે સુતા સુધીમાં ઓછામાં ઓછી ૧૦ વાર દોઢિયાં એમ નિશ્વાસથી બોલાઈ જવાય છે. ખરેખર હું દ્રવ્યને તુચ્છ ગણતો આવ્યો છઉં ને હજીએ મનથી તેમ જ ગણું છઉં પણ મિત્રના વિશ્વાસ ઉપર સાહસ થયેથી જારે ભીડ આવી તારે દ્રવ્ય જરૂરનું લાગે છે. હું હમેશ સહાય કરનારો તે હાલ સહાયપાત્ર થયો છઉં ને સહાય મળતી નથી—હોય! રતના ફેરફાર હોય છે તેમ આ દિવસ પણ જશે. ફાંફાં મારચો જાઉં છું—આશા રાખ્યો જાઉં છું—પણ થવાનું હશે તે થશે એમ મનમાં નક્કી સમજું છઉં—સાહસથી થયલી હાનિનો બદલો વાળવાને સાહસ જ કરવું જોઇએ, પછી આમ કે તેમ. એ વિચાર પ્રમાણે વર્તવું મેં ધારચું છે—નાનાં ચોપડાં તૈયાર કરી છપાવવાં, વાલ્ટર સ્કોટે પોતાના લ્હેણદારોને કહ્યું હતું કે સબુરી રાખો, તેમ મારે કહેવું પડે છે. ભાઈ જેટલા ભરાયા છે તેની કયાં આશા હતી?' ('નર્મપત્રાવલિ', 'ગુજરાતી', દિવાળી, સને ૧૯૨૩, પૃ. ૭.)

[૭] સં. ૧૯૨૭માં 'અનુભવલ્લહરી'માં

'રે નર્મદ રાખી રેહ ધીર, એથિ જ ત્હારું રહેશે હીર;
અકળાવાથી વાધે પીડ, ઠરવે ઓછી થાએ ભીડ.
પણ નર્મદ શું ખાવું કાલ, કુટુંબના એવા જહાં હાલ;
જ્ઞાન શું આવે આડે તહાં, શૂર ન થાય શું કાયર તહાં?
જોઈ રહેવું શું જ્ઞાને ઠરી, શૂરપણે શું જાવું મરી?
કુટુંબ રોયાં કરતું રોજ, માણવિ શું તેમાં રે મોજ?
જશાળ ઉદ્યમ ફળે ન કોય, વસુ વણ કયમ જન પશુ નવ હોય?
માંદગિમાં રીબાતાં જંન, જોઈ ઠારવું શું રે મન!
ઉમંગભંગ સહુ સંખાય, પોતાથી ભૂખ્યાં રહેવાય;
નિજજનનું દુઃખ કયમ જોવાય, જ્ઞાન શૂર પણ ખોટાં થાય.
ધીરજ એ ટાણે શી રેહ, પશુ થઈ શું ભીખે કેહ?
ભીખે પણ ના પેટ ભરાય, મુકયો ટેક પણ મિથ્યા જાય.

. . . . . . . . .

રે નર્મદ તું ભૂલે કેમ, ભીડ ગઈ કે પાછું તેમ;
ગરમ કરી દેવાં તનમંન, ધીરજને ન મુકવી સજ્જંન.
રણમાં જખમી થાતાં અરે, કાયરપણ શું ધરવું ખરે;
સમયે ધીરજ ધરવી અને, સમયે હિંમત ભિડવી રણે.
રીબાયા તો ધાડા થયા, મરી ગયા તો પાર જ પડયા;
ફાવ્યા તારે તો સહુ ઠીક, ઝારિ નાખ જ્ઞાને મન ચીક.
જગપ્રપંચના જૂઠા ખેલ, તેમાં શું મન રાખે ઘેલ;
અનુભવઆનંદ વિદ્યાનંદ, હોંસે પી પ્યાલા સુખકંદ.
મરી જજે પણ મૂકિશ નહીં, સત્ય ટેક પરમારથ કહીં;
ધન માન સુત દારા અહીં, વ્હેલાં મોડાં શૂન્ય જ સહી.
તનમન પણ સહુ ખોટાં થાય, હું ને મારું મિથ્યા જાય;
હું મ્હારાંને જૂઠાં લહી, જીવને લવ અકળાવીશ નહીં.
થવાનું મોડું વ્હેલું થાય, જ્ઞાની શું કરવા ગભરાય?
ચાલે ત્હાં લગિ કુમળો રેહ, નવ ફાવે કર કઠણ દેહ.

ભૂત ભાવિ ના જોઇશ કાંઇ, વર્તમાનને ધરજે ર્હાઈ;
દુઃખ સંકટને હસતાં મળી, હાર જીતથી શિખવે રળી.
નર્મદ કહે કંઇ શંકા છે હવે, કહિ દે કે હું લાવું દવે;
ના નર્મદ હું સમજ્યો સમું, અમિરિ ફકીરી રંગે રમું.'

('નર્મકવિતા', પૃ. ૩૫૨–૪.)

[૮] 'ટકટક જોયા કરવું બળદિયા, ટકટક જોયા કરવું.
શક્તિ વગર તે બેસી જવાયે, ભાગી ગયા પગ ત્હારા.
મથી ઊઠતાં વલ્લું ચાલતાં, ફસકિ જવાયે તુંથી.
ફાટિ આંખ ને મ્હોડે ફીણ બહુ, દાંતો તો બીડેલા
કુવા પેટમાં હાડ જણાતાં, શી આ ત્હારી વેળા.'

('નર્મકવિતા', પૃ. ૬૧૯.)

[૯] 'આ શા હાલ છે માહરા, નથી આશ ફળતી કહીં.
આસમાનનો રંગ બદલાએ, નસીબતણા આ નહીં.
કાળતણી પણ રત બદલાએ, નસીબતણી આ નહીં.
ભુંડે નસીબે રોજ રીબાઊં, આશ મુકી હરિ કાં અહીં.
ફાગ વસંતનો બ્હાર ઉંચો તે, નવ નવ જોઉં અહીં.
પશુ પંખી સુખી જ્ઞાન વગરનાં, જ્ઞાને હું દુખિયો અહીં.
થાય મરણ નહીં નર્મદ છૂટું, થાઊં ઊંચો સુખી તહીં.'

('નર્મકવિતા', પૃ. ૬૨૧.)

[૧૦] '૧૯૩૫—દશેમ—હે જ્ઞાનસરસ્વતીના પ્રવાહ—હે ગંગે ! હવે તો તું વ્યવહાર સંબંધી અવ્યવસ્થાની મલિનતા વહેલી દૂર કર.

૧૯૩૬ વસંતોત્સવ—ઇચ્છારામે હોરીઓ સંભળાવી—પહોર નિરાશ થઇ ગયેલો તેથી આ વખતે રૂ. ૧) આપ્યો. એટલો જ ઘરમાં હતો. તે સુભદ્રાનું મન દુખવી આપી દીધો.

કાર્તિક પૂનેમ—સંધ્યા સમે દેવને કર્પૂરદીપ થયો હતો. તેનું હું બહારથી દર્શન કરતો હતો, તેવામાં ઘરવાળાએ ભાડાની ઉઘરાણી કીધી. મેં કહ્યું કે તમારો દોષ નથી, પણ મારું નઠારું ભાગ્ય કે ઈશ્વરસ્મરણ કરું

છું તે વેળા તમારું આવવું થયું છે.

**મા.** સુ. ૧૧—તાણુતને દહાડે **બાબુલનાથ** જઇ બ્રહ્મજ્ઞાનના વિચાર ને **સરસ્વતી**નો જપ. પણ સમુદ્રકીનારેથી જતાં બે વાર રેતીમાં હાથ ઘાલ્યો હતો, પારસની ઘેલછામાં.

**પોષ સંક્રાંતિ**—ॐ संक्रमणशूरत्यै नमः। એક માળા; ॐ नमो महाकाली महालक्ष्मी महासरस्वत्यै नमः ભણી હવે તો બંધનથી મુક્ત કર. મારી સ્થિતિનું શુભ સંક્રમણ કર.

**માઘ—સરસ્વતી** સારાં વાનાં જ કરશે—બંધનથી મુક્ત કરશે જ. શુ. ૭. ઇષ્ટદૈવત જે વિશ્વાસ તે દૃઢ નહિ. જો હું મથન કરું તો ધૈર્ય ઓછું. તરતની મુંઝવણમાં અનેક સંબંધીજનો સંતોષવાને, વચન મિથ્યા જતું ન કરવાને ફાંફાં મારવાં, વળે કંઇ નહિ. કોઇ ગાંઠે નહિ. જીવને વધારે દુઃખ કરવું, એમાં શો લાભ? ધીર ધર, સમયે સુઝે તે કર, સ્વારથીઆ શઠ કહેશે પણ તું શઠ નથી. જ્ઞાને અભ્યાસે કઠિણ થા. ને સ્વભાવે કોમળ દયાવાન પરોપકારી છે તેવો જ રહે.

**ફાગણ** વદ ૭.—**પ્રભુ**! હું કેટલાંનો ઓશિયાળો? બંધનથી ક્યારે છોડાવીશ? **સરસ્વતી**ની કૃપા છે, પણ પૂર્વ કર્મ નડે છે.

**ચૈત્ર** શુદ ૧૫—ગઇ રાતે સ્વપ્ન—તેમાં અઢી વેળાએ રૂ. ૫૦૦) મળ્યા એ શું સૂચવે છે, દેવી! કે તારું કામ અટકશે નહિ.

**આશો** વ. ૦)) આ પ્રમાણે લખ્યું:—ક્યારે ઋણમુક્ત થાઉં ને ઓચ્છવ કરું? વળી તે ઇચ્છા કરી! દિશા શૂન્ય છે તો જે સુઝે તે કરજે.

૧૯૩૭ **પોષ** શુદ ૧૨—આ તો મારી પ્રતીતિ જ છે કે સુખદુઃખ અનિત્ય છે. મારા સંસાર ભણી જોઉં છું તો હું બહુ દુઃખી છું, ઋણસિન્ધુમાં નિમગ્ન છું, નિત્ય જ સાંકડમાં છું. ભાવીનો તાં શો વિચાર—મારે માટે કેટલા જીવ દુઃખી, સ્ત્રીઓનો વિયોગ, તેઓનાં સ્વાચરણ, તેઓની સ્થિતિ—શરીર મન વ્યવહાર પરત્વે કોઇની ઇચ્છાનો લેશ પાર પડે નહિ. કેવી જાલ! પણ નિત્યાનિત્યને વિચારે તે દુઃખ પણ સહન કરવું જોઇએ એ ન્યાયે જાળની સ્પૃહા રાખતો નથી. ('ધર્મતંત્ર', 'ગુજરાતી', દિવાળી, ૧૯૧૫, પૃ. ૧૮૮૩–૫.)

અહાહા! કેટલું કઠોર તપ? કેટલી દારુણ યાતના? વાંચતાં પણ કમકમાં નથી આવતાં? એક ટેક સાચવવાને વીર **નર્મદે** કેટલાં કેટલાં કષ્ટો સહન કરેલાં? કેટલી કેટલી મૂંઝવણો ભોગવેલી? કેટલી સમવિષમ મનોદશાઓ પસાર કરેલી? અને એ બધું કેટલાં વરસો સુધી? બે પાંચ? ના, આઠ દસ? ના. આટલાં બધાં અવતરણો નિરર્થક નથી આપ્યાં, અનિવાર્ય હતાં માટે જ આપ્યાં છે. જુઓ પહેલું અવતરણ સં. ૧૯૧૮ પહેલાંનું છે, છેલ્લું અવતરણ સં. ૧૯૩૭નું છે. એટલે લાંબાં-લાંબાં વીસ વીસ વરસ સુધી એ મહા પુરુષે આવી ચિત્તયંત્રણાઓ ભોગવેલી. કાલ ખાવાનું ન હોય, કુટુંબીઓ માંદાં હોય, કરજનો પાર ન હોય, નાણી નજર ક્યાં ય પહોંચતી ન હોય, ઘરમાં સમ ખાવા એક જ રૂપિયો હોય તે દાનમાં આપી દીધો હોય, ભાડાવાળાને આપવા પાઇ ન હોય, અને છતાં જાતજાતનાં મંથનો અનુભવીને અંતે નિર્ણય ત્યારે એક જ, કપરામાં કપરી આફત વેળાએ પણ આખરી નિર્ણય ત્યારે એક જ કે, એ સઘળું અનિત્ય છે, ધીર થઇને સહી લેવું, મરી જવું પણ ટેક મૂકવો નહિ. આવા અટંક ટેકી નર ગુજરાતમાં તો શું, જગતમાં પણ કેટલા થોડા હોય છે?

અને આ બધું તો એનું આંતરમંથન છે તે ભૂલવાનું નથી. દિલમાં આવા ભડકા બળી રહ્યા હતા છતાં બહારથી તો એ એવો ને એવો જ શાંત, સ્વસ્થ, સ્થિતપ્રજ્ઞ સદાને માટે રહ્યો છે. ક્યાં યે હાથ લાંબો કર્યો નથી, ક્યાં યે દીનતા બતાવી નથી, અરે મિત્રને પણ દુઃખ જણાવા દીધું નથી.[૨૨] જેને જેને મદદની જરૂર પડી છે તેને તેને, પોતાની જાતનો તલભાર વિચાર કર્યા વિના વગર સંકોચે આપી છે. પોતાનો ટેક તો એણે નથી જ મૂક્યો, પણ જે ઉચ્ચ આદર્શ એણે પોતાના જીવન માટે ઘડી રાખેલો, તેની ઉચ્ચ ભૂમિકા પરથી એક ડગલું પણ એ નીચે નથી ઊતર્યો, ને, જે શુદ્ધ નિઃસ્પૃહતાની વૃત્તિ પોતાને માટે નક્કી કરી રાખેલી,

---

૨૨ જુઓ **નવલરામ**: '**નવલ**ગ્રંથાવલિ', 'કવિજીવન', ૧૨૮૬.

તેમાં રજમાત્ર ફેરફાર થવા નથી દીધો. જે દિવસોમાં એને નાણાંની અતિશય ભીડ હતી તે દિવસોમાં આખું ગુજરાત 'લૂંટો ભાઇ લૂંટો!'ની ધમાલમાં—શેરસટ્ટાની ધમાલમાં—પડ્યું હતું. સૌને ઝટપટ પૈસાદાર થઇ જવાની જ લગની લાગી હતી. પૂરા પાંચસે પાસે નહોતા એવા માણસો પાંચ લાખના ધણી જોતજોતામાં થઇ બેસતા હતા. શેરનો જુગાર તડામાર ચાલી રહ્યો હતો. ભલભલા સમજુ ને સુશિક્ષિત જનો પણ એની લાલચને વારી શકતા નહોતા. ભોગીલાલ પ્રાણવલ્લભ ને કવિ દલપતરામ જેવા શાણા માણસો પણ પોતાની લાંબા વખતની નોકરી છોડીને શેરબજારમાં ધસતા હતા. પણ વીર નર્મદ તો યોગીરાજ જેવો જ અચળ રહે છે. આટલાં બધાં દુઃખો હોવા છતાં, હાથ આટલો બધો ભીડમાં હોવા છતાં એની અલોલુપતામાં લગારે ફેર પડતો નથી. એ તો પોતાના આદર્શની ઊંચી અટારીએ ઊભો ઊભો આ બધી ભવાઇ ઉપહાસપૂર્વક જોઇ રહે છે અને સૌ પામરજનો પર સખત સપાટા લગાવે છે. જુઓ એનો 'ડાંડિયા'માંનો 'આજકાલ' નામનો લેખ:

આજકાલ છે માલમાં, મોટી લક્ષ્મી નાર;
ભક્તિનીતિ તો તુચ્છ છે, એમ કહે નરનાર.

આજકાલ સહુના માથામાં એ જ ધુન ભરાઈ રહેલી છે કે, પુશ્કળ ધન કમાઇને ગાડી–વાડી–લાડીનો ઉપભોગ કરવો, એ જ જીવ્યાનું સાર્થક છે. . . . . એ વિચાર અજ્ઞાની લોકોમાં પરંપરાથી ચાલતો આવ્યો છે, માટે એમાં કંઇ નવાઇ જેવું નથી. પણ આજકાલ ભણેલા જ્ઞાની લોકો માયાના પાશથી એ વિચારના થઇ પડ્યા છે, એ મોટું આશ્ચર્ય છે. ઠીક ઠીક!

ગુજરાત—વિષે કેહેવત ચાલે છે 'ગાંડી ગુજરાત આગુ સેં લાત ઓર પીછે સેં બાત.' એ કેહેવત કહાડનારને ખરેખર ધન્ય છે. . . . ગાંડા તે ગાંડા—જે પર ચાલ્યા તે ચાલ્યા. ભણવા લખવામાં, ઘટતા ઉદ્યોગ કરવામાં, ગાંડાની પેઠે ચાલ્યા કરતાં હોર [illegible] પણ નરસી વાતમાં ખંતે કામ કરચે જાય છે.—ન્યાતવ [illegible] વા

તો તે જ, મહારાજોને ભજવા તો તેમ જ, પુનર્વિવાહ ને પ્રવાસ કરવા—તો તે ન જ કરવા વગેરે વગેરે—ઠીક ઠીક !

. . . . . . . . . .

આજકાલ પણિયેત સ્ત્રી પુરુષની કુળદેવી ઝંપ પારકાં પુરુષની કુળદેવી થઈ છે. **સરસ્વતીએ** કુંભકરણની નિદ્રા લીધી અખંડ **પ્રીતજોત**, બેવચનીપણું તથા વિશ્વાસઘાત એના ઝેરી વા થી ઘેરાઇ ગઇ છે. માયાવી રાક્ષસી લક્ષ્મીનું રાજ જોઇ બચ **ભક્તિનીતિ** ખૂણેખોતરે ભરાઇ રડ્યાં કરે છે—ઈશ્વર તો બુ અવતાર લઇને બેઠો છે. ઠીક ઠીક![23]

અને અંતર વલોવાઇ જતું હોય છતાં ચિત્તની સમતોલતા જરા ચળવા નહિ દીધેલી તથા કર્તવ્યાનુષ્ઠાનમાં લેશ પણ શિથિલતા ન આવવા દીધેલી તેનું એક સુંદર દૃષ્ટાંત **ન**વલરામે 'કવિજીવન'માં નો છે તે પણ આંહીં વીસરવું ન ઘટે. રજાનો દિવસ છે. કવિ ભારે મૂંઝવણ **ન**વલરામની રાહ જોતા બારીએ ઊભા છે. બહુ માઠા સમાચાર મ છે. કવિનો **ભોજ** શેઠ કરસનદાસ શેરસટ્ટામાં એકાએક તૂટી પડ્યો કવિએ પોતાની કવિતાનું મોટું પુસ્તક છપાવવા માંડેલું તેનાં છેલ્લાં ખંડમાં પડ્યાં છે. આ મોટા પુસ્તકનું મુદ્રણખર્ચ કરસનદાસ પાસે મળવાની કવિને આશા હતી તથા તે મિત્રભાવે એમને અર્પણ કરવા કવિનો સંકલ્પ હતો. પણ એ ભાંગ્યાના ખબર આવ્યા એટલે બધી વ વિચારવા જેવી થઇ પડી છે. કરસનદાસને જ અર્પણ કરે તો હવે નાણાં આપી શકે એમ નહિ હોવાથી છપામણીખર્ચ માથે પડે એ છે, અને કવિને અત્યારે દેવું એવડું મોટું થઇ ગયું છે કે એ પોતા જાત પર એટલો બધો બોજો લઇ શકે એમ નથી. અને કરસનદાસ મૂકી કોઇ બીજાને અર્પણ કરે તો મૈત્રીધર્મમાં ચુકાય એવું છે. આ કરવું શું? કોઇકે તો કરસનદાસને પડતા મૂકી બીજા ધનાઢ્યને પક

---

૨૩ 'જૂનું **નર્મ**ગદ્ય', પૃ ૩૭૭—૯.

વાની સલાહ આપેલ, પણ **નર્મદ** એ કેમ માને? **નવલરામ** આવે છે એટલે બધી હકીકત તેમની આગળ રજૂ થાય છે. **નવલરામ** કહે છે કે કરસનદાસને પોતાને જ આ પરિસ્થિતિ વીગતવાર જણાવી હોય તો એ પોતે જ પુસ્તક બીજા કોઇને અર્પણ કરવાની સલાહ આપે માટે એમ કરવામાં કંઇ વાંધો ન કહેવાય. પણ છતાં **નર્મદને** ગળે એ વાત ઊતરતી નથી. એ તો ઉત્તર આપે છે કે 'કરસનદાસ તો હા પાડે, પણ એ બીચારો પૈસા આપી શકે એમ ન હોય તેથી મારે શું મારા પ્રીતિધર્મમાં ચૂકવું? નહિ જ.' વિકારહેતુ જબરો હતો—કરસનદાસને અર્પણ કરે તો મોટી આર્થિક મુશ્કેલી આવી પડે એમ હતી, ને બીજાને અર્પણ કરે તો બધી પંચાત ટળી જાય એમ હતી, એટલે લાલચ ભીતિ ઉભયનો વિકારહેતુ જબરો હતો —છતાં આ ધીર પુરુષનું ચિત્ત વિકાર ન જ પામ્યું, ને એણે તો બીજે દિવસે પ્રૂફની સાથે કરસનદાસના નામની જ અર્પણપત્રિકા લખી મોકલી. ખરેખરું 'રસિક ટેકીપણું' નહિ આ—'અરિ પણ દિલથી ગાય' એવું ?

'ગમે તેવું ટેકીપણું, પણ આખરે તો નોકરી લીધી જ ને? પછી ક્યાં રહ્યું એનું પણ? ને ટેક જાળવી રાખ્યો તેટલો વખત પણ કેટલી ચીસો નાખી છે એના ચિત્તે? આવી કરુણ ચીસો પાડે એને આપણે પરાક્રમનું નામ પણ શી રીતે આપી શકીએ?' હા—ખરી વાત—જાતે એક ટકો પણ નહિ આચરતાં છતાં પારકાની પરીક્ષા વખતે સોએ સો ટકાની માગણી કરનાર છિદ્રાન્વેષી માનવી એમ બોલશે ખરો, પણ એ બન્ને આક્ષેપો અનુદાર છે એટલું જ નહિ પણ સમજ વિનાના છે. ચીસ-ની જ વાત લ્યો. દુઃખ પડે ને ચિત્ત ચીસ પાડી ઊઠે એટલા જ ઉપરથી પરાક્રમ ઊડી ગયું કહેવાય? શી રીતે? દુઃખ પડવાથી ચિત્ત ચીસ પાડી ઊઠે એ તો ઘા વાગવાથી મોટામાં મોટા શૂરવીરના શરીરમાંથી પણ લોહીની ધાર છૂટે એના જેવી કુદરતી વાત થઇ. પણ એ રીતે લોહીની ધાર છૂટે માટે શું કોઇ એમ કહી શકશે કે તે શૂરવીર નથી? નહિ જ. ઘાયલ થવાથી લોહી નીકળવું જેટલું સ્વાભાવિક છે તેટલું જ દુઃખ પડવાથી અંતરમાં પીડા થવી એ પણ સ્વાભાવિક છે, અને એ બેમાંથી એકે કારણે

શૌર્યની કિંમત ઘટતી નથી. શૌર્યની કિંમત તો ત્યારે ઘટે કે લોહીની ધાર થતી દેખીને લડવૈયો હથિયાર તજી રણમાંથી સ્વયમેવ નાસી જાય, અર્થાત્ વેદનાને લીધે ચિત્તને ચીસ પાડતું દેખી નર્મદે જો ઝૂઝવું જ છોડી દીધું હોત ને સ્વયમેવ પોતાની જ રાજીખુશીથી યત્ન કરીને જીવન-વ્રતનો ભંગ કરી જો કોઇ સૂંવાળી ગાદી સ્વીકારી લીધી હોત તો એના શૌર્યની કિંમત ઘટત. પણ એવું તો કશું થયું જ નથી. એટલે એની ચીસ માત્રથી નર્મદના શૌર્યનો ઇનકાર કોઇ કરી શકે નહિ. એ ચીસ તો ઊલટી એણે જીવનભર સહન કરેલાં દુઃખોની અસહ્યતા જ પુરવાર કરે છે, અને એવું અસહ્ય દુઃખ છતાં, એ દુઃખના અનુભવથી હૃદયમાં કાળી બળતરા વરસોનાં વરસો સુધી ચાલી રહ્યા છતાં, એ સઘળો સમય હસતું મોં રાખી પોતાની આંતરવ્યથા કોઇને પણ જણાવા દીધા વિના ચોવીસ વરસ સુધી એણે પોતાનો ટેક જાળવી રાખ્યો એ તો એનું પરાકાષ્ઠાનું પરાક્રમ જ સિદ્ધ કરે છે. હવે બીજો આક્ષેપ વિચારો. એ આક્ષેપમાં શૌર્ય ને સફળતા, યુદ્ધ ને જય એ બન્ને વચ્ચેનો ભેદ ભૂલી જવાયો છે. શું સફળતા લાધે તો જ શૌર્ય દાખવ્યું ગણાય? જય મળે તો જ માણસ ઝૂઝ્યો કહેવાય? નહિ જ. જય પરાજય એ તો અકસ્માતની વાત છે. કોઇ યોદ્ધા અતુલ બલ દાખવે છતાં આખરે દુશ્મનને હાથ પડે એવું પણ બને. છતાં દુશ્મનને હાથ પડે તો પણ પરાક્રમ તો તેનું જ ગવાય. આપણો નર્મદ પણ એવો જ કોઇ વીર યોદ્ધા નથી લાગતો? ચોમેર દુશ્મનોથી ઘેરાઇ ગયો છે, દુઃખની ઝડી પર ઝડી વરસી રહી છે, આફતના ઘા પર ઘા પડ્યા કરે છે, બધી બાજૂથી વિપત્તિનો એકસરખો મારો ચાલુ છે, છતાં એ વીર પુરુષ એ બધાની સામે ખડક જેવો અડગ રહે છે, ને

Come one, come all,
This rock shall fly
As soon as I.

એવો પડકાર જાણે કે પોતાના દુશ્મનદળને સતત રીતે કરી રહ્યો છે.

એના હાથ સઘળી બાજૂએ હેઠા પડ્યા છે, કોઈ પણ ઉપાય કાર કરે એવું રહ્યું નથી, છતાં લગાર પણ પાછી પાની કર્યા વિના સઘળા ઘા અદ્‌ભુત ધૈર્યથી ઝીલી રહ્યો છે, ને શત્રુની ગોળીઓ વાગે તેમ તેમ વધુ વધુ ઝનૂનથી ઝૂઝી રહ્યો છે તથા એકલે હાથે જબરી કાપાકાપી કરી રહ્યો છે; આખરે પણ એનો આત્મા તો અંત સુધી લડી જ રહ્યો છે, પણ એનો દેહ દેહધર્મે કરીને જ બેભાન થઇને ઢળી પડે છે, અને એ બેભાન અવસ્થામાં દુશ્મનો એને ઝોળીમાં નાખીને લઇ જઈ બેડીઓ પહેરાવે છે. આ તે એનો જય કે પરાજય? જેની સામે કોઇ પળવાર પણ ટકવાની હામ ન ભીડે તેની સામે એ વરસોનાં વરસો સુધી એકલે હાથે ટક્કર ઝીલે, અને એટલાં બધાં વરસો સુધી ટક્કર ઝીલવા છતાં કોઇ એની વહારે ન આવે ને એકલે પંડે લડતાં વીર અભિમન્યુની પેઠે એ પડે તો એમાં નામોશી તે એની કે એના સહાયોની, એના સાથીઓની? નર્મદને ચોવીસ વરસના ટેક પછી નોકરી લેવી પડી એમાં લાંછન નર્મદને નથી, ચોવીસ વરસની ઉગ્ર તપશ્ચર્યાની કદર ન કરનાર ગુજરાતને છે. બાકી નર્મદને તો એની દેખીતી હાર છતાં સૌ સાચા શૌર્યપ્રશંસકો પૂજશે જ ને મૅથ્યુ આર્નોલ્ડે બાયરનને સંબોધીને લખેલા શબ્દોમાં એને કહેશે કે

And, Narmad! let us admire
    If not thy fierce and turbid song,
Yet that, in anguish, doubt, desire,
    Thy fiery courage still was strong.
The sun that on thy tossing pain
    Did with such cold derision shine,
He crushed thee not with his disdain—
    He had his glow, and thou hadst thine.

## પ્રકરણ પાંચમું

# કવિતા

If you possibly can, keep the *man* out of view altogether in your estimate of the *work*. If you can't do that, keep the two estimates separate. —*Saintsbury*

This is the fundamental thing to be remembered when considering the art of poetry as such. The whole question of what causes a poet to say this or that and of the impression that is thence made upon us can be definitely narrowed down to the question 'How does he say it?' The manner of his utterance is, indeed, the sole evidence before us. To know anything of a poet but his poetry is, so far as the poetry is concerned, to know something that may be entertaining, even delightful, but is certainly inessential. The written word is everything. If it is an imperfect word, no external circumstance can heighten its value as poetry.... We have to consider this alone—the poet has something to say: does he say it in the best words in best order? By that, and by that alone, is he to be judged. —*John Drinkwater*

આજ લગભગ પોણોસો વરસથી નર્મદને આપણે કવિ કહેતા આવ્યા છીએ. એની કવિતાનો સામટો સંગ્રહ પહેલી વાર પ્રકટ થયો ત્યારે વિવેચનક્ષેત્રમાં પગલાં માંડતા યુવાન નવલરામે યૌવનસુલભ ઉત્સાહથી એને न भूतो न भविष्यति જેવા—પ્રેમાનંદને પણ પાણી ભરાવે એવા—અદ્વિતીય કવિ તરીકે ઓળખાવેલો.[૧] તોલનશક્તિ પરિપક્વ થતાં નવલ-

૧ જુઓ 'નવલગ્રંથાવલિ ભા. ૨'માંનો 'કવિ નર્મદાશંકરની કવિતા' (પૃ. ૩૧૬-૨૭) નામે સને ૧૮૬૭નો લેખ.

રામે પોતાનો મત સુધારેલો, ને એની અદ્વિતીયતાનો દાવો મૂકી દઈ, **નર્મદ**ના મરણ બાદ એક વરસે પ્રકટ થએલી 'નર્મકવિતા'ની પ્રસ્તાવનામાં એને એ જમાનાના બે મુખ્ય કવિઓમાંના એકરૂપે ગણાવી સંતોષ માનેલો, ને વિશેષમાં સંભાળપૂર્વક ઉમેરેલું કે 'દેશકાળથી પર એવી સામાન્ય કવિરૂપ ગણના તે તો હવે પછીના જમાનામાં યથાર્થપણે થાય.'[૨] એવી 'દેશકાળથી પર' યથાર્થ ગણના કરવાનો સમય હવે આવી પહોંચ્યો નથી? ને એનો પ્રારંભ, આવે પ્રસંગે તો કેવળ મધુર મધુર જ કહેવાય એવી આપણામાં ઊંડી ઊંડી પેસી ગએલી ભ્રમણાનો ત્યાગ કરીને, આજ એની શતાબ્દીના દિનથી જ કરીએ તો કંઇ ખોટું છે? **નર્મદ**ને સૌથી પ્રિય વસ્તુ સત્ય, નિખાલસતા, સ્પષ્ટવકતૃત્વ હતી. તો એની કવિતાના સંબંધમાં આજે આપણે સ્પષ્ટવકતા બની આપણને જે સત્ય લાગતું હોય તે કહીએ—**નર્મદ** મહા પુરુષ હતો એ અસંદિગ્ધ વાતને બાજૂ પર રાખી કેવળ કવિતાની નિરપેક્ષ કસોટીએ કસી જોતાં જેવું જણાય તેવું સત્ય નિખાલસ રીતે કહીએ—તો તેમાં આપણે એની સાચી પૂજા જ નથી કરતા?

ત્યારે સત્ય શું છે?

સત્ય એ છે કે કવિતાની કોઇ પણ કસોટીએ કસી જોતાં **નર્મદ** બહુ ઊંચી કોટિમાં આવી શકતો નથી. સાચી કવિતાના આસ્વાદથી જે ઉચ્ચ પ્રકારનો રસાનંદ પ્રાપ્ત થવો જોઇએ, सद्यःपरनिर्वृत्तिनो જે સાક્ષાત્કાર થવો જોઇએ તે **નર્મદ**ની રચનાઓ ક્વચિત્ જ કરાવી શકે છે. **નર્મદે** નવીન કાવ્યભાવનાને પોતાની નજર સમક્ષ રાખી હતી, એનું હૃદય સદા ઊર્મિઓથી ઊછળી રહ્યું હતું, જૂના કવિઓની પેઠે કેવળ રચવા ખાતર જ ભાવાવેશ વિના એ કાવ્ય રચવા કદી બેસતો નહિ, પણ ઊંડા અંતઃક્ષોભ પછી જ એ કાવ્ય રચતો હતો એવું એવું **નર્મદ**ના સંબંધમાં સામાન્ય રીતે કહેવાય છે તે પર શ્રદ્ધા રાખીને વાચક એની પાસેથી ઉત્કૃષ્ટ પ્રકારની કવિતાની આશા કરતો 'નર્મકવિતા' વાંચવા જાય છે, પણ તેમાં એ તરત

૨ '**નર્મ**કવિતા', પ્રસ્તાવના, પૃ. ૯.

જ નિરાશ થાય છે. નર્મદને નવીન કાવ્યભાવનાના અગ્રણીરૂપે વર્ણવતાં મણિલાલ નભુભાઇ કહે છેઃ 'દલપતરામના પોતાના સમયમાં, વાચન-પ્રકારની કાવ્યભાવનાની ટંકશાળ ચાલતી હતી તેવામાં જ, મુંબઇ અને સુરત તરફ એક વિદ્વન્મંડલ પોતાની નવી જ ભાવનાએ વાચન અને કાવ્યના પ્રવાહને દોરવા યત્ન કરતું હતું. સંસ્કૃત વિદ્યાના સંસ્કાર પામી તેના કાવ્યચમત્કારનો ભક્ત થયેલો, ટેનીસન, શેલી, અને બાયરન શેક્સપીયરથી તે મિલ્ટન અને કાઉપર સુધી કાવ્યપ્રતિભાને ઓળખતો, અંગરેજી ઉપરાંત જર્મન, ફ્રેન્ચ, લાટિન, ગ્રીક સાહિત્યમાં વિહરતો, કાલિદાસ, શૂદ્રક, જયદેવ આદિનો રસ પોતાના દેશીઓને ચખાડવા યત્ન કરતો, અને દેશી યુવકોને રસની ઉત્તમોત્તમ ભાવના શીખવવાનો જ ધંધો કરતો, ડાકટર હોરેસ હેમન વીલ્સન, એ મંડલનો સહાય અને પ્રેરક હતો. તે મંડલ ઉપર તેની છાપ પડી હતી. બુદ્ધિવર્ધક ડાંડીયો એ નામનાં પત્ર કાઢી, બુદ્ધિવર્ધક સભા સ્થાપી, અનેક ગ્રંથો લખી તેઓ જે પ્રયત્ન કરતા, વાચન અને કાવ્યની જે ભાવના ગુજરાતને આપવા ઇચ્છતા તેનું સ્પષ્ટ આદર્શ કવિ નર્મદ જેવો તેમનો પરમપૂજ્ય અગ્રણી હતો. સંસ્કૃત સાહિત્યના સર્વસ્વનો થોડોઘણો પણ સ્વાદ લેઇ, દયારામભાઇ જેવા કવિને અંધકારમાંથી બહાર લાવવાનો યત્ન કરી, અંગરેજી કાવ્ય સાહિત્યનો પણ વિહારી, અતુલ બળવતી પ્રતિભાવાળો એ પુરુષ નવી જ જાતનું કાવ્ય ગુજરાતને સંભળાવવા લાગ્યો.'[૩] નવી કાવ્યભાવનાને અનુસરી નર્મદ ગુજરાતને નવી જ જાતનું કાવ્ય સંભળાવવા લાગ્યો એ વાત મુદ્દે સાચી છે, અને તેથી જ આપણે છેલ્લે જોઇશું તેમ ગુજરાતી કવિતાના ઇતિહાસમાં એનું સ્થાન અચળ છે, છતાં એ વાત ઘડીભર બાજૂ પર રાખીએ તો, આવી ઉન્નત કાવ્યભાવનાથી અંકિત, આવા પ્રેરક વાતાવરણમાં ઘડાએલા, ને આવા નૂતન સાહિત્યપ્રકાશથી પ્રજ્ઞા પામેલા પુરુષ પાસેથી જે સિદ્ધિની કોઇ પણ માણસ આશા રાખે તે નર્મદ દાખવી શકતો નથી.

---

૩ 'સુદર્શનગદ્યાવલિ', પૃ. ૭૫૪.

નવીન કાવ્યભાવના નજર આગળ રાખી એણે કેટલાક પ્રયોગો કર્યાં છે ખરા, ને તેમાંથી વનવર્ણન, પ્રવાસવર્ણન, ઋતુવર્ણન આદિની અંદર એણે કરેલું પ્રકૃતિલીલાનું ગાન, 'રુદનરસિક,' '**વીર**સિંહ' ને 'જીવરાજ' એ અપૂર્ણ કૃતિઓ દ્વારા અંગ્રેજી શૈલીનું મહાકાવ્ય રચવાના એણે પ્રકટ કરેલા કોડ, તથા પ્રેમશૌર્યની લાગણીથી ઊછળતું એનું 'હિંદુઓની પડતી' એ દીર્ઘકાવ્ય તેમ એવાં જ પ્રીતિ તેમ વીરતાનાં બીજાં છૂટક પદો ઇતિહાસદૃષ્ટિએ ગુજરાતી સાહિત્યમાં એને નામે સદાને માટે નોંધી રાખવાનાં છે, છતાં કેવળ રસદૃષ્ટિએ જોઇએ—**નર્મદ** કોણ હતો, ક્યારે જન્મેલો, એનું વ્યક્તિત્વ કેવું હતું, એના સંજોગો શા હતા એ બધી આડીઅવળી વાતો ભૂલીને જે કાવ્યભાવનાને અનુસરવાનો એ દાવો કરતો હતો તે કાવ્યભાવનાના ધોરણે એને તપાસીએ—તો કોઇ પણ કાવ્યભોગીને એની રચનાઓ પૂરતો સંતોષ આપી શકતી નથી. એની કૃતિઓનું કલેવર તેને અણઘડ લાગે છે, એની ભાષા તેને ક્લિષ્ટ લાગે છે, પ્રસાદની ખામી તેમાં પગલે પગલે દેખાય છે, એના ભાવો પણ તેને સર્વત્ર સમુચિત જણાતા નથી, એની કાવ્યપંક્તિઓ સ્વ. કાન્તે કહ્યું છે તેમ પૂરતી પ્રવાહી[૪] હોતી નથી, ને એની વૃત્તરચનામાં એ સર્વત્ર સમર્થ કવિને સહજ એવું પ્રભુત્વ દર્શાવી શકતો નથી. **નર્મદ** આવડો મોટો કાવ્યસંગ્રહ મૂકતો ગયો છે, ને તેમાંથી 'જય જય ગરવી ગુજરાત' જેવાં કાવ્યો તો પ્રજાએ સદાને માટે સ્વીકારી લીધાં છે, છતાં જેમાં એનું કવિત્વ આદિથી અંત સુધી એક સરખી ઉચ્ચ કક્ષા સાચવી શક્યું હોય, જરાએ રસભંગ કરાવ્યા

---

૪ 'અહીં આપણે એટલું તરત જોઇએ છીએ, કે કવિના કાળના વાચકોની માફક આપણે "છક્ક" થતા નથી. "ઋતુવર્ણન" વગેરે કાવ્યોની વાણી આપણને જોઇએ તેવી પ્રવાહી લાગતી નથી. દલપતકાવ્ય અને **નર્મ**કવિતા બન્નેની વાણી આપણને ગદ્ય કરતાં જોઇએ તેટલી ઉચ્ચતર અને સૂક્ષ્મતર લાગતી નથી. કવિઓની કલામાં સ્થિતિની અપૂર્ણતા જોઇ શકાય છે. વિશેષે કરીને **નર્મ**કવિતાનાં કાવ્યો તે કલાનાં કાર્યો નહિ પણ પ્રાયશઃ વીર હૃદયના સરલ, સ્પષ્ટ, સ્વાભાવિક, સાહજિક ઉદ્ગાર છે.'—'આપણું નવીન કાવ્યસાહિત્ય', પૃ. ૭ (પહેલી ગુજરાતી સાહિત્યપરિષદનો અહેવાલ).

વિના એક સરખો ઉત્તમ પ્રકારનો કાવ્યાનંદ આપતું હોય એવાં સર્વાંગસંપૂર્ણ કાવ્યો 'નર્મકવિતા'નાં પાનાં ફરીફરીને ઉથલાવતાં છતાં એમાં મળતાં નથી. નર્મદ કૌતુકપ્રિય પ્રકૃતિનો પુરુષ હતો, એટલે ઉપર ગણાવેલી એની બધી ઊણપો દરગુજર કરીએ તો પણ સામી બાજૂએ સમર્થ કૌતુકપ્રિય કવિમાં જે અતુલ બળ, જે ગગનગામી કલ્પના, જે હૃદય હલમલાવી નાખે એવું સાચું લાગણીપૂર ને નિત્યનિરંતર અપૂર્વતાના અન્વેષણ ને અભિનવ સૌન્દર્યસર્જનની જે તાલાવેલી હોય છે તેમાંનું કશું પણ 'નર્મકવિતા'માં છે નહિ. તેથી એ દૃષ્ટિએ પણ તે ઊભી રહી શકતી નથી. અલબત્ત, સાપેક્ષ દૃષ્ટિએ જોતાં, ગુજરાતી વાચકોને થોડો ઘણો રસ આપે અને એમની સમક્ષ સદાને માટે ધરી રાખવો ઘટે એવો દોઢસો બસો પાનાંનો કાવ્યસંગ્રહ તો એ પૂરો પાડે જ છે, તેમ નવીન કાવ્યપ્રદેશના આદિ સંચારી પુરુષ તરીકે એની સેવા અવિસ્મરણીય છે, છતાં નિરપેક્ષ દૃષ્ટિએ કવિતાના સર્વોચ્ચ ધોરણે તપાસતાં નર્મદનું સ્થાન બહુ ઊંચું આવતું નથી એ વાત સ્પષ્ટ છે.

અને એ વાત એટલી બધી સ્પષ્ટ છે, સાહિત્યની તારીમારીમાં નહિ પડેલા કોઇ પણ સાચા કાવ્યરસિક તટસ્થ વાચકને 'નર્મકવિતા'ના વાચન વખતે એ વાત પ્રત્યેક પળે એવા અસંદિગ્ધ રૂપમાં પ્રતીત થાય છે કે એમાં વિશેષ વાદ કે લાંબા સમર્થનની જરૂર જ નથી. પણ સામાન્ય રીતે આપણે સર્જક ને સર્જન—કવિ ને કૃતિ—ને એવાં શેળભેળ કરી દઇએ છીએ, વિષયના ગૌરવ આગળ તેના આવિષ્કરણના સ્વરૂપને એવાં વીસરી જઇએ છીએ, કે જ્યાં કવિનું વ્યક્તિત્વ આકર્ષક હોય ને એના પ્રતિપાદનવિષયો મહત્ત્વના હોય ત્યાં આપણે સહેજે ભુલાવામાં પડી જઇએ છીએ, ને તેથી તેના કાવ્યની મૂલવણીમાં યથાર્થ નિર્ણય પર આવી શકતા નથી. નર્મદના સંબંધમાં પણ એવું જ થાય છે. પુરુષ તરીકે એ એટલો બધો મહાન છે કે કવિ તરીકે પણ એ એટલો જ મહાન હોવો જોઇએ એમ આપણે વગર તપાસે સ્વીકારી લઇએ છીએ. શૌર્ય, સ્વદેશાભિમાન, પ્રકૃતિસૌન્દર્ય આદિ એના વિષયો એટલા ગૌરવાન્વિત છે

કે એ સઘળા વિષયોના પ્રતિપાદનમાં એ પૂરો ચમત્કાર દર્શાવી શક્યો છે કે કેમ તેનો વિચાર કરવા કોઇ થોભતું નથી, અને તેથી નવીન કાવ્યભાવનાને નામે એક વાર એ વખણાઇ ગયો તે મત પરંપરાથી એમ ને એમ ચાલ્યા કરે છે. બાકી શુદ્ધ કવિતાની દૃષ્ટિએ જોતાં એની રચનાઓ એટલી અપક્વ છે અને એમાંની ક્ષતિઓ એટલી ખુલ્લી છે કે કોઇ પણ કાવ્યપરીક્ષક એને બહુ ઊંચા વર્ગમાં મૂકી જ ન શકે. કોઇ પણ ધોરણે તપાસો, પરિણામ આ સિવાય બીજું એકે નહિ આવવાનું. ઉદાહરણ તરીકે એક સાદી કસોટી જ અજમાવી જુઓ. નર્મદ અંગ્રેજી કવિતાનો રસિયો હતો, તેથી એણે કેટલાંક અંગ્રેજી કાવ્યોનાં ગુજરાતી ભાષાંતર કર્યાં છે. આમાં શેક્સ્પીઅરનું 'The quality of mercy'[૫] સ્કૉટનું 'Breathes there the man'[૬] વર્ડ્ઝવર્થનું Lucy Gray'[૭] આદિ કેટલાંક અંગ્રેજી સાહિત્યમાં નામાંકિત કાવ્યો એણે લીધાં છે. પણ એ સર્વનાં એણે કરેલાં ભાષાન્તરો જોઇએ છીએ તો તે અત્યંત નબળાં ને રસહીન લાગે છે. સ્વ. બોટાદકર જેવો અંગ્રેજીથી અનભિજ્ઞ ને અલ્પશિક્ષિત કવિ આવાં ભાષાંતરોમાં દાખવી શકે છે તેની પાંચમા ભાગની પણ શક્તિ નર્મદ આ રચનાઓમાં દાખવી શકતો નથી. મૂળની બધી ખૂબી તો એ નથી જ ઉતારી શકતો, પણ એ ખૂબીનો ગણનાપાત્ર અંશ પણ એ ભાગ્યે જ પોતાના ભાષાન્તરમાં આણી શકે છે. સ્થળસંકોચને લીધે એ બધાંમાંથી તો અવતરણો આપી શકાય એમ નથી, પણ નમૂના દાખલ એક 'Breathes there the man'ના ભાષાંતરમાંથી થોડી પંક્તિઓ ઉતારીએ:

વળી કોણ છે વિશ્વમાં મૂઢ એવો,
બળી હોસનો કાયરો પાવિ જેવો,

૫ 'નર્મકવિતા', પૃ. ૬૦૪–૫
૬ સદર, પૃ. ૬૨૫–૬.
૭ સદર, પૃ. ૧૬–૨૧.

નહીં વેણુ કોદી ભણ્યાં શૂર હાં હાં,
ભુમી મ્હારી છે આ લિધો જન્મ જાંહાં.
પ્રદેશી ભુમીમાં અટણોથિ થાકી,
જવું જન્મવાસે રૂડી સંધિ તાકી;
સુમુહૂર્ત સાંચી પડ્યો બ્હાર જયારે,
ઉમંગે ન હૈયે કુને ઊંચ સારે.
વસે જીવ એવો બહુ ધાર ધાઇ,
ન ચારણ ભાટે સ્તુતિ તેની ગાઇ;
ખિતાબો ઘણા ને બડો નામજાદો,
સ્વઇચ્છિત નાખૂટ દોલતદાદો.

છીઃ છીઃ છીઃ—આગળ ઉતારતાં પણ શરમ આવે છે! **સ્કૉટ**ના એ પરમ ઉદાત્ત કાવ્યનું આવું અધમ ભાષાંતર! અને તે **નર્મદ** જેવા સાચા દેશાભિમાની કવિ—'જય જય ગરવી ગુજરાત' ને 'સૂરત' જેવાં કાવ્યોના રચનાર—ને હાથે? આવા નિત્ય દેશદાઝથી ઊકળી રહેલા પુરુષમાં ઉચ્ચ કવિત્વ હોય તો તો 'Breathes there the man' જેવા કાવ્યનું ભાષાંતર ભારેમાં ભારે બેદરકારીથી કરે—ઊંઘમાંથી ઝબકી ઊઠીને એકાએક કરે—તો પણ આના કરતાં અનેકગણું ચડિયાતું થવું જોઇએ. તે નથી થયું એ શું સૂચવે છે? એ જ કે **નર્મદ**માં ઉચ્ચ કોટિનું કવિત્વ હતું જ નહિ. એક બીજી દૃષ્ટિએ **નર્મદ**ની કવિતાનો વિચાર કરી જુઓ. સાચા સમર્થ કવિ હોય તેને બીજા કોઇ પણ સાચા સમર્થ કવિ સાથે સરખાવીએ તો એ બીજો કવિ તેને કોઈ રીતે હાનિ પહોંચાડી શકતો નથી, કે તેના તરફના આપણા આદરમાં કશો ઘટાડો કરી શકતો નથી એ જાણીતો નિયમ છે. **નર્મદ**ને આ નિયમ લાગુ પાડો. એનાં સંસારસુધારા ને પ્રકૃતિવર્ણનનાં કાવ્યો આપણા ગુજરાતના જ એ વિષયના એક બીજા કવિ રા. **નરસિંહરાવ**નાં કાવ્યો સાથે સરખાવી જુઓ. **નર્મદ**નાં સાવ નિઃસાર સત્ત્વશૂન્ય લાગ્યા વિના રહેશે નહિ. આમાં રા. **નરસિંહરાવ**ને વચગાળામાં ભાષા, છંદ, કવિત્વરીતિ, સંસ્કારિતા આદિની અંદર જે

વિકાસ થયો છે તેનો લાભ મળ્યો એ એક જ કારણ નથી. એ ઉપરાંત મુખ્ય કારણ એ છે કે નર્મદનું કવિત્વ જ ઊતરતી પંક્તિનું છે.

'ઊતરતી પંક્તિનું કેમ હોઇ શકે ભલા? ચિત્તક્ષોભ એ સાચી કવિતાનું જનક તત્ત્વ છે, ને તે તો **નર્મદ**માં નિ:શંક છે જ. "જોસ્સા"થી તો એનું અંતર સદા ઊભરાતું જ હોય છે. ઊર્મિઓ તો એનામાં સદા ઊછળતી જ હોય છે, છતાં એ ઉત્તમ કવિતા ન રચી શકે એ બને જ કેમ?' બરાબર, **નર્મદ** પણ એમ જ માનતો હતો ને એની એ માન્યતાએ જ—અયથાર્થપણે સમજાએલા એના એ ઊર્મિવાદે જ—એની કવિતાનો ઘાણ વાળી નાખ્યો છે. **સેઇન્ટ્સબરી** એક સ્થળે કહે છે કે કવિઓને એમના મતો કે વાદો કેટલીક વાર અવળે માર્ગે ચડાવી દે છે અને એમની પ્રતિભા કે નિસર્ગશક્તિને મદદ કરવાને બદલે ઊલટા ગૂંચવે છે. **નર્મદ**નું પણ એવું જ બનેલું. **અંગ્રેજી** સાહિત્યશિક્ષકો પાસેથી તેમ સાહિત્યગ્રંથોમાંથી એ એમ જ સમજેલો કે કવિતાને માટે કેવળ ઊર્મિની જ જરૂર છે, એટલે એકલી ઊર્મિથી જ સંતુષ્ટ રહી કવિતાકલાનાં અન્ય આવશ્યક અંગોનો એણે અનાદર જ કરેલો. કવિતા બુદ્ધિપૂર્વક પ્રયાસ કરીને રચાતી નથી પણ સ્વયંભૂ ઊર્મિથી આપોઆપ રચાઇ જાય છે એ મતનો એણે એવો અપૂર્ણ અર્થ કરેલો કે કવિતામાં બુદ્ધિવ્યાપારની બિલકુલ અગત્ય જ નથી ને એકલો અંતઃ-ક્ષોભ જ તેને માટે પર્યાપ્ત છે. આથી કાવ્યરચના વખતે એ ફક્ત પોતાના 'જોસ્સા' પર જ મુસ્તાક રહેતો, ને ઊર્મિની સાથેસાથે બુદ્ધિતત્ત્વને પણ જાગ્રત રાખવું જોઇએ તેને સુપ્ત જ રહેવા દેતો. વસ્તુતઃ કવિતા એ ઊર્મિ કે બુદ્ધિ કે એવા કોઇ પણ એક જ તત્ત્વના ક્ષોભનું પરિણામ નથી, પણ સમગ્ર માનવ આત્માના રસિક ઉદ્રેકનું એ પરિણામ છે. માનવીની સકલ આંતરપ્રવૃત્તિના ધન્ય ઉદ્ભેદનું પરિપક્વ ફળ તે જ વાસ્તવિક રીતે કવિતા છે. પણ **નર્મદ** એ રહસ્ય સમજેલો નહિ. એણે તો એકલો 'જોસ્સો' જ કવિતાનું જીવનસર્વસ્વ છે એવો વાદ વહેરાભાઇના નાડાની જેમ મૂઢતાથી પકડી રાખેલો, ને એ વાદ પકડી રાખતાં આખી કવિતાવસ્તુ જ સરી જાય છે ને પોતાના હાથમાં કેવળ પોતાનું અર્થહીન

નાડું જ રહે છે એ વાતનું પણ એને ભાન રહેલું નહિ. 'નર્મકવિતા'માં ઠેરઠેર ટીપ મૂકીને એણે વાચકનું લક્ષ ખેંચવા પ્રયત્ન કર્યો છે કે 'આ કાવ્ય જોસ્સામાં તડાકાબંધ લખી નાખ્યું છે', 'આ કાવ્ય લખ્યું ત્યારે હું અતિશય આવેશમાં હતો ને બે દિવસ ઘરબહાર નીકળ્યા વગર સતત બેસીને તે લખી નાખેલું', 'ઊભરામાં રચાઈ ગયું', 'ઊભરામાં'. 'નર્મ-કવિતા'ની પ્રીતિ સંબંધી કવિતાના પરિચ્છેદમાં તો આ 'ઊભરામાં' એ શબ્દ પાને પાને ઉપરાઉપર એટલી બધી વાર આવે છે કે વારંવાર એનો એ શબ્દ જોઇજોઇને જ આપણે થાકી જઇએ. નર્મદની આવી બધી ટીપો કવિતોત્પત્તિ વિશે એની જે અધૂરી સમજણ હતી તેના જ પુરાવારૂપ છે. આ બધી ટીપો દ્વારા એ એમ જણાવવા માગતો હતો કે પોતાનાં કાવ્ય આવી રીતે 'જોસ્સા'માં રચાઇ ગએલાં છે માટે તે સાચી કવિતા જ છે અને સૌએ તેને સાચી કવિતા તરીકે જ સ્વીકારવાનાં છે. એની કવિતામાં આપણને અત્યારે જે ઊણપો સાલે છે—વિચારો કે ભાવોમાં કંઇ ઢંગધડો ન હોય, ભાષા કઠોર કે નીરસ હોય, છંદરચના પણ લંગડાતી હોય—એવી જે જે ઊણપો આપણને સાલે છે—એ બધાંનું કારણ એની આ ભૂલભરેલી માન્યતા જ છે. એક 'જોસ્સો' કોઇ પણ રીતે આવ્યો એટલે કવિ જાણે કૃતાર્થ જ થઈ ગયો, અને એ વખતે એ પોતાની વિવેકશક્તિ, ઔચિત્યબુદ્ધિ, સૌન્દર્યાભિરુચિ, ભાષાશુદ્ધિ ને છંદોનૈપુણ્ય એ બધાને ઘરેણે મૂકે તોપણ ચાલે, ને છતાં ઉત્તમ કાવ્ય આપોઆપ રચાઇ જાય એવું જ કોઈ ભૂત નર્મદના ચિત્તમાં ભરાઇ ગએલું, અને તેને જ પરિણામે એની કાવ્યસંપત્તિ આવી નિકૃષ્ટ પ્રકારની રહેલી. એ સમયમાં કોઇ સાચો ને સમર્થ વિવેચક જો નર્મદને મળી આવ્યો હોત અને નર્મદે સ્વીકારેલા 'જોસ્સા'વાદની મર્યાદિતતા સમજાવી એને સાચી રસમીમાંસા શીખવી શક્યો હોત તો નર્મદને તેમ ગુજરાતી સાહિત્યને ઉભયને એથી લાભ જ થાત. ગુજરાતમાં એ વખતે નવલરામ હતા ખરા, પણ એમની વિવેચનપ્રવૃત્તિ મોડી શરૂ થએલી. નવલરામે વિવેચનો લખવા માંડ્યાં ત્યારે તો નર્મદાશંકરનો કવનકાળ પૂરો થએલો, એટલે

નવલરામ એમને કંઇ પ્રકાશ આપીને દોરી શકે એવું હતું જ નહિ. નવલરામમાં એ વખતે નર્મદે સ્વીકારેલા વાદની અંદરની ભ્રામકતા ઉઘાડી પાડવા જેટલી સૂક્ષ્મતા પણ હતી નહિ. એ વખતે તો તે પોતે પણ કવિની કીર્તિના ઝળહળાટમાં અંજાઈ જ ગએલા, અને ગુજરાતી સાહિત્યમાં નર્મદ જેવો મહાકવિ થયો નથી એમ જ એમણે માનેલું. આવા કોઈ વિવેચકને અભાવે નર્મદ પોતાના ભૂલભરેલા ખ્યાલમાં ચકચૂર જ રહેલો, કેવળ જુસ્સાને જ કવિતાનું સર્વસ્વ ગણી એણે ભાષા, છંદ આદિ કાવ્યાંગોની ઉપેક્ષા જ કરેલી, અને તેથી જ સાચા રસથી ભરપૂર એવી ચિરસ્થાયી કાવ્યકૃતિઓ એ આપણને અલ્પ જ આપી શકેલો. એટલે અત્યારે તો એની 'નર્મકવિતા' કવિતાને માટે કેવળ 'જોસ્સો' બસ છે એ વાદની ભ્રામકતાના ચિરંજીવ સ્મારક જેવી જ બની છે.

આ 'જોસ્સા'ની બાબતમાં પણ નર્મદ કંઇક અંધારામાં જ અટવાતો હતો એમ લાગે છે. એકલો 'જોસ્સો' પણ જો એનો સાચો, નૈસર્ગિક હોત, તો બીજાં કાવ્યાંગોની એણે પરવા ન કરી હોત તોપણ નૈસર્ગિક અંતઃક્ષોભને લીધે એ બધાં અંગોની સિદ્ધિ એની પાછળ પાછળ સ્વયમેવ આવી હોત[૮] અને એકંદર પરિણામ આપણે ઉત્કૃષ્ટ જ જોઇ શક્યા હોત, પણ નર્મદનો આ 'જોસ્સો' પણ કૃત્રિમ હોય એમ લાગે છે. એના જીવનમાં નશો

---

૮ જુઓ ડ્રિન્કવૉટરના શબ્દો: 'It is indeed difficult to see precisely what can be meant by the suggestion that is often made that the emotions can ever be translated into poetic form wholly without the play of intellect. If the emotion is intense enough for the creation of poetry at all, it will inevitably call up the intellectual power necessary to its shaping, otherwise it would be ineffectually diffused.... Poetry in this sense, does not and could not exist. Bad verse is merely the evidence of both emotion and intellect that are, so to speak, below poetic power, not of emotion divorced from intellect, which evaporates unrecorded.' —*The Lyric, pp. 29-30.*

કરવાની વાતો આપણે સ્થળે સ્થળે વાંચીએ છીએ. એના પોતાના શબ્દો છે કે

નર્મદ કવિ નિત ઊડતો રે, જારે નીશામાં ચૂર;
કહું બલિહારી નિશાતણી રે, બનું સાત્ત્વિક ગુણનું પૂર રે.[૯]

અને ટીપમાં 'ઊભરામાં' એમ ઉમેરેલું જોઇએ છીએ તેમ 'નીશામાં' એમ પણ કેટલીક વાર જોઇએ છીએ. એટલે આવા નશાને પરિણામે જ એના ચિત્તનો કૃત્રિમ 'જોસ્સો' ઉદ્દ્ભવતો, અને એવા કૃત્રિમ જુસ્સાએ એના ઊર્મિતત્ત્વને જાગ્રત કરવાને બદલે એના બુદ્ધિતત્ત્વને નિદ્રાધીન કરવાનું અનિષ્ટ કાર્ય જ કરેલું એમ લાગે છે.[૧૦] નહિ તો એનાં કાવ્યો ભાષાની

૯ નર્મકવિતા', પૃ. ૭૩૫.

૧૦ સાહિત્યસર્જનમાં કેફની અસર વિશે ટૉલ્સ્ટૉયને સારો જાતઅનુભવ હતો, તેથી એણે તે વિશે કરેલું નીચેનું પૃથક્કરણ વિચારવા જેવું છે: 'It is usually said (and I used to say) that smoking facilitates mental work. And that is undoubtedly true if one considers only the quantity of one's output. To a man who smokes, and who consequently ceases strictly to appraise and weigh his thoughts, it seems as if he suddenly had many thoughts. But this is not because he really has many thoughts, but only because he has lost control of his thoughts.

When a man works, he is always conscious of two beings in himself: the one works, the other appraises the work. The stricter the appraisement, the slower and the better is the work; and vice versa. When the appraiser is under the influence of something that stupefies him, more work gets done, but its quality is lower.

"If I do not smoke I cannot write. I connot get on; I begin and cannot continue" is what is usually said, and what I used to say. What does it really mean? It means either that you have nothing to write, or that what you wish to write, has not yet matured in your consciousness but is only beginning dimly to

બાબતમાં આટલાં બધાં દરિદ્ર ન હોત, અંત્યયમક મેળવવામાં એને જે મુશ્કેલી પડે છે તે ન પડત, ને બીજી રીતે પણ વૃત્તરચનાને માટે એને શબ્દો મારીમચડીને બેસાડવા પડે છે તેમ ન કરવું પડત, અને એ બધું આપોઆપ ઉત્તમ રૂપમાં ગોઠવાઇ જાત. પણ એનો ઊર્મિક્ષોભ કૃત્રિમ ઉપાયો વડે સંપાદિત કરેલો હોવાથી એ ક્ષણજીવી જ હોય છે. આથી જ એનાં ઘણાંખરાં કાવ્યોની સ્થિતિ આગિયા જેવી જોવામાં આવે છે. આગિયો જેમ ઘડીક ઝબકીને પાછો શાન્ત થઈ જાય છે, વળી પાછો થોડી વાર જરા ઝબકી ફરી શાન્ત થઇ જાય છે, તેમ નર્મદનાં ઘણાંખરાં કાવ્યોમાં એવું દીઠામાં આવે છે કે તેની પ્રારંભની બેત્રણ પંક્તિઓમાં કંઈક રસિક કલ્પના કે કવિત્વચમત્કાર હોય છે, પણ તરત તે ઠરી જાય છે. વળી પાછો વચ્ચે ઝાંખો ઝબકારો થવો હોય તો થાય છે ને પછી સાવ નીરસતામાં સરી પડે છે. ઘણીવાર તો કેવળ જોડકણા જેટલું નીચું ઊતરી પડે છે. એનું બનાવટી ઊર્મિબળ પ્રારંભમાં એને પળવાર પ્રેરણા આપે છે, પણ પછી તરત તે ઓસરી જાય છે ને લેખકને આગળ જેમતેમ તાણીતોશીને ચલાવવું પડે છે. વીરરસ નર્મદનો સૌથી પ્રબળ અંશ હતો, એટલે આખી 'નર્મકવિતા'માં દેશાભિમાન કે પ્રેમશૌર્ય વિશેનાં જે કાવ્યો છે તે ઉત્તમ વર્ગમાં આવે છે. છતાં એનાં આ વીરરસાત્મક કાવ્યોમાં પણ કવિત્વશક્તિ આદિથી અંત સુધી એકસરખા સામર્થ્યથી વ્યાપી રહી હોય એવાં થોડાં જ જડે છે. બાકી મોટા ભાગનાં તો એનાં ચારિત્ર્યલક્ષણોની ચર્ચા કરતાં દૃષ્ટાંત રૂપે ટાંકવાં હોય ત્યાં પણ આખાં ટાંકતાં સંકોચ થાય એવાં અણઘડ કલાવિહીન જ છે.

---

present itself to you and the appraising critic within, when not stupefied with tobacco, tells you so .... What to you when not inebriated by tobacco seemed insignificent, again seems important; what seemed obscure, no longer seems so; the objections that presented themselves vanish, and you continue to write, and write much and rapidly.'—*Essays and Letters, p. 27.*

એક બીજી રીતે જોતાં પણ નર્મદની ઊર્મિની કૃત્રિમતા છતી થાય છે. 'નર્મકવિતા' વાંચીએ છીએ તો તેમાં આપણને પ્રસાદગુણની મોટી ખામી દેખાઇ આવે છે. નર્મદ પોતાનું વક્તવ્ય સ્પષ્ટ રૂપમાં દર્શાવી જ શકતો નથી, એની વાણીમાં અર્થવાહકતા જ નથી, એવો 'નર્મકવિતા' વાંચતાં વારંવાર અનુભવ થાય છે. આ બાબતમાં દલપત નર્મદ કરતાં અનેકગણો ચડિયાતો છે. દલપતનું કશું યે અસ્પષ્ટ નથી ત્યારે નર્મદને શું કહેવું છે તે તો એણે આપેલી ટીપમાંથી જ સમજાય, ટીપ વિના ખબર જ ન પડે એવી સ્થિતિ ઘણે સ્થળે જોવામાં આવે છે. નર્મદની જે 'જોસ્સા'ની કાવ્યભાવના હતી તે જોતાં એની કવિતાની આ અસ્પષ્ટતા અગમ્ય થઇ પડે છે. કેમકે જે કવિતા 'જોસ્સા'થી પ્રેરાએલી હોય તે તો સર્વથા સ્પષ્ટ, સચોટ, ને અસરકારક જ હોય. અસ્પષ્ટ તો પરાણે રચેલી માંડમાંડ બેસાડેલી કવિતા જ હોય. છતાં નર્મદની કવિતા અસ્પષ્ટ છે તે સાબિત કરે છે કે એની ઘણીખરી કવિતા પ્રબળ 'જોસ્સા'નું, ઊંડી ઊર્મિનું નહિ પણ કૃત્રિમ આવેશનું ફળ છે. નર્મદની કવિતાની દુર્બોધતા સંબંધમાં એની હયાતીમાં જ ફરિયાદ ઊઠેલી અને તેથી જ એણે 'નર્મ-કવિતા'ની પ્રસ્તાવનામાં લખેલું: 'મારી કવિતા ઘણા લોકથી સમજાતી નથી એવો ચાર પાસ પોકાર ઊઠી રહેલો તેથી, તે સમજાવવાને મારું મન ઉસકેરાયું. આ ઠેકાણે મારે દલગીરીથી કેહેવું પડે છે કે જે રીતની જે સમજે મેં કવિતા લખી છે તે રીતની તે સમજને પોંહોંચ્યા હોય તેવા મારા પ્રસંગમાં આવેલા સેંકડો જનોમાં (આપણા ગુજરાતીઓમાં) મારા તો જાણ્યામાં થોડાક જ છે—કાં તો હજી લોકમાં કવિતા સમજવાની શક્તિ આવી નથી, કાં તો મારી કવિતા દોષવાળી છે, કે કાં તો મારી કવિતા તે કવિતા જ નથી.' આટલાં વરસે હવે આપણે બેધડક રીતે કહી શકીશું કે દોષ લોકોનો નહિ પણ કવિતાનો જ છે.

'જોસ્સા'ની પેઠે પોતાના કવિત્વ સંબંધમાં પણ નર્મદ કંઇક ભ્રમણામાં ભટકતો હોય એમ લાગે છે. એને એમ જ થઇ ગયું લાગે છે કે હું કોઇ મહાકવિ છું ને ગુજરાતને કોઇ અલૌકિક ચમત્કૃતિવાળી કવિતા હું

આપી રહ્યો છું. નવલરામે ૧૮૬૭માં એની કવિતાનું જે અતિપ્રશંસાપૂર્ણ અવલોકન કરેલું તે પણ એને એ વખતે અસંતોષકારક લાગેલું, અને તેથી તેના પ્રતિવાદમાં એણે 'મારી કવિતા વિશે મારા વિચારો' નામે એક લેખ તૈયાર કરેલો તે પાછળથી 'ગુજરાતી'માં[11] પ્રકટ થયો છે. એ લેખ વાંચતાં આ વાત ચોખ્ખી દેખાઇ આવે છે. એ સિવાય 'નર્મ-કવિતા'નાં ટિપ્પણોનો પણ પ્રધાન સૂર એ જ છે. મૂળથી જ અભિમાનનું તત્ત્વ એની પ્રકૃતિમાં પ્રબળ હતું, તેમાં વળી કવિત્વનું ભાન ભળ્યું, એટલે એની અસ્મિતા બેહદ બહેકી ઊઠેલી. એને ચોવીસે કલાક એમ જ થયા કરતું કે 'હું કવિ છું, હું મહાકવિ છું.' એટલે એના વિચાર, ભાવ, કલ્પના એ બધું શુદ્ધ માનવોચિત નહિ પણ કૃત્રિમ બની જતું. એ સદાએ મહાકવિનો મોટો ભારે વાઘો પહેરીને જ ફરતો, એટલે નાનું બાળક મોટી વયના માણસનો ઓવરકોટ પહેરે ત્યારે તે ઓવરકોટ એની ગતિની સ્વાભાવિકતા ને સરળતામાં જેમ વિઘ્નકર્તા થઇ પડે તેમ નર્મદનો

---

૧૧ ૧૯૧૪નો દિવાળીઅંક, પૃ. ૨-૩. નમૂનારૂપે એમાંથી થોડાં વાક્યો આંહી આપવાં જોઇએ: 'મેં કવિતા ઘણી જ તાકીદથી લખી છે. ઘણીએક તો પ્રસંગોપાત્ત ઉતારામાં લખી છે. એ જોતાં થોડી મુદ્દતમાં મેં જેટલી કવિતા લખી છે, તે કવિતા ઘણામાં ઘણું સામળ, પ્રેમાનંદ ને દયારામ તેની કવિતાના સંગ્રહના અર્ધ બરાબર તો હશે જ.... Pictures—Real and ideal, poetical—many and more than any other poet in our language...Universality—I can write on any subject, because I see poetry in everything. **રસ**—Love—એ વિષયમાં જેટલા મેં અનુભવિ ખરા વિચાર કવિતા રૂપે લખ્યા છે, તેટલા કોઇએ નથી લખ્યા. **વીર**—મેં જ લખ્યો છે, ઘણો લખ્યો છે ને ઘણો સારો લખ્યો છે.... Originality—ઘણી જ.... Premanand does not abound in so many and so vivid pictures as mine. His beauty is in the true description of manners and human natures....Mine is in the description of human nature and external nature with sentiments and ideal pictures.... Premanand has nothing to suggest..pleasure from suggestion being hard-won is exhilarating. Mine has much to suggest.'

આ મહાકવિનો ભારે વાંધો પણ એની ચિત્તપ્રવૃત્તિની સ્વાભાવિકતા ને સરળતામાં વિઘ્નકર્તા થઇ પડતો. એની માનવતા જ આ મોટા ભારે વાઘામાં ગૂંગળાઇ જતી. ઉચ્ચ પ્રકારની કવિતા એને હાથે જન્મી નહિ તેનાં જે અનેક કારણો છે તેમાંનું એક આ પણ છે. સ્વસ્થતા, સ્થિતપ્રજ્ઞતા એ કલાસર્જનમાં અત્યંત મહત્ત્વની વસ્તુ છે, પણ આઠે પહોર 'જોસ્સા'ના નશામાં કે નશાના 'જોસ્સા'માં ચકચૂર રહેલા ને 'હું કવિ' 'હું કવિ'ના રટણમાં લીન થઈ ગએલા નર્મદમાં એ સ્વસ્થતા ને સ્થિતપ્રજ્ઞતા શક્ય જ નહોતી. આથી એની ઘણીખરી રચનાઓ કૃત્રિમ, તરંગી, દૂષિત બની ગઇ છે. **નર્મદને** કવિતા લખતી વખતે પોતાના અંતરમાં જે લાગણીઓ ચાલી રહી હોય તેના ઉપર દૃષ્ટિ હોય છે તેથી વિશેષ જાણે એવી કવિતા લખતી વખતે પોતે સ્વીકારેલી કાવ્યભાવના પ્રમાણે શ્રેષ્ઠ ગણાતો કવિ કેવી લાગણીઓ અનુભવી રહે તેના વિચાર ઉપર વિશેષ હોય છે, ને તેથી એ જે લખે છે તે પોતાના અંતરમાં જે સ્વયંભૂપણે ચાલી રહ્યું હોય તે પ્રમાણે નહિ, પણ પોતે માનેલા ઉત્તમ કવિના અંતરમાં જે ચાલવું જોઇએ તે પ્રમાણે પોતાના અંતરમાં ચાલી રહ્યું છે એમ અજ્ઞાતપણે માની લઇ તેનું આલેખન તે પછી પોતાની કવિતામાં કરે છે એવો વહેમ એનાં કાવ્યો વાંચતાં કોઇકોઇ વાર આવ્યા વિના રહેતો નથી. પોતાનાં કાવ્યો વિશે એણે જે નોંધો કરેલી છે તેમાં તે તે કાવ્ય રચતી વેળાએ પોતાને કવિસુલભ ભાવો જ ઊપજ્યા હતા એવું બતાવવાની જે અનિવાર્ય તાલાવેલી એનામાં સ્થળે સ્થળે જોઇએ છીએ૧૨

૧૨ આ બધે સ્થળે એ દંભ કરતો હતો, પોતામાં નહોતું તે છે એવો દેખાડો કરતો હતો એવું માનવાનું નથી. પણ પોતાનું જે કંઇ પોતાને ઇષ્ટ લાગતું હોય તેની અતિશયોક્તિ કરવાનું વલણ એનામાં હતું એ નિઃશંક છે. **બાયરન** દયારામની એની લાલાઇ પર જે અસર થએલી તે આ પ્રકારની જ હતી. મૂળમાં જે ભાવ પોતાનામાં અંશરૂપે હોય તેને કલ્પનાબળે બહેકાવી ઉત્કટ રૂપમાં આલેખતો હોય એવી છાપ એની કવિતા વાંચતાં વારંવાર પડે છે, અને તેથી જ તે અસ્વાભાવિકતા ને કૃત્રિમતાના આરોપને પાત્ર બને છે.

તે આ વાતના પુરાવા રૂપ છે. પ્રકૃતિવર્ણનનાં ને પ્રવાસવર્ણનનાં એનાં કાવ્યો વિશે એણે જે ખુલાસો આવી નોંધોમાં કર્યો છે તેમાં પણ આ વસ્તુ સ્પષ્ટ રીતે જોઇ શકાય છે. '**નર્મ**કવિતા' એ ઊર્મિવાદને યથાર્થ રૂપમાં નહિ સમજવાથી કેવી કઢંગી કવિતા જન્મે તેનું જેમ ઉદાહરણ છે તેમ વધુ પડતું આત્મભાન રાખવાથી પણ કવિતા કેવી કઢંગી ને કૃત્રિમ બની જાય તેનું પણ સ્મરણીય ઉદાહરણ છે. અલબત્ત, શુદ્ધ, અનામય સ્વમાન તો સર્વત્ર તેમ સાહિત્યમાં પણ આવશ્યક ને હિતકર જ છે, પણ નિત્ય 'હું' 'હું' રટ્યા કરતી રોગિષ્ઠ અસ્મિતા જીવનમાં તેમ સાહિત્યમાં ઉભયમાં હાનિકારક જ નીવડે છે. ને '**નર્મ**કવિતા'નાં પાનાં એ જ વાત સ્થળે-સ્થળે પુરવાર કરે છે.

**નર્મ**દની અસ્મિતાની પેઠે એની રસવૃત્તિ પણ કેટલેક અંશે રોગિષ્ઠ હતી. એના સમકાલીનોમાં **નવ**લરામ ને **નંદ**શંકરમાં જે સુઘડ રસિકતા ને ઉચ્ચ નાગરિકતા જોવામાં આવે છે તે **નર્મ**દમાં નથી જ. આથી કેવળ સર્જક તરીકે બન્ને કરતાં ચડિયાતો હોવા છતાં તેમની કૃતિ જે શુદ્ધ રસાસ્વાદ કરાવે છે તે **નર્મ**દની કવિતા જવલ્લે જ કરાવી શકે છે. **નર્મ**દનું માનસ જ કેટલેક અંશે વિકૃત હતું, એટલે ઘણી વાર એની રચનાઓ જીવનના કેટલાક અનુદાત્ત હીન અંશોમાં જ રાચતી નજરે પડે છે. અશ્લીલતાની એની આસક્તિ આ પ્રકારની જ છે, અને તેણે એની કવિતાને પુષ્કળ હાનિ પહોંચાડી છે. ઉદાહરણ તરીકે એનાં બે જ કાવ્યો લ્યો: (૧) 'ઋતુ-વર્ણન' ને (૨) 'વૈધવ્યચિત્ર'. 'ઋતુવર્ણન'ની કલ્પના હૃદયંગમ ને તેમાંનાં કેટલાંક ચિત્રો આકર્ષક છે, એટલે **નર્મ**દની ગણનાપાત્ર કૃતિઓમાં તે સ્થાન પામે છે, છતાં તેની અંદરની રોગિષ્ઠ મનોવૃત્તિએ તેની અડધો-અડધ સુંદરતા હરી લીધી છે. **નર્મ**દ આ કાવ્યની નાયિકાને સુઘડ કહે છે, પણ એ 'સુઘડ નાયિકા'ના મોમાં વારંવાર એકની એક વિષયેચ્છાની વાતો સાંભળીને વાચકને અત્યંત કંટાળો આવે છે અને તેને પ્રશ્ન થાય છે કે આ બાઇ તે કેવી કે જીવનમાં તેને આ સિવાય બીજી વાત જ સૂઝતી નથી. આજની કોઇ સંસ્કારી સ્ત્રી **નર્મ**દનું એ કાવ્ય વાંચે તો

તેને તે ભારે અપમાનતુલ્ય—સ્ત્રીમાનસ આટલું રોગિષ્ઠ છે એવું ચીતરવા બદલ પોતાની જાતિ પરના અધમ મિથ્યારોપ જેવું—જ લાગે. 'વૈધવ્ય-ચિત્ર'નું પણ એવું જ છે. તેની અંદરની અતિવાસ્તવિકતામાં નર્મદની વિકૃત ચિત્તવૃત્તિ જ કામ કરી રહી છે. તેમાંની હૃદબહારની અશ્લીલતાને લીધે એ ચિત્ર વાચકમાં સમભાવને બદલે જુગુપ્સા જ પેદા કરે છે. નર્મદના આ ચિત્રને દલપતના કે રા. નરસિંહરાવના એ જ વિષયને લગતાં કાવ્યો સાથે મૂકી જુઓ એટલે સાચો કવિ એની એ વસ્તુ કેટલી રસિકતાથી અને સાથે વેધકતાથી ચીતરી શકે છે તેનો તરત ખ્યાલ આવશે. ક્ષેમેન્દ્ર કહે છે તેમ ઔચિત્ય એ કાવ્યનું જીવિત છે, પણ આ રોગિષ્ઠતાની સાથે સંપ કરી બેઠેલો ઔચિત્યનો અભાવ 'નર્મકવિતા'માં પગલે પગલે રસભંગ કરે છે. પોતાની માતાનું સ્તવન કરતી વેળા પણ પોતે ગર્ભવાસમાં હતો ત્યારે તેને પાંચમે મહીને અભાવા થએલા અને બીજું કષ્ટ પડેલું એનું જરાએ અચકાયા વગર વર્ણન[૧૩] કરવા બેસનારની ઔચિત્યબુદ્ધિનું તો કહેવું જ શું? આવાઆવા એના અનાડીવેડાને લીધે એના કાવ્યસંગ્રહમાં ઘણે સ્થળે ગંભીર રસક્ષતિ થાય છે. આનું ઉદાહરણ જોઇતું હોય તો વર્ડ્ઝવર્થના 'Lucy Gray' ઉપરથી એણે 'લલિતા' નામે જે રૂપાન્તર કર્યું છે તે જોવું. આમાં નર્મદે મૂળમાં જે જે ફેરફાર કર્યા છે તે બધા અનુચિત ને કવિત્વવિરોધી લાગ્યા વિના રહેશે નહિ. મૂળમાં લ્યૂસી નાનકડી મુગ્ધ બાલિકા છે તેને નર્મદે યૌવનપ્રવિષ્ટ કન્યા બનાવી દીધી છે તેમાં જ એણે મૂળની કેટલીક સુંદરતા જતી કરી છે. અને આમાં લલિતાના પિતા લલિતાના દેહનું જે લાલસાગંધી વર્ણન કરે છે તે તો સર્વથા ઔચિત્યરહિત જ છે. આ કાવ્યમાં તો વળી નર્મદે માનવરુદનને પણ 'અ અ અ અં અં...' એમ કાવ્યની ભાષામાં ઉતારવાનો વિચિત્ર પ્રયોગ કર્યો છે તે એ કાવ્યને વિશેષ હસનીય બનાવે છે. આ આખા કાવ્ય વિશે તેમ સાથે નર્મદની

---

૧૩ 'નર્મકવિતા', પૃ. ૧૮૨.

સમગ્ર કવિતા વિશે એના સમકાલીન ને 'બધા માસ્તરો અસ્તરો લૈ ફરે છે, ગુણી ગુર્જરી બોડવાનું કરે છે' એ એક કાળે સારી રીતે જાણીતી પંક્તિઓના લેખક કવિ હીરાચંદ કાનજીએ જે સચોટ ટીકા કરેલી તે અમુક અંશે અત્યારે પણ સાચી છેઃ

> અરેરેરે હાય હાય, ઠેકાણે ઠેકાણે ગાય,
> એવી શું કવિતા થાય, અં અં અઃ અઃ શું ભણાય.
> માતરાના છંદ માતરનાં ન ગાતર ખરાં,
> ખોટા શબ્દ અબદ્ધ નવા, અરથ વરથ શાય.
> કવિનો મરમ નથી જાંણતો નરમ કવી
> શરમ ન ધરે મન, ભરમ હણી હસાય.
> બેટિનું જોબન રૂપ, બાપ શું વખાણે, ચૂપ
> રહિ જાને કવિભૂપ, થતો લાજ કૂપમાં ય.[૧૪]

અરુચિર અંશોને ટાળીને કેવળ સુંદરતાનું જ સંવરણ કરવાની જે વૃત્તિ ને કૌશલ આજન્મ કલાકારમાં હોય છે તે નર્મદમાં દેખાતું નથી. આથી જ એનાં કેટલાંક કાવ્યો બીજી રીતે ચમત્કારયુક્ત હોવા છતાં કોઇ નહિ ને કોઇ અરુચિર અંશ વચ્ચે આવીને તેને વિરૂપ બનાવી મૂકે છે. ભાવ, ભાષા, અલંકાર, નિરૂપણ આદિ સર્વ અંગોમાં ઔચિત્યબુદ્ધિનો અભાવ એની કવિતાને વણસાડી મૂકે છે તેનાં દૃષ્ટાંત જોનારને એના સંગ્રહમાં સ્થળે સ્થળે મળશે. ભાષાની બાબતમાં કાવ્યોચિત રસિક પદાવલિ તો નર્મદને હાથ કદી પૂરેપૂરી બેઠી જ નથી. રસિકતાને ઓળખતા જ ન હોય એવા કોઇ આખા ભાયડાના જેવી રૂક્ષ ને કર્કશ તે અનેક ઠેકાણે માલૂમ પડે છે અને તેથી

> વિરસ વિકટ મુજ કવન છે, ગ્રીષ્મતણું તે ઘાસ[૧૫]

એમ જે એણે એક વાર નિખાલસપણે કબૂલ કરેલું તે મોટે ભાગે આજે

---

૧૪ 'મિથ્યાભિમાનમતખંડન', કડી ૬.

૧૫ 'નર્મકવિતા', પૃ. ૪૧.

પણ સાચું લાગે છે; એટલે જ કવિતા એટલે The best words in the best order એ કૉલરિજના કાવ્યલક્ષણ પ્રમાણે તપાસનારને **નર્મદ**નાં થોડાં જ કાવ્યો પૂરો સંતોષ આપી શકે છે.

અને આ બધું છતાં ગુજરાતી કવિતાના ઇતિહાસમાં તો **નર્મદ**નું સ્થાન સદાને માટે અચળ જ છે. એ અચળ છે એ શ્રદ્ધાએ તો આજના મંગળ પ્રસંગે પણ આટલી છૂટથી એની કવિતાના દોષો દર્શાવવાની આંહીં હિંમત કરી છે. **નર્મદ** ખમતીધર મહાપુરુષ છે—ગમે તેટલા ઘા કરો તોએ એની મૂળગત મહત્તાને લેશમાત્ર ખાંડી ન કરી શકો એવો અડગ મહાપુરુષ છે. આ સઘળું દોષવર્ણન સાંભળીને એ જાણે કે ખડખડ હસે છે ને કહે છે કે 'ગણાવોને હજી બીજા કોઇ દોષ ગણાવવા હોય તો. મારી સ્થિતિમાં એ કશો ફેરફાર કરી શકે એમ નથી. ગમે તેટલા દોષ કાઢોને, પણ તમે અત્યારે માણી રહ્યા છો એ કવિતા તમારી ભાષામાં સૌથી પહેલાં દાખલ કોણે કરી? મેં જ, ને એમાં જ મારા યશની અવિચળતા રહેલી છે.' પોતાના જીવનના સંબંધમાં 'વીર સત્ય ને રસિક ટેકીપણું અરિ પણ ગાશે દિલથી' એમ ઉચ્ચારી એ જેમ કહી રહ્યો હતો કે 'મારી રીતભાત વિશે તમે ફાવે તે ટીકા કરો, પણ મારી શૌર્યભરી સત્યનિષ્ઠા ને મારા રસિક ટેકનો સ્વીકાર કર્યા વિના મારા કટ્ટામાં કટ્ટા દુશ્મનને પણ ચાલે તેમ નથી,' તેમ પોતાની કવિતાના સંબંધમાં પણ એ જાણે કે કહી રહ્યો છે કે 'મારી રસિકતા, ઔચિત્યબુદ્ધિ, ભાષા આદિ વિશે તમે ફાવે તે ટીકા કરો, પણ જે એક જ કાવ્યભાવના સાચી છે ને જે એક જ કાવ્યભાવના આખરે તમારી ભાષામાં વિજયી નીવડી છે તેને જેવી આવડી તેવી સમજી સૌથી પહેલી પ્રવર્તાવી તે મેં—અને એ વાતનો સ્વીકાર કર્યા વિના મારા કટ્ટામાં કટ્ટા ટીકાકારને પણ ચાલે તેમ નથી.' અને એ વાત સોળે આના સાચી છે. નવી કાવ્યભાવનાને એ સાંગોપાંગ મૂર્તિમાન કરી શક્યો નહોતો એ સાચું, પણ એ કાવ્યભાવના તરફ ગુજરાતીનું સૌથી પહેલું લક્ષ દોરનાર એ જ હતો. કવિતાનો નવો યુગ સતત પ્રયાસથી પ્રવર્તાવ્યો તે એણે. આજે શીઘ્રકાવ્ય એ આ...

શબ્દવિરોધ જ લાગે છે એ સ્થિતિ ઉપજાવનારમાં નર્મદનું સ્થાન અગ્રે છે. જૂની ઢબની કવિતા પર એણે એવો જબરો પ્રહાર કર્યો કે આજે તે અદશ્ય થઇ ગઇ છે. અનેક દોષો છતાં આ યુગનો કાવ્યાધિષ્ઠાતા તેમ કવિકુલનાયક તો એ જ છે. સાચી કવિતા તે શું તેનો આછો આછો પણ ખ્યાલ આપી તેની ગુજરાતીઓમાં પિપાસા ઉત્પન્ન કરી તે એણે જ. એ પોતે તે પિપાસાને પૂરી તૃપ્ત કરી શકે એવાં સમર્થ સર્વાંગસંપૂર્ણ કાવ્યો ન રચી શક્યો એ ખરું, છતાં એના સંગ્રહમાં સોનું સાવ નથી જ એમ કોઇ કહી શકે એમ નથી. ફક્ત તે હલકી ધાતુના મોટા ઢગમાં ઢંકાઈ ગયું છે, પણ તેમાંથી શોધી છૂટું પાડી એકરસ કરી ગુજરાત આગળ કોઇ મૂકે તો શુદ્ધ કુંદનરૂપે એ શોભી નીકળે એમ છે. એની જંગી ઇમારતમાં તોડી પાડવા જેવું જીર્ણ કદરૂપું કઢંગું ઘણું છે, પણ તે બધું તોડી પાડી સાફ કરવામાં આવે તો પાછળ પ્રેમશૌર્યનું એક નાનું પણ મનોરમ મંદિર ગુજરાતને સદાકાળ પ્રેર્યાં કરે એવું જરૂર ખડું કરી શકાય એમ છે. ગુજરાતમાં અભિનવ કવિતા-ક્ષેત્રને અસાધારણ બળ વડે અવિરત મહેનત કરી ખેડી પોતાના અનુગામીઓને એમાં સરસ પાક પેદા કરવાની સગવડ કરી આપી તે એની સેવા જેવી તેવી નથી. ગુજરાતી કવિતામાં એણે જે વિષયવિસ્તાર કર્યો તે પણ અવિસ્મરણીય છે. જ્યાં કેવળ ધર્મ ને ગૃહ, ભક્તિ ને વૈરાગ્યનાં જ પદ ગવાતાં હતાં ત્યાં જાત ને દેશને પહેલાં આણ્યાં તે એણે જ. પ્રેમ ને પ્રકૃતિના સૌંદર્યનાં ગાન પણ ગુજરાતમાં સીધી રીતે મુગ્ધ બનીને ગાનારો પહેલવહેલો કવિ તે જ. યૌવનનો થનગનાટ, નિજાનન્દની મસ્તી, હૃદયદ્રવ્યનો ઉકળાટ, અન્યાય પ્રત્યેનો પુણ્યપ્રકોપ, ઉદ્દામ લડાયકવૃત્તિ, ઉત્કટ અસ્મિતા, ઉગ્ર સત્યનિષ્ઠા ને અજબ નિર્ભયતા એ બધી વૃત્તિઓ ગુજરાતી કવિતાએ કદી નહોતી દીઠી તે નર્મદે જ સૌથી પહેલી દેખાડી. કોઇ પણ ભાષાના ઇતિહાસમાં અમર રાખવાને આ ઓછું છે? અલબત્ત, એ સર્વમાં એ સંપૂર્ણતા સાધી શક્યો નથી, પણ સંપૂર્ણતા એના સંજોગોમાં શક્ય જ નહોતી. આખરે એ તો નવયુગનો અરુણ જ હતો—જ્વલંત છતાં અપૂર્ણ, જીવનમાં તેમ સાહિત્યમાં, સર્વત્ર.

## પ્રકરણ છઠ્ઠું

## યુગપુરુષ

હા, નર્મદ નવયુગનો અરુણ જ હતો, જીવનમાં તેમ સાહિત્યમાં, સર્વત્ર. અને અરુણના ભાગ્યમાં શું લખાયું હોય છે? યુદ્ધ જ. દીર્ઘ રાત્રિ વીતતી હોય અને પરોઢ થતું હોય એ વખતે ગાઢ તિમિર ને આછા તેજ વચ્ચે જે તુમુલ યુદ્ધ થાય અને એ આછું તેજ આખરે ઘાયલ બનીને, 'જંગમાં ગર્દ થઇને' લોહી નીગળતી કાયાએ પણ પ્રભાતમાં પોતાનો વિજયવાવટો ફરકાવે તે જ જાણે કે અરુણ. તેના જન્મની સાથે જ યુદ્ધ શરૂ થાય છે, અને એ યુદ્ધમાં તેનું સઘળું સત્ત્વ ખપી જાય છે. એટલે જગદૃષ્ટિએ તો તે પૂરો જન્મે તે પહેલાં અડધો કપાઇ ગયો હોય છે ને તેથી દૂરથી જોનારને એના પ્રભાવની ક્ષણિક ઝાંખી જ થાય છે, કેમકે અંધારામાં જે જીવલેણ સંગ્રામ તેણે કર્યો હોય છે તે તો પ્રાકૃત આંખથી અદૃશ્ય જ રહે છે. નર્મદનું પણ આવું જ બન્યું છે. તિમિર તેજ વચ્ચેનું યુદ્ધ એ જ એના યુગની મુખ્ય પ્રવૃત્તિ હતી. જે વિવિધ ક્ષેત્રોમાં વિવિધ પ્રકારે એ યુગને ઝૂઝવાનું હતું તે સઘળામાં એ વીર સૈનિકરૂપે તેમ પ્રેરક પ્રબોધક સેનાનીરૂપે મોખરે જ હતો. આ રીતે એ યુદ્ધનો મહાન આચાર્ય બનેલો માટે જ એને આપણે યુગપુરુષ તરીકે ઓળખીએ છીએ. એના આ જીવનસ્વરૂપનું ઝપાટાબંધ દિગ્દર્શન કરી લઇએ.

પ્રથમ પ્રકરણમાં દર્શાવ્યું તેમ દેશમાં દીર્ઘ રાત્રિ વીતતી હતી અને તેનું ઘોર અંધારું જામ્યું હતું. જડતા, અજ્ઞાન, વહેમ, પામરતા આદિ દુર્ગુણદળે દેશને ઘેરી લીધો હતો અને તેની બધી લક્ષ્મી હરી લઈ તેને દીનહીન ને નિસ્તેજ બનાવી દીધો હતો. નર્મદ પોતે કહે છે તેમ

બહુ ધર્મવ્હેમે, બહુ ધર્મવ્હેમે,
બહુ ધર્મવ્હેમે, આડા કોટ રચાયા;

શ્રીની પાસ જાતાં, તમે તો ભમાયા.[1]

આ પ્રમાણે વહેમજવને જે કોટ રચ્યો હતો તે તોડી પાડવો એ તે જમાનાનું મોટું કર્તવ્ય હતું. નર્મદે એનું આખું જીવન તે તોડી પાડવામાં જ ખર્ચ્યું. વહેમજવન ને સુધારાને જે સંગ્રામ મચ્યો તેનો એ સેનાની જ બન્યોઃ

વ્હેમયવનની સાથ સુધારાદિત્ય લડે છે;
ભર્તખંડમાં જુદ્ધ, કહું ચોમેર મચે છે.
વ્હેમી બહુ ગુજરાત, તહાં સુધારાપક્ષી;
સેનાનીમાં એક, કવી નર્મદ છે લક્ષી.
પ્રેમશૌર્યમાં મગ્ન, હાલ કડખેદ બન્યો છે;
ઝંપલાવવા રણે, વાટ તે જોઇ રહ્યો છે.[2]

આમ સુધારાના સેનાની રૂપે જીવનભર જે જંગ એ ખેલેલો તેની યુદ્ધ-વાર્તા પણ પરમ યશસ્વી ને રમ્ય છે. પણ તે વીગતવાર આપવાનો આંહીં અવકાશ રહ્યો નથી, એટલે તેના થોડાક પ્રસંગોનું જ ત્વરિત સ્મરણ કરી એકદમ સમગ્રાવલોકન કરી જઇએ.

આ જુઓ સુરતની નાગરી નાત જમવા બેઠી છે. એ જમાનામાં એક એવો વિચિત્ર રિવાજ હતો કે નાતમાં જમવા બેસતી વખતે ગૃહસ્થ-વર્ગની સ્ત્રીઓ કાંચળી પહેરીને બેસે, પણ ભિક્ષુકવર્ગની સ્ત્રીઓને ફરજિયાત કાંચળી કાઢી નાખી કેવળ અબોટિયાભર બેસવું પડે. જુવાન નર્મદ આ અન્યાય સાંખી શકતો નથી. તે પોતાના કુટુંબથી જ પહેલ કરે છે ને પોતાના ઘરની સ્ત્રીઓને કાંચળી પહેરાવીને નાતમાં બેસાડે છે. આથી નાતમાં હોહા થઇ જાય છે. બ્રાહ્મણો બધા ચિડાઇ જાય છે ને કેટલાંક બૈરાં તો પંક્તિમાંથી ચાલ્યાં પણ જાય છે. પણ નર્મદ તે ગણકારતો નથી ને ત્યારથી આ અન્યાયી રિવાજ નાબૂદ થાય છે[3]

---

૧ 'નર્મકવિતા', પૃ. ૨૩૧.

૨ સદર, પૃ. ૩૩૯.

૩ 'મારી હકીકત', ૭, ૩૮.

નર્મદનું સુધારાપ્રવૃત્તિનું આ પહેલું પગલું. આજની દૃષ્ટિએ જોઇએ તો આપણને તે તુચ્છ જ લાગે, પણ એ વખતે તે ભારે સાહસ વિના શકય નહોતું. પછીને વરસે એક મહત્ત્વનો બનાવ બને છે. જદુનાથજી મહારાજ—લાંબોલ કેસવાળા નાગીચા વૈષ્ણવ આચાર્ય—સાથે પુનર્વિવાહ સંબંધે વાદવિવાદનો પ્રસંગ ઊભો થાય છે. આખા સુધારકપક્ષે ભાગ લેવો જોઇએ એવો એ પ્રસંગ છે, પણ બધા સુધારકો જદુનાથજીની ટોળી ભીતિથી અંજાઇ ગયા છે એટલે કોઇ જતા નથી, ને નર્મદને દબાવે છે કે 'અમે તો નથી આવવાના તેથી તમે એકલા પડી જશો, માટે તમારે પણ ન જવું.' નર્મદ જવાબ આપે છે કે 'દીયર ઉપર શું દીકરી જણી છે? જાઓ જાઓ બાયલાઓ, હું એકલો જઇશ.'[૪] સભામાં હુલ્લડ થાય એવો સંભવ હતો, પણ છાપરાનાં નળિયાંની કકડીઓ જેટલા દુશ્મનો હોય તો પણ જતાં ન ડરે એવો નર્મદ એથી અચકાતો નથી ને બીજા કોઇ સુધારક મિત્ર નથી આવતા તો પણ એકલો ત્યાં જાય છે. વાદ-વિવાદને અંતે મામલો તોફાન પર ચડવા લાગે છે ને નર્મદ તથા એને માટે ઉચાટ થવાથી એની ખબર કાઢવા આવેલા એના પિતા લાલ-શંકર બન્ને જોખમમાં આવી પડે છે, પણ એના પહેલવાન મિત્ર બાવા કિસનદાસની મદદથી બન્ને સલામત ઘેર પહોંચી શકે છે.[૫] બીજું એક વરસ વીતે છે ત્યાં મહીપતરામ વિલાયત જઇને પાછા આવે છે. સુધારક-વર્ગમાં પણ કોઇ તેની સાથે પંક્તિભોજન કરવા તૈયાર નથી. પણ વીર નર્મદ બેધડક રીતે તેમી સાથે ભોજન કરે છે, એની 'આકાશવાણી'[૬] સાંભળાવી સુધારકોને મહીપતરામની પડખે ઊભા રહેવા ઉશ્કેરે છે અને નાતમાં હોળો જાગે છે તેમાં પોતે તેના પક્ષમાં જ અડગ રહે છે. અને હવે આ એના સુધારક જીવનનો ઉદ્દામ શૌર્યભર્યો પ્રસંગ આવ્યો. કોઇ

૪ 'જૂનું નર્મગદ્ય', પૃ. ૪૩૧.

૫ 'મારી હકીકત', ૮, ૬.

૬ 'જૂનું નર્મગદ્ય', પૃ. ૪૩૫.

એક ગભરૂ વિધવા ક્યાંક ફસાઇ ગઇ છે. ભારે આપટીની વેળા આવી પહોંચી છે. તેને કોઈ સંઘરતું નથી. નર્મદ પાસે આશ્રય માગવા આવે છે, પણ આશ્રય આપવો એ પણ અતિ વિકટ કામ છે. સમસ્ત લોકવર્ગ વિરુદ્ધ છે, પણ નર્મદ એ સૌની સામે થઇને બાઇને કહે છે કે 'આવ, જગતમાં ક્યાં યે ન સમાય તેને માટે મારા ઘરમાં સ્થાન છે.' નર્મદે નીચેનું કાવ્ય આ પ્રસંગ વિશે જ લખ્યું લાગે છે.[૭]

વિછૂટી હરણી જૂથથી, બ્હાવરિ ભટકે હાય;
નદીપૂર વ્હે તેહમાં, પડી તણાઈ જાય.

દયા વ્હાલ મુજ મનમાં, ક્યારે કાડું બ્હાર,
ભાવી સંકટ ધારતાં, પડે ઘણો જ વિચાર.

જાણૌં કહાડવા તો કદી, હું પણ ડૂબી જાઊં;
કદી ડુબાડે વળગિ તે, એમ વળી ગભરાઊં.

પણ જારે હું જોઊં કે, તે આતુર બહુ જોય;
આશા રાખે માહરી, ટળવળતી તે સ્હોય.

કેમ ન ત્યારે હું પડું, રક્ષણ કરવા કાજ;
પ્રેમશૌર્ય ઝાંખાં પડે, તેમાં શી મુજ લાજ!

નક્કી હું ઝંપલાવું રે, થવાનું તે તો થાય;
લોક ગમે તેમ બોલજો, ચિત્ત શુદ્ધ સોહાય.

આભ પડો પૃથ્વી ગડો, લય પામો સંસાર;
પ્રેમશૌર્યને કારણે, વિપ્ર ક્ષત્રિ અવતાર.

---

૭ 'લાગે છે' એમ એટલા માટે લખવું પડ્યું છે કે આ કાવ્ય કશા પણ ખુલાસા વગર નર્મદે સીધેસીધું છાપી નાખ્યું છે. ઉપર મથાળું પણ નથી, ને નીચે ટીપ પણ નથી. નાનામાં નાની વાત પણ નોંધ્યા વિના ન રહેનાર નર્મદનું આ મૌન જરા આશ્ચર્યજનક છે. આ સ્થિતિમાં આપણે અનુમાન કરવાનું જ રહે છે, પણ અનુમાનમાં કંઈ ભૂલ ખાતા હોઇએ એવું લાગતું નથી.

નર્મદ તું ચિત શુદ્ધ છે, અબળાની પુર આશ;
પ્રભુ યશ દેશે ઉભયને રાખ મૃગીને પાસ.[૮]

આ વખતના મનોમન્થનનો આમાં આબેહૂબ ચિતાર છે. બાઇને ઓથ આપવાથી ભવિષ્યમાં પડવાની વિપત્તિઓનો વિચાર એને કંપાવે છે, તેને બચાવવા જતાં પોતે જ ડૂબી જાય એવા સંજોગો છે, છતાં પોતાનો 'પ્રેમશૌર્ય'નો મંત્ર એને યાદ આવે છે ને 'આભ પડો પૃથ્વી ગડો, લય પામો સંસાર; પ્રેમશૌર્યને કારણે વિપ્ર ક્ષત્રિ અવતાર' એવો પ્રશસ્ય નિર્ણય એ કરે છે અને પ્રચંડ લોકવિરોધ સહન કરી નાત બહાર રહીને પણ એ અબળાને આશરો આપે છે, એટલું જ નહિ, પણ થોડાં વરસ પછી નાત સમાધાન કરી એનો સ્વીકાર કરે છે ત્યાં વળી બીજી એક વિધવાની વહારે ચડવાનો પ્રસંગ આવે છે તે વખતે પણ ભૂતકાળમાં વેઠેલી વિપત્તિઓના અનુભવથી ડગી ન જતાં એટલી જ તત્પરતાથી તેને સહાય કરે છે, અને તેની સાથે તો, આજે આપણને વિચિત્ર લાગે એવી રીતે, પોતાની પત્ની હયાત છતાં વિધિપૂર્વક લગ્ન કરી તેને પોતાની ધર્મપત્ની કરી સ્થાપે છે અને એ રીતે પોતાની સુધારકવૃત્તિને ભયંકર આફતો નોતરીને પણ એ ચરિતાર્થ કરી બતાવે છે.

આ સુધારાજંગમાં એની સૈનિક તરીકેની કીર્તિશાળી કારકિર્દી. હવે સેનાની તરીકેનું એનું કાર્ય જોઇએ.

જન્મથી જ નર્મદ સુધારાનો ઉત્તમ નાયક થવાને સર્જાયો હતો. એની રગેરગમાં સ્વદેશપ્રેમ વ્યાપી રહ્યો હતો, એટલે પોતાના દેશની પડતી હાલત જોઇ એનું ચિત્ત સદાએ વલોપાત કર્યા કરતું હતું, અને તેને એમાંથી ઉદ્ધારવાને માટે જે જે ઉપાયો લેવા જોઇએ તે તે લેવાને તે લોકોને ઉશ્કેર્યા કરતું હતું. એ પ્રબળ સ્વપ્નદ્રષ્ટા હતો, એટલે દેશના સાર્વત્રિક ઉદયનાં સ્વપ્નાં જ એ અહર્નિશ રચ્યા કરતો હતો. પોતાનો સમાજ સર્વોત્કૃષ્ટ સ્થિતિને શી રીતે પામે તેના જ વિચાર એના મનમાં

૮ 'નર્મકવિતા', પૃ. ૫૯૨.

નિરંતર ધોળાયા કરતા હતા અને તેનો જ ઉપદેશ એ સૌને આપ્યા કરતો હતો. ઉપદેશક તરીકે એનામાં અજબ આકર્ષણશક્તિ હતી. એનું અદ્‌ભુત વ્યક્તિત્વ સર્વત્ર લોહચુંબકનું કામ કરતું હતું. એનો જોસ્સો ઠંડામાં ઠંડા માણસને પણ ઉશ્કેરી મૂકતો અને એની સાહસભાવના સૌને ઝંપલાવવાને તત્પર કરી દેતી. 'નર્મકવિતા'નું સ્થાન શુદ્ધ કવિતા તરીકે ગમે ત્યાં હોય, પણ સુધારાના વિચારોનો પ્રચાર કરવામાં તેણે આપેલો ફાળો અતિ મૂલ્યવાન છે. પ્રકૃતિથી જ નર્મદ જબરો પ્રચારક હતો. જોસ્સા ઉપરાંત એની સત્યનિષ્ઠા, એની નિડરતા, એની નિઃસ્પૃહતા એ બધા ગુણો પણ સુધારાનો પ્રચાર કરવામાં બહુ ઉત્તેજક થઇ પડેલા. ગુજરાતની જનતા સૈકાઓના ઘા ખમીખમીને જડ જેવી બની ગઇ હતી. તેની એ જડતાને દૂર કરી તેને સચેત બનાવવા માટે વીજળીના આંચકાની જરૂર હતી અને તેવા આંચકા આપવાનું કામ નર્મદના જોમદાર સપાટાએ કરેલું. પરિણામ, અત્યારે આપણે ઠીકઠીક આગળ વધ્યા છીએ એટલે આજની દૃષ્ટિએ આપણને કદાચ અલ્પ જ લાગે, છતાં એ જમાનાની દૃષ્ટિએ તો ખુદ નાયકે નહોતું ધાર્યું એટલું સરસ આવેલું. એ કહે છે કે 'હું નહોતો જાણતો કે સેંકડો વર્ષના સહવાસે જડ થઇ રહેલાં મન ટુંકી મુદતમાં આટલાં ચંચળ થશે! હું નજરે જોઉં છું કે તે ચંચળ થયાં છે.'[૯] અને એના નેતૃત્વ નીચે ગુજરાતે સુધારામાં જે પ્રગતિ કરી તે આમ નોંધે છેઃ—

જયારથી બુદ્ધિવર્ધક સભા ૧૮૫૧માં સ્થપાઇ ત્યારથી ને પછી ૧૮૫૫માં સત્યપ્રકાશ નીકળવા માંડયું ત્યારથી ગુજરાતી લોકોનાં મનમાં જૂના વિચાર ને નવા વિચારનું યુદ્ધ થવા લાગ્યું. પ્રથમ મુંબઇના લોક ઉપર અસર થવા લાગી ને ત્યાં જિલ્લાના લોક હોવાથી તેઓની માર્ફત ને ન્યૂસપેપરની માર્ફત મુંબઇમાં થતા સુધારાના ભણકારા જિલ્લામાં પડવા માંડયા. બુદ્ધિવર્ધક સભામાં થયેલાં ભાષણો ને તેના હોકારા, ને સત્યપ્રકાશના

૯ 'નર્મગદ્ય' (સરકારી), પૃ. ૬૯.

આર્ટિકલ એઓથી કેળવણીના તથા સ્ત્રીકેળવણીના ફાયદા અને કેટલીએક નહારી રીતભાતથી થતા ગેરફાયદા લોકના સમજ્યામાં આવ્યા; કેટલાક તરુણો નિબંધ, આર્ટિકલ લખતાં ને ભાષણો કરતાં શીખ્યા. લોકો સુધારાની વાતમાં કાન દેતા થયા ને તેની વાતની ચર્ચા સાંભળવાને મંડળીઓમાં પણ ખંતથી આવવા લાગ્યા, અને ૧૮૫૯–૬૦માં પુનર્વિવાહ વિષયની ચર્ચા ધમધોકારે ચાલી ને તેનું ફળ આ થયું કે કેવળ જૂના વિચારના ધર્માંધ આગ્રહી ઘરડાઓના મનમાં પણ તે વાત ઉતરી—ગોસાંઇજી મહારાજની અનીતિની ચર્ચા ચાલી ને તે ચર્ચાના ગ્રંથો ને ન્યૂસપેપરનાં આર્ટિકલો ગોસાંઇજી મહારાજના સેવકોમાં ઉલટથી વંચાયા હતા ને છેવટ કોર્ટમાં કામ ચાલેથી ગોસાંઇજીના પંથની ફજેતી ફજેતી થઇ ગઇ હતી. ગુજરાતના સઘળા વલ્લભી વૈષ્ણવોની ખાતરી થઇ છે કે તે પંથમાં ભોપાળું છે ને ગોસાંઇજી ગુરુઓ અનીતિમન્ત છે, અટક નદીની પેલી પાસ જવાની શાસ્ત્રમાં બંધી છે તે બંધી જુવાનીઆઓએ વિલાયત, ચીન જઇ તોડી છે, ને જો કે હાલ તેઓને દુઃખ ખમવું પડે છે તો પણ સહુની જ ખાતરી છે કે દેશાટન કરવામાં લાભ છે. શાસ્ત્ર જે આજકાલ લોકોની સ્થિતિને અનુકૂળ પડતાં નથી તે ઉપરથી અને પુરાણોનાં ગપ્પાંસ ઉપરથી ઘણાખરાનો ભાવ ઊઠ્યો છે. જાતિભેદ જે દેશની ચડતી કરવામાં ને લોકને ઊંચું સુખ કરવામાં મોટી હરકત કરે છે તે વિષે પણ લોક જાણીતા થયા છે. ઘણાક જુવાનીઆઓ ખાનગીમાં એ ભેદ રાખતા જ નથી. દેશી રાજ્યના સુધારા વિષે અને દેશાભિમાન વિષે લોકની આંખ ઉઘડવા માંડી છે. નાના પ્રકારના વિષયો ઉપર પુસ્તકો રચાવા લાગ્યાં છે ને ગુજરાતી ભાષા સંસ્કાર પામતી જાય છે એ સઘળું ખરેખર એક વીશીમાં થયું છે.૧૦

'પૂરા કેળવાએલા નહીં એવા સવાકુંડી છોકરાઓ'૧૧ની નાનકડી

---

૧૦ 'નર્મગદ્ય' (સરકારી), પૃ. ૬૪–૫.

૧૧ જૂનું નર્મગદ્ય', પૃ. ૨૩૫.

ટુકડીની મદદથી વ્હેમજવનના જમાનાઓથી જામેલા ને સમસ્ત પ્રજાએ પોષેલા માતબર લશ્કરમાં નર્મદ સેનાનીએ આટલું જે ભંગાણ પાડ્યું તે ઓછું છે? અને આટલું પણ કંઇ સહેલાઈથી નહોતું પાડી શકાયું. લડાઇમાં સિપાઇઓ લડતાં લૂંટને નાદે ચડી જાય એટલે બાજી હાથમાંથી ચાલી જાય તો તેમને જેમ ભારે કુનેહ વાપરી પાછા ઠેકાણે લાવવા પડે તેમ શેરસટ્ટાના દિવસોમાં નર્મદને પણ થએલું. એ વખતે વ્હેમજવન સામેનું યુદ્ધ ભૂલી જઇ સૌ પૈસાની લૂંટમાં પડી ગએલા એટલે નર્મદને પડકાર કરી તેમને પાછો પાનો ચડાવી સંગ્રામને માટે તૈયાર કરવા પડેલા.[૧૨] વ્હેમજવન સામેનું આ નર્મદ સેનાનીનું યુદ્ધ કેટલું કપરું હતું, એમાં એને કેટલી હારજીત, કેટલી આશાનિરાશા, કેટલાં મંથનો અનુભવવા પડેલાં ને કેટલી ધીરજ હિંમત દાખવવી પડેલી તે ભાવનગરવાળા ગણપતરામ વેણીરામ પરના એના પત્રમાંની નીચેની લીટીઓ પરથી જણાશે:

કોઇ પણ રીતે આપણે ફાવી શકતા નથી; સાતમે આકાશથી સાતમે પાતાળ ધમ પડી રીબાઇએ છૈયે—ઉપરથી માર છે એટલે ઉભાં પણ થવાતું નથી તો પછી શું? લાખોમાંથી થોડાંએકે માર ખાતાં ખાતાં પણ જુદે જુદે ઠેકાણે મથી મથીને ઉભાં થવું—પ્રત્યેકે ઉભા થઇ પોતપોતાની પાસેના બીજાઓને સહાય થઇ ટટાર કરવા—પછી સાધન સાહિત્યસામગ્રી પ્રાપ્ત કરવાના રણમાં મથવું—મથતાં જો તે પ્રાપ્ત થયાં તો વળી પછી સમોવડિયાએ સ્પર્ધા તજી ઐક્ય રાખવું—વળી પાછું

૧૨ સદર. જુઓ એમાંનો 'રણમાં પાછાં પગલાં ન કરવા વિષે' એ નિબંધ (પૃ. ૨૨૯-૩૫). નર્મદને કેવો પડકાર કરવો પડેલો તેનો ખ્યાલ આવે માટે તેના છેવટના શબ્દો ટાંકીએ: 'માટે હવે તો આપણે દ્રવ્યનો કેફ કરવો મુકી દઈ પાછાં શુદ્ધીમાં આવી જઈ, એકસંપ થઇ રહી, સઘળી વાતે સજ કરી લઇ, વ્હેમની સામે કુચ કરવા માંડિયે; અને વ્હેમને તુચ્છકારથી બોલાવિયે કે આવ બચ્ચા આવી જા, ને પછી મોટું રણસંગ્રામ મચાવી કાત્યારોળ કરિ મુકી વ્હેમજવનને કેદી બનાવિયે; ને યશસ્વી ગીત ગાતા ગાતા આખા દેશમાં સુધારાનો ઝુંડો રોપી દઇએ.'

મોટું યુદ્ધ કરવું ને તેમાં બહુબહુ અપજસ જોવા—પછી અંતે આમ કે તેમ—વ્હેમોને હાંકી મેલવા એ ત્વરાથી તો ન જ બનવાનું—તો પણ જ્યાં ઉભાં થવાતું નથી ત્યાં બીજું શું ઇચ્છવું? જેમતેમ ઉભાં થયલા એવામાંથી કોઇ બેસી ગયા છે—જાય છે ને કોઇકોઇ સુઇ ગયા ને—જાય છે. મારો વિચાર તો આ કે મથતાં રહેવું, પછી સમય કરે તે ખરું—મથતાં મથતાં થાકી જવાય તો થાક ઉતારવો પણ ઉતર્યો કે પાછાં ગતિમંત થવું.[૧૩]

ત્યારે આમ મથતાં મથતાં એ આટલું પણ ભંગાણ પાડી શકેલો. એ ઓછું લાગે તો પણ તે મુદ્દાની વાત નથી, વીગતની વાત છે. મુદ્દાની વાત તો એ છે કે નર્મદે ભારે જંગ મચાવીને સૈંકડો વરસથી બંધિયાર બની ગએલાં પાણીને વહેતાં કર્યાં, જડતાના બરફને પિગળાવ્યો, હૃદય-દ્રવ્યને ઉકળાવ્યું ને સૌને વિચાર કરતાં કરી મૂક્યાં. આ રીતે જડતાનાં પડ તોડી સર્વત્ર ચાંચલ્ય ને વિચારશીલતા પ્રેરી એ જ નર્મદની સુધારા વિષયમાં પ્રધાન સેવા ગણવાની છે. અને આખરે તો એની આ કિંમતી સેવા પણ એના અનન્ય વ્યક્તિત્વ આગળ ઝાંખી લાગશે. અન્યત્ર તેમ સુધારામાં પણ Not what he did but what he was is our national possession. સુધારાના કાર્યક્રમમાં જમાને જમાને ફેરફાર થતો રહેશે, તેની યુદ્ધનીતિ પણ યુગે યુગે બદલાશે, નર્મદે એ સંબંધમાં ઉચ્ચારેલાં વેણ કે અનુસરેલી પદ્ધતિ સમય જતાં જૂનવાણી બની જશે, પણ બે હાથ લાંબા કરીને અસાધારણ 'જોસ્સા'થી ને ઉત્સાહ-ના ઘેનથી ભરપૂર આંખે ધાંટો બેસી જાય એવા બુલંદ અવાજે[૧૪] 'રે

---

૧૩ '**નર્મ**પત્રાવલિ', 'ગુજરાતી', ૧૯૧૯, દિવાળી, પૃ. ૧૭૪૯.

૧૪ જુઓ 'જૂના **નર્મ**ગદ્ય'માંનો 'પુનર્વિવાહ વિષે' એ નિબંધ. એની ટીપમાં એ કહે છે: 'ટાઊનહોલ સરખી મોહોટી જગામાં માહારા એકલાનો અવાજ ન ચાલે માટે મેં મારી સાથે ગાવાને એક ઊદાસી પંથનો મારો મિત્ર કરસનદાસ બાવો, જેનો અવાજ ઘણો જ મોહોટો અને મધુરો છે તેને ને એક છોકરાને રાખ્યા હતા. પણ વાંચતાં વાંચતાં મારું સૂર એટલું તો ઉંચું ચડી ગયું હતું કે પેલા બે

તમે વિદ્યા ભણો, અરે તમે અટકેથી કેમ અટકી ગયા છો ? શું નઠારી તબિયત છે લોકો, કે અમુક રિવાજ નઠારો છે એમ જાણતાં છતાં તે છોડતા નથી ? અરે, બાપડી વિધવાઓની વહારે ધાઓ ! નાતના કરો ચાંડો રે મારા ભાઇઓ ! હિંમત હિંમત હિંમત ધરો તમે સૌ ને વહેમ-જવનની સામે બહાદુરીથી ધસો.' એવું એવું ઉદ્‌બોધન કર્યાં કરતી, પડતાં આખડતાં છતાં પણ કદી હાર્યાં વિના નિત્ય મથ્યા કરવાને ઉશ્કેરતી, ને બધું આચારમાં ઉતારી બતાવી 'આભ પડો પૃથ્વી ગડો લય પામો સંસાર' એમ ગમે તેમ થાઓ તોય જબરાં જોખમ ખેડીને પણ અબળા વિધવાને આશરો આપતી એની ભાવના ને શૌર્યભરી મૂર્તિ સકળ સુધારક-વૃંદને સદાકાળ પ્રેરણા આપ્યા કરશે.

૨

સુધારો એ એ યુગની પ્રધાન પ્રવૃત્તિ હતી અને એ સુધારાનો નર્મદ ઉપર જોયું તેમ સબળ સેનાની હતો, એટલે એ રીતે એ જો યુગપુરુષ હતો તો એ યુગની બીજી પ્રધાન પ્રવૃત્તિ તે સાહિત્યસર્જનની હતી, અને તેમાં પણ નર્મદ મોખરે જ હતો, એટલે એ રીતે પણ એ યુગપુરુષ જ હતો. નર્મદયુગને કેટલાક બૂતશિકની—મૂર્તિખંડન—નો જમાનો કહે છે. જૂના આચારવિચારને તોડવા, પ્રાચીન બધું નષ્ટ કરવું એ જ કામ તેણે કર્યું છે એમ કેટલાક કહે છે, અને એ કામમાં નર્મદ અગ્રેસર હતો માટે એ કેવળ ઉચ્છેદક જ હતો એમ કહી એને તેઓ ઉતારી પાડે છે. પણ એમાં તેમની જબરી ભૂલ થાય છે. નર્મદયુગ ઉચ્છેદનની સાથે સર્જનનો પણ હતો. ખંડનની સાથે મંડન પણ તેણે પુષ્કળ કર્યું છે અને એ મંડનકાર્યમાં નર્મદની સેવા એના ખંડનકાર્ય કરતાં ચડી જાય એવી છે તે જોવું હોય તો એ યુગના સાહિત્ય તરફ જ જરા નજર નાખવી.

---

જણાને વચમાંથી બંધ રહેવું પડયું હતું. ઘેર આવ્યા પછી મારાથી એક કલાક સુધી બોલાયું નહોતું. એ દાહાડેથી મારા અવાજની આગલી મીઠાસ જતી રહી છે.' પૃ ૨૨૨.

નર્મદના જન્મસમયની સાહિત્યસ્થિતિને એના અવસાનસમયની સાહિત્યસ્થિતિ સાથે સરખાવી જુઓ, એટલે નર્મદના સર્જનકાર્યની સહેજે પ્રતીતિ થશે. એ આવ્યો ત્યારે ગુજરાતી સાહિત્યની સ્થિતિ કોઇ સૂકા વેરાન ભાઠા જેવી હતી. એ ગયો ત્યારે ફળફૂલથી લચી રહેલી અને પ્રતિદિન વધુવધુ ખીલતી જતી ભરચક વાડી રૂપે તેને મૂકતો ગયો. એણે કલમ હાથમાં લીધી ત્યારે ગુજરાતી ભાષામાં કેવળ પદ્ય હતું અને તે પદ્ય પણ અમુક નિયંત્રિત કૂંડાળામાં રમતું હતું. તેને મુક્ત કર્યું તે નર્મદે. નર્મદને રા. ન્હાનાલાલ કવિ Great as an emancipator of poetry કહે છે[૨૫] તે બરાબર છે. કવિતાને એણે જ ગૃહધર્મના સાંકડા વાડામાંથી છોડાવી યદૃચ્છાવિહારી બનાવી દીધી, અને તેમાં જાતજાતના નવા ભાવો તથા રૂપો ઉમેર્યાં. આત્મલક્ષી કાવ્ય, પ્રકૃતિસૌન્દર્યનું ગાન, રાષ્ટ્રગીત આદિ કવિતાપ્રકરણમાં આપણે ગણાવી ગયા તે સર્વ નવાં તત્ત્વો ગુજરાતી કવિતામાં દાખલ કર્યાં તે એણે જ. પણ નર્મદ કેવળ પદ્યકાર જ નહોતો; એ ગદ્યજનક પણ હતો, અને સાહિત્યક્ષેત્રમાં એની મહત્તા તેમાં જ રહેલી છે.

ગુજરાતી ગદ્યને જન્મ આપવાનું માન કેટલાક રણછોડભાઈ ઝવેરીને તો કોઇ વળી કવિ દલપતરામને આપવા યત્ન કરે છે, પણ તે એમાંથી એકે એ માનનો સાચો અધિકારી નથી. એ માનનો સાચો અધિકારી તો નર્મદ જ છે. રણછોડભાઈ ઝવેરીએ તો મુખ્યત્વે કરીને મરાઠીનાં ભાષાંતરો જ કરેલાં, ને એ મરાઠી ચોપડીઓ પણ પાછી અંગ્રેજીનાં ભાષાંતર રૂપ જ હતી, એટલે એમણે તો ભાષાંતરનાં ભાષાંતર કરેલાં, ને તે ભાષાંતરો પણ નાનીનાની ચોપડીઓનાં, એટલે એમનો દાવો ચાલી શકે એમ નથી. કારણ એ છે કે તે કેવળ ભાષાંતરકાર જ છે, અને તેમાં એ એ ભાષાંતર કોઇ અમર સાહિત્યકૃતિનાં નહિ પણ સાધારણ કોટિની ઇતિહાસભૂગોળની નાનીનાની ચોપડીઓનાં, અને તે વળી અંગ્રેજી જેવી પર

---

૨૫ 'સાહિત્યમંથન,' પૃ. ૧૩૨.

ભાષામાંથી નહિ પણ મરાઠી જેવી હિંદભાષામાંથી જ કરેલાં, એટલે તેમાં ગદ્યજનકના નામને છાજે એવું કશું નવું કરવાનો એમને પ્રસંગ જ નહોતો. દલપતરામે પોતાના નિબંધોમાં તેમ 'બુદ્ધિપ્રકાશ'માં ગદ્ય લખાણ કર્યું છે તે પુષ્કળ છે અને વળી સ્વતંત્ર છે એ ખરું, પણ તે સાવ અણઘડ છે ને અર્વાચીન ગદ્યનાં બહુ ઓછાં લક્ષણો તે મૂર્ત કરી શકે છે. ગદ્યમાં તો દલપતને પોતાના વિચાર વ્યવસ્થિત રીતે કલાત્મક રૂપમાં મૂકતાં જ નથી આવડતું. વાક્ય ક્યાં શરૂ કરવું ને ક્યાં પૂરું કરવું, વિરામચિહ્નો ક્યાં મૂકવાં, પરિચ્છેદ કેમ પાડવા એ બધી બાબતની તેને પૂરી ખબર જ નથી. વિચારો પણ તેના ગદ્યમાં તો કેટલીક વાર છેક જ બાલિશ હોય છે. એટલે દલપતનો દાવો પણ ચાલી શકે એમ નથી. દલપતનું ગદ્ય સ્વામીનારાયણ સંપ્રદાયના 'વચનામૃત'ના ગદ્યના જ એટલે કે પ્રાચીન ગદ્યના જ વર્ગમાં પડે છે, એટલે અર્વાચીન ગદ્યને જન્મ આપવાનો યશ દલપતને નહિ પણ નર્મદને જ મળે છે.[૧૬] ગુજરાતી ભાષામાં અંગ્રેજી ગદ્યનાં સઘળાં લક્ષણોથી શોભતું એવું સમર્થ ગદ્ય પહેલવહેલું લખ્યું તે એણે જ. તેથી અર્વાચીન ગુજરાતી ગદ્યનો જનક તો નર્મદ જ છે એ વિશે લેશ પણ શંકાને સ્થાન નથી.

અને ગુજરાતી સાહિત્યમાં નર્મદ ચિરંજીવ રહેશે તે પણ એના પદ્ય કરતાં ગદ્યને લીધે વિશેષ. ગદ્યમાં એણે વિવિધક્ષેત્રો ખેડચાં છે. તેમાં એણે ભાષણો આપ્યાં છે, નિબંધો લખ્યા છે, ચરિત્રો આલેખ્યાં છે, આત્મકથા

---

૧૬ નર્મદ પૂર્વેના લેખકોમાં ગદ્યજનક હોવાનો દાવો જો કોઇનોએ થોડોઘણો પણ ચાલી શકે એવો હોય તો તે રણછોડભાઇ કે દલપતરામનો નહિ પણ 'માનવધર્મસભા'ના દફતરના લેખક દુર્ગારામ મહેતાજીનો છે. કાલદૃષ્ટિએ ચારેમાં જૂનું ગદ્ય તેનું જ છે, અને સ્વરૂપદૃષ્ટિએ પણ રણછોડભાઇ કે દલપતરામ કરતાં નિઃશંક ચડિયાતું છે. પણ તે જેટલું પ્રકટ થયું છે તેટલું જથ્થામાં છેક થોડું છે. અને લખાએલું વહેલું, પણ પ્રકટ થયું તે તો ખૂબ મોડું—છેક ૧૮૭૯માં. તેમ તેણે ગદ્યલેખકોની પરંપરા ઊભી કરવામાં કોઇ જાતનો ફાળો આપ્યો નથી, એટલે ગદ્યજનકનું નામ કે માન એને પણ આપી શકાય એમ નથી.

વર્ણવી છે, ઇતિહાસ નિરૂપ્યો છે, નાટકસંવાદ રચ્યાં છે, કટાક્ષો કર્યા છે, હાસ્યરસ રેલાવ્યો છે, ધર્મમીમાંસા કરી છે અને પત્રો પણ લખ્યા છે. **નર્મદ**ના પત્રો જુદા પુસ્તક રૂપે હજુ પ્રકટ થયા નથી એ ગુજરાતી પ્રજાની બેકદર વૃત્તિનું પરિણામ છે, નહિતો એ સમર્થ પત્રલેખક હતો એ વાત અત્યારે છે એટલી અજાણી ન હોત. આમ, સંક્ષેપમાં કહીએ તો, ગદ્યમાં એ સર્વ પ્રકારોમાં વિહર્યો છે અને સફળતાપૂર્વક વિહર્યો છે. એના ચિત્તની ખરી છાપ પડે છે, એના જીવનનું યથાર્થ પ્રતિબિમ્બ પડે છે તે પણ પદ્ય કરતાં ગદ્યમાં વિશેષ. પદ્યમાં એની ભાષા ઘણી વાર ક્લિષ્ટ, કૃત્રિમ બની જાય છે, પણ ગદ્યમાં તે સર્વત્ર સરળ ને સ્વાભાવિક રીતે જ વહે છે. જેવું શીલ તેવી શૈલી એ નિયમ **નર્મદ**ના ગદ્યમાં અક્ષરે અક્ષર સાચો પડે છે. **નર્મદ**ની ગદ્યશૈલી પણ એના શીલ જેવી સીધી, સરળ, સચોટ, જુસ્સાદાર, દર્દમય છે. જાણે ઊભો ઊભો બોલતો હોય એમ એ લખે છે. બોલી ને લખાણ વચ્ચે અંતર રાખવાની એને જરાએ દરકાર નથી. એના નિબંધો વાંચો તો આવેશમાં જોરથી હાથ વીંઝતો વીંઝતો કોઈ વક્તા પોતાના હૃદયની ઊકળતી લાગણીઓ ઠાલવી રહ્યો હોય એવું લાગે. **કાર્લાઇલ**ના અનિયંત્રિત જોમનું સ્મરણ એની શૈલી ઘણી વાર કરાવે છે. **કાર્લાઇલ**ની પેઠે એનું ગદ્ય પણ બહુ સંસ્કારી કે શિષ્ટ-વર્ગાનુયાયી નહિ છતાં નિખાલસ, ચેતનવંતુ, ને ચિત્રાત્મક છે. એક પ્રકારનું અનિરુદ્ધ બળ એમાં સર્વત્ર દેખાય છે. હૈયા સોંસરું ઊતરી જાય એવી સચોટતા એનામાં સર્વત્ર છે અને છતાં સચોટની સાથે તે છટાદાર ને ગૌરવશાળી પણ છે. એના પૂર્વજીવનનાં આ ગદ્યમાં એક વાતની ખામી લાગે છે ખરી, કે તેમાં છટા ને ગૌરવ છે, પણ ચોકસાઇ ને વ્યવસ્થિતતાના ગુણો તેમાં દેખાતા નથી. એ ગુણો એના ગદ્યમાં આવ્યા તે એણે કોશ કરવા માંડ્યો ત્યાર પછી. કોશને માટે શબ્દેશબ્દનો અર્થવિચાર કરવો પડ્યો અને દરેક શબ્દની વ્યાખ્યા બને તેટલી ચોક્કસ છતાં અલ્પ શબ્દોમાં દર્શાવવી પડી, ને વળી આ કામ બાર વરસ જેટલા લાંબા ગાળા સુધી પહોંચ્યું એટલે એને ચોકસાઇ, વ્યવસ્થિતતા ને સંક્ષિપ્તતા એ ગુણોનો ધીરે ધીરે મહાવરો પડતો

ગયો, ને એના ઉત્તરજીવનના ગદ્યમાં એ ગુણો રૂઢ થઈ ગયા. આ ગુણોનું પ્રથમ દર્શન કોશની પ્રસ્તાવનામાં જ થાય છે. 'નર્મકોશ'ની 'મુખમુદ્રા'માંનું ગદ્ય એ **નર્મદ**ના પૂર્વજીવન ને ઉત્તરજીવનના ગદ્ય વચ્ચેની સંયોગી કડી જેવું છે. એ કડી ધ્યાનમાં ન લ્યો ત્યાં સુધી 'નર્મગદ્ય' ને 'ધર્મવિચાર' એ બન્નેની એકએકથી તદ્દન ઊલટી જ શૈલીઓનો ખુલાસો શી રીતે કરવો તે સૂઝશે નહિ. પણ '**નર્મ**કોશ'ની કડી ધ્યાનમાં લેશો એટલે બધો ખુલાસો આપોઆપ થઈ જશે. **નર્મદ**ના સ્વભાવનું તેમ શૈલીનું ઉભયનું પ્રકટ પરિવર્તનબિંદુ એના કોશમાં મળે છે. કોશના ગ્રથનપ્રકાશનને અંગે **નર્મદ**ને જગતના જાતજાતના માણસોના પરિચયમાં આવવાનું તથા જીવનની અનેક કડવીમીઠી અનુભવવાનું બન્યું, એટલે કોશ પહેલાંના ને કોશ પછીના **નર્મદ**માં ચોખ્ખો દેખી શકાય એવો ફેરફાર માલૂમ પડે છે. ક્યાં કોશ પૂર્વેનો ઉછાંછળો, પછાડા મારતો, જુસ્સાદાર **નર્મદ**, ને ક્યાં કોશની 'મુખમુદ્રા'માંનો ધીર, ગંભીર, પ્રશાંત પુરુષ ! દુનિયાના અનેકવિધ અનુભવોથી ઘડાઇને જ્ઞાન પામેલો તથા પોતાની ને પારકી અનેક પામરતાઓથી પર થએલો એવો કોઈ પ્રાજ્ઞ પુરુષ કોશની પ્રસ્તાવનામાં નજરે પડે છે. અને તે પછી કેટલેક વરસે 'ધર્મવિચાર' લખાય છે. 'ધર્મવિચાર'માં એના જીવનનું દૃષ્ટિબિન્દુ બદલાઈ જાય છે અને તેની સાથે એની શૈલી પણ બદલાઇ જાય છે. '**નર્મ**ગદ્ય'નો લેખક અતિ ચંચળ પ્રકૃતિનો, લાંબી નજર વિનાનો, ખૂબ ઉત્સાહથી ઊછળતો જુસ્સાદાર જુવાન છે, ત્યારે 'ધર્મવિચાર'નો લેખક સ્વસ્થ પ્રકૃતિનો, દીર્ઘદર્શી, શાન્ત, ઠરેલ, પ્રૌઢ પુરુષ છે. વિચાર ફરે, મનોદશા ફરે, જીવનદર્શન ફરે, એટલે શૈલી પણ ફરે એ એના 'ધર્મવિચાર'ના ગદ્યે સ્પષ્ટ રીતે બતાવી આપ્યું. આખા ગુજરાતી સાહિત્યમાં **નર્મદ**ના જેવું પ્રેરક ઉત્સાહપૂર્ણ ગદ્ય ને પદે પદે શીલને પ્રતિબિમ્બિત કરતી—શીલ સ્હેજ પણ બદલાય તો તેની સાથે બદલાતી એવી—એના જેવી પારદર્શક શૈલી બીજે ક્યાંએ નહિ મળે.

**નર્મદ**યુગ મુખ્યત્વે કરીને આપણા અર્વાચીન જીવનનો બીજકાળ હતો. જીવનમાં તેમ વાઙ્મયમાં ઉભયમાં અત્યારની ઘણીખરી પ્રવૃત્તિઓનાં બીજ

એ યુગમાં જ નંખાયાં છે અને આ બીજનિક્ષેપના કાર્યમાં **ન**ર્મદ અગ્રેસર હતો માટે જ એ યુગપુરુષના નામનો અધિકારી બન્યો છે. નવલરામે એના આ બીજારોપણકાર્યનું વર્ણન સંક્ષેપમાં છતાં સુંદર શબ્દોમાં આપી દીધું છે એટલે એ જ આંહીં ઉતારી લઇએ: 'સુધારણાનું નામ લેતાં અમને સાંભરી આવે છે કે, **ન**ર્મદાશંકર કવિરૂપે જ નહિ પણ અનેકરૂપે આ જમાનાના એક મુખ્ય અગ્રણી હતા. ગુજરાતી ભાષામાં પ્રથમ કોશકાર, પ્રથમ પિંગળકાર, પ્રથમ રસાલંકારની સમજ આપનાર અને પ્રથમ રૂઢ ગદ્ય લખનાર તે **ન**ર્મદાશંકર જ છે. નોકરીધંધો છોડી કલમને જ પોતાનું સર્વસ્વ જીવન અર્પણ કરવાનું મહામાન **ન**ર્મદાશંકરને જ છે. દેશાભિમાન શબ્દ પહેલવહેલો **ન**ર્મદાશંકરે ગુજરાતી ભાષાને આપ્યો અને તે લાગણીના ઉત્તમ નમુના રૂપ એમનું જીવન હતું. રાજકીય બાબતો ઉપર પહેલવહેલો વિચાર કરનાર ને લખનાર પણ આ કવિ જ, કે જે વેળા આખો સુધારાસાથ માત્ર ઉચ્છેદક સંસારસુધારાની ચર્ચામાં જ ગુંથાએલો હતો. આજકાલ જે આખા **ભ**રતખંડમાં સર્વ ઠેકાણે જમાનાની ઝોક ધર્મસંરક્ષણ તરફ દેખાય છે તેની અસર પણ ગુજરાત ખાતે નાજુક પારદયંત્ર (Barometer)ની પેઠે **ન**ર્મદાશંકરના જ અંતઃકરણ ઉપર થઈ. અને તે થઈ એટલે એણે પોતાનું મતાંતર જાહેર કરવામાં કાંઈ પણ ખોટી લજ્જા ન રાખતાં તે દૃષ્ટિએ જ દેશહિતના વિચાર પ્રબોધનારામાં અગ્રણીપદ ધારણ કર્યું. ટૂંકામાં આ જમાનાની, એટલે પાછલાં ત્રીશ પાંત્રીશ વર્ષમાં ગુર્જર મંડળના ચિન્મય આકાશમાં જે જે લીલાઓ થઈ છે તેની ખરેખરી મૂર્તિ **ન**ર્મદાશંકર છે.' **નં**દશંકરે **સ**રસ્વતીચંદ્રને 'A true child of this age' કહ્યો હતો. પણ કોઈ કાલ્પનિક નહિ પણ વાસ્તવિક ઐતિહાસિક વ્યક્તિને એ નામ આપવું હોય તો તે **ન**ર્મદને જ આપી શકાય એમ છે. **ન**ર્મદ જ એના યુગનો સાચો સંતાન અને સમર્થ વિધાયક હતો.

૩

**ન**ર્મદનું આ સ્વરૂપે અવલોકન કરીએ તો એ આપણને અર્વાચીનતાનો અવતાર જ લાગે છે. એની કૃતિઓ વાંચતાં ઘણીવાર આપણું ચિત્ત

ઉદ્‌ગાર કરી ઊઠે છે કે 'ઓહો! આ વિચાર નર્મદને સ્ફુરેલો? એટલો બધો વહેલો, એ જમાનામાં?' એના ઘણા વિચારો આજની ઘડીએ પણ અદ્યતન લાગે છે. અત્યારે પણ આવશ્યક એવી ઘણી પ્રવૃત્તિઓ એણે આજથી સિત્તેર વરસ પર આદરેલી અથવા મનમાં યોજી રાખેલી. એનાં બે જ દૃષ્ટાંતો જુઓ: એક સુધારાવિષયક ને બીજું સાહિત્યવિષયક. સુધારાનો આખા ગુજરાતમાં ગામેગામ ફરીને પ્રચાર કરવા માટે એણે સુધારાનું એક વ્યવસ્થિત મિશન કાઢવાની યોજના કરેલી, પણ પૂરતાં નાણાં નહિ મળવાથી તેનો અમલ નહિ થઈ શકેલો.[૧૬] એની આ સુધારાપ્રચારની યોજના આજે પણ ઉપયોગી થઈ પડે એવી છે. સાહિત્યવિષયમાં મહાકાવ્યોચિત વિશિષ્ટ વૃત્ત શોધી કાઢવાની અગત્ય સૌથી પહેલી એણે જ દર્શાવેલી, અને 'વીરવૃત્ત' યોજીને એણે એ દિશામાં સૌથી પહેલો પ્રયોગ પણ કરી બતાવેલો. એ પ્રયોગ તો સફળ નથી જ થયો, પણ રા. ન્હાનાલાલના અપદ્યાગદ્યને જન્માવવાનું માન એ પ્રયોગને છે એ એમણે પોતે જ સ્વીકાર્યું છે.[૧૭] નર્મદના જીવન તેમ સાહિત્યનો અભ્યાસ કરીએ છીએ ત્યારે આપણને એનામાં પ્રવર્તમાન જમાનાનું જ હૃદય ધબકી રહેલું અનેક રીતે લાગે છે. ઉદાહરણ તરીકે એનું સ્ત્રીદાક્ષિણ્ય લ્યો. સ્ત્રીઓ તરફ અર્વાચીન માનભાવથી જોનારો પહેલો ગુજરાતી લેખક એ જ છે. ગુજરાતી સાહિત્યમાં 'પ્રિયા'ની વાતો કશા પણ આડપડદા વિના ખુલ્લેખુલ્લી ને સીધેસીધી કહેવાની

---

૧૬ 'એક વખત મારા મિત્ર કરસનદાસ માધવદાસને કહ્યું હતું કે મારી મરજી ગુજરાતમાં ગામોગામ સુધારાનો ઉપદેશ કરવાની છે. મુંબઇમાં એક મિશન ઉભું થાય ને હું તેની તરફથી જાહેરમાં ભાષણ કરૂં, ને એને માટે શાસ્ત્રી, લખનાર વગેરેનું એસટાબ્લિશમેંટ જોઇયે.....' 'મારી હકીકત', ૯,૧૫.

૧૭ 'અને પછી—૧૮૯૪માં વાંચી નર્મકવિતા. ૧૮૯૪માં મુંબઇ નગરીનાં પ્રથમ દર્શન થયાં, રાજર્ષિ દાદાભાઇનાં પ્રથમ દર્શન થયાં, નર્મકવિતાનાં પ્રથમ દર્શન થયાં. . . . ભાષ્ય વિના ન સમજાય એ નર્મદશૈલીની કિલષ્ટતા ત્યહારે ય ખૂંચી. . . . નવો મહાછન્દ શોધવાનું સ્વપ્નું અને મારા તખલ્લુસની પ્રેરણા પણ મ્હને ત્યહાંથી લાધ્યાં.'—'અર્ધશતાબ્દિના અનુભવબોલ', પૃ. ૩૭-૮.

પહેલ એણે જ કરી છે. આ સંબંધમાં એનું 'કુસુદચંદ્ર પ્રેમપત્રિકા' એ કથાકાવ્ય લક્ષમાં લેવા જેવું છે. એમાં એણે નાયિકા કુમુદને કવિતા રચી શકે અને કાવ્યમાં જ પોતાના પ્રિયતમને પત્ર લખી શકે એવી વિદ્વાન સંસ્કારી કલ્પી છે. આ કલ્પના એનો જમાનો જોતાં ખરેખર ખૂબ આગળ વધેલી ગણાય. એવા જ બીજા કથાકાવ્ય 'વજેસંગ ચાંદબા'માં એણે કાવ્યનાયક વજેસંગ જેવા હિંદુ રાજાનું ચાંદબા જેવી મુસલમાન કન્યા સાથે જે પ્રેમલગ્ન કરાવ્યું છે તે આજની દૃષ્ટિએ પણ ઉદ્દામ સુધારાનું જ પગલું લાગે એવું છે. યૂરોપીય ઢબનો પહેલો યથાર્થદર્શી કવિ પણ આપણે ત્યાં નર્મદ જ થયો છે. એના 'રુદનરસિક'માં આજે જગતમાં સર્વત્ર જોવામાં આવતો નગ્ન વાસ્તવાલેખનનો શોખ જ વ્યક્ત થયો છે.[૧૮] આગળ કહેવાઇ ગયું તેમ ગુજરાતી ભાષાનો આદિ કૌતુકપ્રિય કવિ પણ અર્વાચીન યુગમાં તો નર્મદ જ છે. વર્તમાન યુગમાં જે વિષાદ જોવામાં આવે છે, માનવજાતિ પ્રત્યેની અરુચિ ને પ્રકૃતિને ખોળે જઈ શાન્તિ મેળવવાની જે વૃત્તિ આપણામાં જાગી છે તે પણ પહેલવહેલી નર્મદમાં જ દેખાય છે. કલાપીને આપણે આપણા સાહિત્યનો પહેલો વિષાદપ્રિય કવિ ગણીએ છીએ, પણ ખરી રીતે રુદનરસિક નર્મદ એ દિશામાં કલાપીનો પુરોગામી હતો. આવી રીતે અર્વાચીનતાનાં અનેક લક્ષણો સૌથી પહેલાં નર્મદે જ

૧૮ જુઓ તે સંબંધમાં એનો મત: 'ખુબી કરતાં ડાઘ વધારે બતાવવા, કે તેને કહાડી નાખવામાં આવે, એ માહારો ઉદ્દેશ ગ્રંથ લખવાનો છે. કોઇ કહેશે કે સુઘડ નાયકની પાસે નઠારાં કામ ન કરાવવાં, પણ મારો વિચાર એ કે સુઘડ નાયકથી પ્રસંગોપાત્ત નઠારાં કામ થઇ જતાં હોય, તો તે પણ બતાવવાં—સ્વભાવવર્ણન કરવું. કેટલાએક લોક નાટક ને વાર્તામાં વિજોગ પછી છેલીવારે સંજોગ જ આણે છે, પણ એમ જ ન જોઇએ. કેટલીક વાર જુદાઇમાં જ મરણ થાય છે, માટે જે બનતું હોય અથવા બની શકે તેવું હોય તેવું બતાવવું, પણ ન જ બની શકે તેવું હોય તો તેનું વર્ણન કરવું નહીં—લોકને આનંદ પમાડવાને, ગ્રંથને શોભાવવાને અને પોતાની પ્રતિષ્ઠા વધારવાને ગ્રંથકારે સારૂં સારૂં જ લખવું એ મારી નજરમાં દુરસ્ત નથી આવતું.' 'નર્મકવિતા', પૃ. ૪૦૧.

મૂર્ત કર્યાં છે. થોડી નાની બાબતો પણ આના ઉદાહરણ રૂપે યાદ કરી જવા જેવી છે. દાખલા તરીકે આપણે ધારતા હતા કે ૧૮૫૭ના હિંદી સિપાઇઓના વિગ્રહને સ્વાતંત્ર્યયુદ્ધ સૌથી પહેલું ગૂજરાત વિદ્યાપીઠે કહેલું. પણ '**નર્મકવિતા**' ઉઘાડી જોતાં માલૂમ પડે છે કે એ વિગ્રહને સ્વાતંત્ર્યયુદ્ધ રૂપે જોનારો તો સૌથી પહેલો **નર્મદ** જ છે.[૧૯] આપણે ધારતા હતા કે હિંદીને રાષ્ટ્રભાષા કરવાનો વિચાર મહાત્મા **ગાંધીજી**નો હશે, પણ એ વિચાર તો **નર્મદે** એના પત્રોમાં સૌથી પહેલો પ્રકટ કર્યો છે. આપણે ધારતા હતા કે નાગરી લિપિનો પ્રશ્ન હજુ હમણાંનો જ છે, પણ એ વાત **નર્મદ**ના કોશની મુખમુદ્રામાં સૌથી પહેલી વાર જોવામાં આવે છે. આપણે ધારતા હતા કે 'કોઇએ નહોતી કીધી' એવી વાતો શ્રી દક્ષિણામૂર્તિ ભવન જ પહેલી વાર કહી શકતું હશે, પણ એવી વાતો સૌથી પહેલી નર્મદે જ '**રુદનરસિક**'માં કહેલી. આપણે ધારતા હતા કે કામમીમાંસાનો રસ એ તો આજકાલની જ વિશિષ્ટતા છે, પણ **નર્મદ**નાં લખાણો વાંચ્યા પછી આપણને લાગે છે કે **નર્મદ** એ વિષયનો જબરો રસિયો હતો, અને આજે જો એ વિદ્યમાન હોત તો એ અચૂક કામમીમાંસાનો મહાન આચાર્ય થઇ બેઠો હોત. આપણે ધારતા હતા કે કાઠિયાવાડના બહારવટિયાઓની જીવનકથામાં સૌથી પહેલો રસ રા. **મેઘાણી**ને જ પડ્યો છે,

---

૧૯ એના જ શબ્દો:

રાજવંશિ તે ખરો, ખરો ખટપટિયો ન્હાનો,
ગુપ્ત રહિને કર્યાં, જીવસટ્ટાનાં કામો.
રણશૂરો નહિ તેહ, વળી બહુ દુષ્ટ લખાયો;
હું ના માનું વાત, ઘણે વેશે દેખાયો!
રણજોદ્ધો પ્રખ્યાત, **તાતિયાટોપી** ટેડો;
ગભરાવ્યા અંગ્રેજ, લઇ એઓનો કેડો.
બલિહારી છે ગાઉ, **ઝાંસીની રાણી** તુંને;
કર્યું પરાક્રમ વીર, તુંથિ છે જસ હિંદુને.

('**નર્મકવિતા**', પૃ. ૩૨૬.)

પણ નર્મદના પત્રોમાં ઉલ્લેખ છે કે એવી કથાઓ એકઠી કરવા એણે યત્ન આદરેલો.[૨૧] આપણે ધારતા હતા કે પ્રાચીન કાવ્યો પ્રકટ કરવાનો મનસૂબો સૌથી પહેલો સ્વ. હરગોવિંદદાસ કાંટાવાળાને થએલો, પણ 'નર્મગદ્ય' કહે છે કે રૂ. ૨૫૦૦૦)ની થાપણ એકઠી કરી તેમાંથી પ્રાચીન કાવ્યોનું વ્યવસ્થિત રીતે પ્રકાશન કરવાનો મનસૂબો સૌથી પહેલો નર્મદે કરેલો અને તે બાબતનું બોધપત્ર ('પ્રોસ્પેક્ટસ') પણ એણે છપાવેલું.[૨૨] આપણે ધારતા હતા કે ગુજરાતી સાહિત્યમાં પોતાની ધર્મપત્નીને ગ્રંથાર્પણ કરવાનું દાક્ષિણ્ય સૌથી પહેલું દર્શાવ્યું તે રા. ન્હાનાલાલ કવિએ, પણ 'નર્મકવિતા' ઉઘાડીને જોઇએ છીએ તો નર્મદે પોતાનો 'નાયિકાપ્રવેશ' 'તાપહરણિ રમણી પ્રિયા' એવી પોતાની 'ઉત્તમ નાયિકા ડાહી'ને અર્પણ કરેલો. આમ નાનીમોટી અનેક વાતોમાં જ્યાં જુઓ ત્યાં પહેલ નર્મદે જ કરી છે.

આ સઘળું સંભારતાં, નર્મદ, અમને તો વિચાર થાય છે કે અમારે તે તને કયે રૂપે પૂજવો? તને તે નવયુગના અરુણરૂપે પૂજવો, અસાધારણ સત્યમૂર્તિરૂપે પૂજવો, વીર યોદ્ધારૂપે પૂજવો, સ્વાતંત્ર્ય ને સ્વદેશાભિમાનના ગાયકરૂપે પૂજવો, સુધારાના સેનાનીરૂપે પૂજવો, સર્વાંગી સાહિત્યસર્જકરૂપે પૂજવો કે અર્વાચીનતાના અવતારરૂપે પૂજવો? અને આટલી બધી વિવિધતાઓ છતાં पादोऽस्य विश्वाभूतानि त्रिपादस्यामृतं दिवि એની પેઠે આ સકલ અંગોમાં પણ તારા વિશાલ વ્યક્તિત્વનો અંશમાત્ર જ આવ્યો છે, અને તારૂં પૂર્ણ વ્યક્તિત્વ તો તારી આવી અનેકવિધ પ્રવૃત્તિઓ—કૃતિઓથી પણ પર જ રહ્યું છે. કોઇ ખંડમાં ઝળહળતો દીવો બળી રહ્યો હોય ને તેની નાનીનાની બારીઓમાંથી થોડોથોડો પ્રકાશ નજરે પડે એના જેવી તારી આ બધી પ્રવૃત્તિઓની સ્થિતિ લાગે છે, અને તારૂં અલૌકિક વ્યક્તિત્વ તો આ સઘળાં

---

૨૧ જૂનાગઢના કોઇ લક્ષ્મીરામ નામે જુવાન પરના પત્રમાં એણે 'કાઠિયાવાડમાં થએલા બહારવટિયા સંબંધી વાતો (તેના વરસ સાથે) એકઠી' કરવા સૂચવેલું. (જુઓ 'નર્મપત્રાવલિ', 'ગુજરાતી', દિવાળી ૧૯૧૯, પૃ. ૧૭૪૪).

૨૨ 'જૂનું નર્મગદ્ય', પૃ. ૪૫૧.

નાનાંમોટાં કામો પ્રતિબિંબિત કરે છે તેના કરતાં અનેકધા મહાન છે એવી પ્રતીતિ અમને પગલે પગલે થયા કરે છે. વીર નર્મદ! અમ વહેંતિયાના મુલકમાં અમારે ઘણી વાર એવું કરવું પડે છે કે મહાપુરુષ ન હોય તે છતાં, મહાપુરુષની પૂજાની ભૂખ તો અમને સ્વાભાવિક રીતે જ હોય એટલે 'ઘરદીવડા શા ખોટા?' એમ મન મનાવીને, અમારે મહાપુરુષ ન હોય તેવાને પણ મહાપુરુષ કરી બેસાડી દેવા પડે છે અને તેમની પૂજા કરવી પડે છે, પણ તને આજે પૂજીએ છીએ તે 'ઘરદીવડા શા ખોટા?' એ ભાવે અમે પૂજતા નથી. તું તો સાચેસાચ વ્યોપદીપ રવિરાજ હતો એમાં અમને રજમાત્ર શંકા નથી. કોઈ પણ દેશમાં થયો હોત તોપણ અત્યારે પૂજાય છે તેથી ઓછો નહિ પણ અધિક જ પૂજાયો હોત. સર્વતોમુખી નર્મદ! પ્રચંડકાય પુરુષ! તારા અદ્દભુત વ્યક્તિત્વનો વિચાર કરતાં તો એક જ ઉદ્દગાર નીકળી પડે છે કે

શું શું સંભારું ને શી શી પૂજું પુણ્ય વિભૂતિઓ?
પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે!